દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 283 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 December 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




Velvet Vacations
By: NOVEX COMMUNICATIONS

# યુરોપ

IATA
VEG JAIN




COMING SOON .... ટ્રાવેલ ફીલ્ડ મા પહેલી વાર, ભવ્ય સિનેમાગૃહ ની વિશાળ સ્ક્રીન પર, વેલ્વેટ વેકેશન્સ નુ ૬૦ મિનિટ નુ પ્રેઝન્ટેશન - STAY TUNED...



યુરોપ ની એક યાદગાર ટુર ના સપના ને સાકાર કરવા માટે ... ફેમિલી દીઠ ૧૫ થી ૨૦ લાખ નો ખર્ચો કરી ... દરેક કચ્છી - વાગડ - ગુજરાતી અને રાજસ્થાની પરિવારો, પસંદ કરતા હોય છે, એક જવાબદાર અને પારદર્શક ટુર ઓપરેટર.

અમે ગર્વ થી કહી શકીએ કે ૨૦૨૫ માં ૪૫૦ પ્રવાસી મિત્રો એ માણી, **વેલ્વેટ વેકેશન્સ** સાથે યુરોપ ની અભૂતપૂર્વ અને પૈસા વસુલ ગ્રુપ ટુર.

કોણ પહેલા - કોણ છેલ્લા ... કોણ જુના - કોણ નવા ... કોણ પાયોનીયર - કોણ અનુભવી વગેરે વગેરે ના ચિક્કાર બુમ-બરાડાઓ વચ્ચે...વેલ્વેટ વેકેશન્સ સાબિત થઈ ગઇ પ્રવાસીઓ ની સૌથી લોકપ્રિય ટ્રાવેલ કંપની (સર્વીસ બાબતે)..

યુરોપ ટુર ની ઉંડાણપુર્વક તપાસ કરનાર "સમજદાર પ્રવાસીઓ" એ કદર કરી વેલ્વેટ વેકેશન્સ ની પ્રમાણીકતા ને ... જેમ કે **TGV TRAIN - 4 MOUNTAINS** - આલાગ્રાન્ડ ફુડ સર્વીસ જેવા સમાવેશ..

**જે અન્યો માટે, આજે પણ અસંભવ જ છે.**

INTERLAKEN

વાત તો ૫૦૦% સાચ્ચી કે .. **ઇન્ટરલેકન** એટલે HEART OF SWITZERLAND, પણ પણ પણ પહેલા ચેક કરો કે ઇન્ટરલેકન માં કેટલી રાત્રી નો મુકામ ?? સ્વીટઝરલેંડ માં 3 + ૨ નો "સ્ટે બ્રેક" એટલે કહેવાય ચાતુર્ય પૂર્વક કરેલી કાપકુપ ... ફક્ત **વેલ્વેટ વેકેશન્સ** સાથે માણો **ઇન્ટરલેકન** માં સળંગ 5 રાત્રી નો બાદશાહી મુકામ.
(આદરણીય મોટાભાઇ ..આ સૌથી મોંઘુ ડેસ્ટીનેશન છે)

## ૨૦૨૬ માં નવુ શું ભાઇસાબ ?

અમારા ચાહક પ્રવાસીઓ દ્વારા, અમને આપેલ **"મોસ્ટ ક્રીયેટીવ ટુર ઓપરેટર ઓફ પેકેજ ટુર ઇન્ડસ્ટ્રી"** ના બીરુદ નુ માન રાખતા, અમે સહર્ષ પ્રસ્તુત કરીએ છીએ ... ઐતિહાસિક સુવિધા -
**“BUTLER SERVICE”**

સમગ્ર ટુર માં ... લાંબી બસ મુસાફરી દરમિયાન .. માણો વેલ્વેટ વેકેશન્સ ની **“અસ્સલ મહેમાનગતિ”**..
ટ્રાવેલ માર્કેટ ના ઇતિહાસ માં સૌપ્રથમ વખત **બટલર સર્વીસ**

• UNLIMITED સોફ્ટ ડ્રીંક્સ • સુકા મેવા • ફ્રેશ ફ્રુટ્સ • કુકીઝ
• હોમ મેડ શુગર ફ્રી મીઠાઇઓ • બ્રાન્ડેડ હેલ્ધી મન્ચીંગસ વગેરે ની મેજબાની
• મુંબઈ - ગુજરાત ના પ્રખ્યાત સુકા નાસ્તા.

ટુર બુકિંગ તપાસ દરમિયાન જ ... ફીલ કરો અમારી પર્સનલાઇઝડ સર્વીસ ની ગુણવત્તા

### BEST OF EUROPE
16 N / 17 D
- NETHERLAND
- BELGIUM
- FRANCE
- SWITZERLAND
- LIECHTENSTEIN
- AUSTRIA
- ITALY

HOT SELLING
### JEWELS OF EUROPE
12 N / 13 D
- NETHERLAND
- BELGIUM
- FRANCE
- SWITZERLAND
- AUSTRIA

### WONDERS OF EUROPE
08 N / 09 D
- SWISS
- PARIS

PRANAV

કમલેશ: +91 8108012096 | પ્રતિક્ષા: +91 8424006080
કુનાલ: +91 8422820391 | ચેતન: +91 8108013951

OPENING SOON BRANCH OFFICE @ KANDIVALI WEST

NOVEX ENCOURAGES COPYRIGHT COMPLIANCE.

R-WING, (G2) ગ્રાઉન્ડ ફ્લોર, રેમી બિઝ કોર્ટ, પ્લોટ નં 9, શાહ ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ઓફ. વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - 400058.

Skyline Holidays

# જૂનાગઢમાં પ્લાસ્ટિક ખાતા હરણના વીડિયો અંગે વન ખાતાના પ્રધાને કરી સ્પષ્ટતા

જૂનાગઢ: જૂનાગઢ શહેરમાં ગિરનાર પર્વત પાસે બે-ત્રણ હરણ કચરાના ઢગલામાંથી પ્લાસ્ટિક ખાતા હોય તેવો વીડિયો અમુક દિવસો પહેલા વાયરલ થયો હતો. સોશ્યલ મીડિયા પર આ વીડિયો પોસ્ટ થતાં વન્યજીવપ્રેમીઓએ રોષ ઠાલવ્યો હતો અને વન્યપશુઓની સુરક્ષા અંગે સવાલો કર્યા હતા. મુકેશ ખુંટ નામના એક સોશ્યલ મીડિયા યુઝર દ્વારા આ વીડિયો શેર કરવામાં આવ્યો હતો અને ગીર વિસ્તારમાં પ્લાસ્ટિકને પ્રતિબંધિત કરવાના હાઈ કોર્ટેના આદેશ છતાં આવી સ્થિતિ છે અને પશુપ્રેમીઓ માટે આ દૃશ્યો હચમચાવી નાખનારા છે, તેમ તેમણે લખ્યું હતું. ત્યારબાદ રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીએ પણ આ વીડિયો દુઃખ આપનારો અને ચિંતા જગાવનારો હોવાનું જણાવ્યું હતું. આ વીડિયો વાઇરલ થતાં ગુજરાતના વનવિભાગના કેબિનેટ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ સ્પષ્ટતા કરવાની ફરજ પડી હતી. તેમણે જણાવ્યું હતું કે કચરાના ઢગથી ભરેલી આ જગ્યા એક ખાનગી પ્લોટ છે. જ્યારે આ બાબત વીડિયો દ્વારા ધ્યાનમાં આવી ત્યારે જૂનાગઢ મહાનગરપાલિકાએ વિસ્તારને તાત્કાલિક સાફ કરાવી દીધો હતો. આ સાથે પ્લોટના માલિક પર દંડ ફટકારવા આવશે અને આવી ઘટના ફરી ન બને તેના માટે વિશેષ ધ્યાન રાખવામાં આવશે, તેમ તેમણે જણાવ્યું હતું. જોકે સરકાર અને તંત્ર પોતાની ફરજ બજાવે તે સાથે પર્યટકો અને સામાન્ય જનતાએ પણ ગમે ત્યાં કચરો ન ફેંકતા વધારે જવાબદારીથી વર્તવાની જરૂર છે.

# આંતરારાજ્ય સાયબર ફ્રોડ કેસમાં ભાવનગરના એનએસયુઆઈ પ્રમુખની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની સાયબર ક્રાઇમ શાખાએ ભાવનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અર્શમાન ખાન જોરાવર ખાન શુક (બલુચ) ની ધરપકડ કરી હતી, જે કથિત રીતે આંતરરાજ્ય સાયબર ફ્રોડના ગુનામાં સંકળાયેલો છે. અર્શમાનએ કથિત રીતે આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઇમ સિન્ડિકેટને બેંક ખાતા પૂરા પાડ્યા હતા અને હવાલા વ્યવહારો દ્વારા ભારે કમિશન મેળવ્યું હતું, તેમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

૧૦૭ ફ્રેન્કલિન ટેમ્પલટન ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી નામના નકલી વોટ્સએપ ઇન્વેસ્ટમેન્ટ ગ્રૂપમાં જોડાયા બાદ અમદાવાદના એક રહેવાસી સાથે રૂ. ૫૦.૫૦ લાખની છેતરપિંડી થયાની ફરિયાદની તપાસ દરમિયાન આ ધરપકડ કરવામાં આવી હતી. ફેલિસિટી વોલ્શ, જેફ મેસન અને ફ્રેન્કલિન ટેમ્પલટન (બી-એચએનઆઈ) નામથી કાર્યરત વ્યક્તિઓએ પીડિતને છેતરપિંડીવાળી એપ ડાઉનલોડ કરવા અને આઈપીઓ અને શેરમાં રોકાણ કરવા માટે લલચાવ્યા હતા. પીડિતે પચાસ લાખ રૂપિયાથી વધુ ઘણા બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા, જેમાંથી ફક્ત રૂ. ૩ લાખ પરત મળ્યા હતા.

પોલીસે પૈસાની તપાસ કરતા, તેમને જાણવા મળ્યું કે શહેરના એક રહેવાસીના બેંક ખાતામાં રૂ.૨,૯૯,૦૦૦ જમા કરવામાં આવ્યા હતા. તેણે પોલીસને જણાવ્યું કે તેણે જુનેદ મકુફભાઈ નામના વ્યક્તિને ચેક આપ્યો હતો, જેણે કહ્યું હતું કે કે તેણે આંગડિયા રૂટ દ્વારા અર્શમાનને પૈસા આપ્યા હતા.

આ માહિતી સાથે પોલીસ ભાવનગર પહોંચી હતી અને અર્શમાનની ધરપકડ કરી હતી. અર્શમાન બાંધકામ અને સોનાના વેપારનો વ્યવસાય કરે છે અને રાજકીય વર્તુળોમાં ભાવનગર જિલ્લા નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઆઈ) જે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ છે, તેના પ્રમુખ તરીકે જાણીતો છે.

આ સાથે તપાસમાં જાણવા મળ્યું હતું કે અર્શમાનના દુબઈ અને ચીનસ્થિત આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ નેટવર્ક સાથે સંબંધો હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તેણે અલગ અલગ વ્યક્તિઓના ૧૧ બેંક ખાતાઓ માટે દસ્તાવેજો પૂરા પાડ્યા હતા અને તે સારું કમિશન કમાતો હતો. તેની મોડસ ઓપરેન્ડીમાં કેટલાક નાણાને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરવાનો પણ સમાવેશ થતો હતો અને પછી તેને વિદેશી ગેંગને ટ્રાન્સફર કરતો હતો.

ગુજરાત, તમિલનાડુ, રાજસ્થાન, તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં નોંધાયેલી ૨૭ સાયબર ક્રાઇમ ફરિયાદોમાં તેની સંડોવણી બહાર આવી હોવાનું પણ પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. પોલીસે ગુનામાંથી મળેલી રકમમાંથી એકઠી કરેલી સંપત્તિ પણ જપ્ત કરી છે, જેમાં બીએમડબલ્યુ, ફોર્ચ્યુનર, થાર અને ઇનોવા જેવી અનેક લક્ઝરી કારનો સમાવેશ થાય છે. આ સાથે તેણે થોડા મહિનાઓમાં જ મોટું રોકાણ કર્યું હોવાનું પણ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આ કેસમાં હજુ વધારે લોકોની સંડોવણી બહાર આવી શકે તેમ છે, તેમ પણ પોલીસે જણાવ્યું હતું.

# રાજ્યમાં ખાતરનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાની સરકારની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ખેડૂતોને ખાતરની અછત હોવાના અહેવાલોને રાજ્ય સરકારે નકાર્યા છે. સરકારે સ્પષ્ટતા કરી હતી કે ગુજરાતમાં રવિ ઋતુમાં રાજ્યના દરેક ખેડૂતને સમયસર અને પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ થઇ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાતર વિતરણનું સુદઢ આયોજન કરવામાં આવ્યું છે. હાલ રાજ્યમાં ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે, જેથી ખેડૂતોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. ભારત સરકારે રવિ ઋતુ માટે રાજ્ય સરકારને જરૂરિયાત મુજબનો પૂરતો ખાતરનો જથ્થો ફાળવ્યો હોવાથી ખેડૂતોને જરૂરિયાત મુજબ જ ખાતર ખરીદવા તથા વણજોઈતી ખરીદી ન કરવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં હાલ દરેક જિલ્લાની જરૂરિયાતને ધ્યાને રાખીને સપ્લાય પ્લાન મુજબ ખાતરનો જથ્થો વિવિધ જિલ્લામાં વિતરણ કરવામાં આવી રહ્યો છે. ચાલુ રવિ ઋતુમાં એટલે કે, ઓક્ટોબર-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ના સમયગાળા માટે ભારત સરકારે ગુજરાત માટે યુરિયા ખાતર કુલ ૧૩.૯૦ લાખ મેટ્રિક ટન અને ડી.એ.પી ખાતરના ૨.૯૦ લાખ મેટ્રિક ટન જથ્થાની ફાળવણી મંજૂર કરી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૫.૪૮ લાખ મેટ્રિક ટનથી વધુ યુરિયા અને ૨.૧૮ લાખ મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતર રાજ્યમાં ઉપલબ્ધ થયું છે.

ગુજરાતમાં ચાલુ રવિ સિઝન દરમિયાન અત્યાર સુધીમાં ખેડૂતો દ્વારા કુલ ૩.૪૪ લાખ મેટ્રિક ટનથી વધુ યુરીયા ખાતર અને ૧.૬૮ લાખ મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતરનો વપરાશ કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મળીને કુલ ૨.૦૮ લાખ મેટ્રિક ટનથી વધુ યુરિયા ખાતરનો અને ૪૯ હજાર મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતરનો જથ્થો ખેડૂતો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યમાં આશરે ૧૨,૫૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતર રેલવે રેકના માધ્યમથી વિવિધ જિલ્લાઓમાં સપ્લાય કરવામાં આવ્યું છે, જે પૈકી હાલમાં જુદા-જુદા સાત રેક પોઈન્ટથી યુરિયા ખાતરનો સપ્લાય ચાલુ છે. આગામી અઠવાડિયામાં પણ અંદાજે ૨૨,૦૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતરનો સપ્લાય કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે, જેથી રાજ્યના દરેક ખેડૂતને પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ થઇ શકે, તેવી સ્પષ્ટતા સરકારે અખબારી યાદી દ્વારા કરી હતી.

# વડોદરાના પાદરામાં બે અકસ્માત, એકનું મોત એકને ગ્રામજનોએ બચાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લાના પાદરા ગામમાં માર્ગ અકસ્માતની બે ઘટના પ્રકાશમાં આવી હતી, જેમાં એક ઘટનામાં ૨૪ વર્ષીય યુવાનનું મોત થયું હતું જ્યારે અન્ય એક ઘટનામાં કારચાલકને ગ્રામજનોએ બચાવી લીધો હતો.

અકસ્માતની મળતી વિગતો અનુસાર મહાકાળી મંદિર પાસેથી ધુમિલ પટેલ નામનો એક ૨૪ વર્ષીય યુવાન બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે તેને પુરપાટ આવતા એક ડમ્પરે ટક્કર મારી હતી અને યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. યુવાનને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. યુવાન મિત્રના લગ્નપ્રસંગે યોજાયેલા રાસગરબામાં ભાગ લેવા જઈ રહ્યો હતો અને આ રીતે તેનું મોત થતા પરિવાર અને મિત્રોમાં શોક ફેલાઈ ગયો હતો. પોલીસે ડમ્પરચાલકની શોધ શરૂ કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જ્યારે અન્ય એક ઘટનામાં વડોદરા-પાદરા રોડ પર આવેલા સમીયાલા ગામ નજીક એક કારચાલક નશાની હાલતમાં કાર ચલાવી રહ્યો હતો અને કાર પરનો કાબૂ ગુમાવી ડિવાઈડર પર કાર ચડાવી દીધી હતી. આ સાથે તે કારનો દરવાજો ખોલવામાં પણ અસમર્થ હતો. જોકે ગ્રામજનોએ તેને જોઈ લેતા દરવાજો તોડી બાહર કાઢ્યો હતો અને આ સાથે ઈમરજન્સી નંબર ૧૧૨ પર ફોન કરી પોલીસને ઘટનાસ્થળ પર બોલાવી હતી. બન્ને કેસમાં પોલીસે તપાસ આગળ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગાંધીનગર કોર્પોરેશને પાળતુ શ્વાનનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહાનગરપાલિકા (જીએમસી)એ પાળતુ શ્વાન (પેટ ડોગ્સ) માટે રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવ્યું છે. શહેર ખાતે મળેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગેના નવા નિયમોના સેટને મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદમાં પાળતુ શ્વાનના કરડવાના બનાવો બાદ ગાંધીનગરમાં આવી ઘટનાઓ અટકાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને નિયમો કડક બનાવ્યા છે. જોકે, પાળતુ શ્વાનનું રજિસ્ટ્રેશન ૧ જુલાઈ, ૨૦૨૫થી શરૂ થઈ ગયું હતું, પરંતુ હવે કમિટીની મંજૂરી મળતાં નિયમોનો અમલ શરૂ કરવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

નવા નિયમો હેઠળ શ્વાન માલિકોની જવાબદારી સ્પષ્ટપણે નક્કી કરવામાં આવી છે. કુલ ૧૪ નિયમો ઘડવામાં આવ્યા છે, જે અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવવા માટે માલિકે શ્વાનનું રસીકરણ પ્રમાણપત્ર, શ્વાન અને માલિકના ફોટોગ્રાફ્સ, માલિકનો આધાર કાર્ડ અને રૂ.૨૦૦ની રજિસ્ટ્રેશન ફી જમા કરાવવી પડશે. આ ઉપરાંત, માલિકોએ તેમના પાળતુ શ્વાનને પૂરતું પોષણ અને સંભાળ પૂરી પાડવાની પણ ખાતરી આપવી પડશે. જો માલિક આ જવાબદારીઓનું પાલન કરવામાં નિષ્ફળ જશે, તો 'ક્વોલિટી ઓફ એનિમલ એક્ટ' હેઠળ તેમની સામે કાર્યવાહી થઈ શકે છે.

કોર્પોરેશને વધુમાં જણાવ્યું છે કે જો પાળતુ શ્વાન કોઈ રહેવાસી કે રાહદારીને નુકસાન પહોંચાડશે, તો તેની સંપૂર્ણ જવાબદારી શ્વાન માલિકની રહેશે. આ નિયમો ખાસ કરીને જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પાળતુ શ્વાનને ઘરની બહાર લઈ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ સાથે જ જો શ્વાન જાહેર વિસ્તારોમાં મળત્યાગ કરે કે અન્ય કોઈ અસુવિધા ઊભી કરે, તો તેવા કિસ્સાઓમાં પણ માલિકો જવાબદાર ગણાશે. આ નિર્ણય ગાંધીનગરને રેબીસ-મુક્ત અને વધુ સુરક્ષિત શહેર બનાવવા તરફનું એક મહત્વનું પગલું છે, તેમ પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું.

# કોમનવેલ્થ ગેમ્સની તૈયારી માટે મોદી સ્ટેડિયમ પાસે ડિમોલિશન હાથ ધરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાની છે, જેના કારણે અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બાજુમાંથી પસાર થનારા ટીપી રોડને ખોલવાની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવી હતી. મોટેરા વિસ્તારમાં બળદેવનગરમાં આવેલાં મકાનોને તોડવામાં આવ્યાં હતાં. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મનપા દ્વારા કુલ બાવીસ મકાન તોડી પાડવામાં આવ્યાં છે. જેમાંથી ૭ જેટલા ઘર સ્થાનિકોએ જાતે જ તોડી પાડ્યાં હતાં, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

મોટેરા બળદેવનગરનાં ૨૯ જેટલાં મકાનો ટીપી રોડમાં આવતાં હોવાના પગલે નોટિસ આપીને ખાલી કરવા માટેની સૂચના આપવામાં આવી હતી. છતાં પણ રહીશોએ મકાન ખાલી નહોતાં કર્યાં. તે લોકોએ હાઇ કોર્ટમાં અરજી કરી પરંતુ કોર્ટે નકારી દીધી હતી. સાબરમતી વિસ્તારમાંથી પસાર થતા ૨૪ મીટર પહોળાઈનો ટીપી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. આ ટીપી રોડ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે કોમનવેલ્થ ગેમ્સ માટે બનનારા એક્વાટિક સ્ટેડિયમ નજીક ખૂલશે.

# અમદાવાદના વાસણામાં યુવતીએ પાંચમા માળેથી કૂદીને આપઘાત કર્યો, કારણ અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં ફરી એકવાર એક યુવતીએ આત્મહત્યા કર્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. શહેરના વાસણાના ગુપ્તાનગર વિસ્તારમાં આવેલા સિદ્ધિવિનાયક બિલ્ડિંગના પાંચમા માળેથી કૂદીને યુવતીએ આપઘાત કર્યો હતો. યુવતી સાંજે પાંચ વાગ્યાની આસપાસ બિલ્ડિંગમાં પ્રવેશી અને ગણતરીની મિનિટોમાં જ ૫મા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. આ યુવતીએ બિલ્ડિંગમાં આવતા પહેલા રજિસ્ટરમાં એન્ટ્રી કરી હતી, પરંતુ તેમનું નામ સ્પષ્ટપણે દેખાતું નથી. આ મામલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

યુવતી જે ઓફિસના કામથી આવી હતી એ ઓફિસ પણ બંધ હતી. જેથી પોલીસને અનેક પ્રકારની થિયરી પર કામ કરી રહી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ એકઠા કર્યા છે, પરંતુ કોઈ સ્યૂસાઈડ નોટ મળી આવી ન હતી. આ કેસમાં પોલીસે પ્રાથમિક તપાસના આધારે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. થોડા દિવસો પહેલા સુરતમાં એક ફિઝિયોથેરેપિસ્ટ યુવતીએ નવમા માળેથી ઝપલાવી આત્મહત્યા કરી હતી. બીજી બાજુ ચાંદખેડા વિસ્તારમાં એક પારિવારિક ઝગડામાં પુત્રએ પિતા સામે પોલીસ ફરિયાદ નોંધવાની વાત કરતા દુઃખી થયેલા પિતાએ પોલીસ સ્ટેશનના ધાબા પરથી જ ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી.

# પીએસઆઈ અને એલઆરડીની ૧૩ હજારથી વધુ જગ્યાઓ પર ભરતીની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસ ભરતી વિભાગ દ્વારા પોલીસ ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને લોકરક્ષક દળ કેડરની ૧૩ હજાર કરતાં વધુ પદ પરની ભરતી જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાત અનુસાર, પીએસઆઈ કેડરની કુલ ૮૫૮ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૬૫૯ જગ્યાઓ, હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૧૨૯ જગ્યાઓ તેમજ જેલર ગ્રૂપની ૭૦ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. પીએસઆઈના પદ માટે સ્નાતક કક્ષાને શૈક્ષણિક લાયકાત ગણવામાં આવશે.

આ સાથે લોકરક્ષક દળની કુલ ૧૨૭૩૩ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૬૯૪૨ જગ્યાઓ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૨૪૫૮ જગ્યાઓ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૩૦૦૨ જગ્યાઓ, જેલ સીપોઇ (પુરુષ)ની ૩૦૦ જગ્યાઓ તેમજ જેલ સીપોઇ (મહિલા/મેટ્રન)ની ૩૧ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. કોન્સ્ટેબલ પદનું ફોર્મ ભરવા માટે શૈક્ષણિક લાયકાત ૧૨ પાસ રહેશે.

પીએસઆઈ અને લોકરક્ષક દળની ભરતી અંગે ઓજસ ગુજરાતની વેબસાઈટ તેમજ પોલીસ ભરતી બોર્ડની વેબસાઇટ પરની સૂચના ધ્યાને લેવાની રહેશે. આ પદ માટે તારીખ ૦૩ ડિસેમ્બર, ૨૦૨૫થી ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ ભરતી માટે માત્ર ઓનલાઈન જ અરજી કહેવાની રહેશે. બાકી કોઈ પણ પ્રકારે મોકલેલી અરજી સ્વીકારવામાં આવશે નહીં તેવું પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.

# અમદાવાદની હવા દિલ્હી જેટલી જ ઝેરી, શ્વાસની બીમારીઓ વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં અત્યારે હવાનું પ્રદૂષણ સતત વધી રહ્યું છે. અમદાવાદનો હવા ગુણવત્તા સૂચકાંક એટલે કે એક્યુઆઈ સતત ગંભીર શ્રેણીમાં રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે શુક્રવારે રાત્રે અમદાવાદનો એક્યુઆઈ ૩૫૦ પર પહોંચી ગયો હતો. આ સાથે શનિવારે સૌથી વધુ એક્યુઆઈ ૩૧૩ હતો. જોકે રવિવારે એક્યુઆઈ ૧૬૮ નોંધાયો હતો, પરંતુ તે પણ હાનિકારક શ્રેણીમાં જ ગણવામાં આવે છે. એક્યુઆઈના આ લેવલમાં શ્વાસ લેવો એટલે ૫.૬ સિગારેટ પીવા બરાબર હોવાનું નિષ્ણાતો જણાવે છે.

આંકડાની વાત કરવામાં આવે તો, અમદાવાદ શહેરમાં શનિવારે પીએમ ૨.૫ સ્તર ૧૦૦, પીએમ ૧૦ ૧૨૦, જ્યારે કાર્બન મોનોક્સાઇડ ૧૦૦૦ પીપીબી નોંધાયું હતું, જે હવાની નબળી ગુણવત્તા દર્શાવે છે. વિસ્તાર પ્રમાણે જોઈએ તો, બોડકદેવમાં ૧૮૭ એક્યુઆઈ, ચાંદખેડામાં ૧૮૩ એક્યુઆઈ, ઘુમામાં ૧૮૯ એક્યુઆઈ, મણિનગરમાં ૧૭૭ એક્યુઆઈ, રામદેવનગરમાં ૧૭૯ એક્યુઆઈ, એસરો-બોપલમાં ૧૮૪ એક્યુઆઈ, સેટેલાઇટમાં ૧૮૩ એક્યુઆઈ, શાહીબાગમાં ૧૮૩ એક્યુઆઈ, થલતેજમાં ૧૯૩ એક્યુઆઈ, ઉસ્માનપુરામાં ૧૮૫ એક્યુઆઈ, એરપોર્ટ વિસ્તારમાં ૧૯૩ એક્યુઆઈ, સીપી નગરમાં ૧૮૭ એક્યુઆઈ નોંધાયો હતો.

પ્રદૂષિત હવાના કારણે લોકોના સ્વાસ્થ્ય પર અસર દેખાવા લાગી છે. અમદાવાદ શહેરમાં ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ દર્દીઓમાં ૧૦ થી ૧૨ ટકાનો વધારો નોંધાયો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ઘણા સીઓપીડી દર્દીઓને તબીબી તપાસ બાદ જ અન્ય રોગોની ખબર પડે છે. શહેરમાં વૃદ્ધોએ પ્રદૂષણથી સાવચેત રહેવાની જરૂર છે. ડોક્ટરો દ્વારા પણ અપીલ કરવામાં આવી હતી કે, શ્વાસ સંબંધિત કોઈ પણ રોગ જણાય તે સત્વરે હોસ્પિટલ જઈને સારવાર લેવી જોઈએ.

# એસઆઈઆરની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનારા ૪૪ બીએલઓનું સન્માન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદ જિલ્લામાં એસઆઈઆરની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનારા ૪૪ બૂથ લેવલ ઓફિસરનું કલેક્ટર કચેરી આણંદ ખાતે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. ૪૪ બીએલઓને પ્રમાણપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યાં હતાં. આ ૪૪ બૂથ લેવલ ઓફિસરમાં ખંભાત વિધાનસભા મત વિભાગના ૧૫ બીએલઓ, બોરસદના ૦૪ બીએલઓ, આંકલાવના ૦૪ બીએલઓ, ઉમરેઠના ૦૬ બીએલઓ, આણંદના ૦૪ બીએલઓ, પેટલાદના ૦૫ બીએલઓ અને સોજીત્રા વિધાનસભા મત વિસ્તારના ૦૬ બીએલઓનું જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરી દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જે બીએલઓએ એસઆઈઆરની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી છે તેમને અભિનંદન પણ પાઠવ્યાં હતાં. આ સાથે અન્ય બીએલઓને તેમની બાકી રહેતી કામગીરીમાં મદદરૂપ બનવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન અનેક અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

દરમિયાન એસઆઈઆરની કામગીરી માટે સરકાર દ્વારા સમય મર્યાદા વધારી હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આગામી તારીખ ૧૧ ડિસેમ્બર સુધીમાં બીએલઓ દ્વારા એસઆઈઆરની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. તારીખ ૧૬ ડિસેમ્બરથી ૦૭ ફેબ્રુઆરી દરમિયાન વાંધા અરજી અને સુનાવણીની પ્રક્રિયા ચાલશે અને ૧૪ ફેબ્રુઆરીના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

# સુશોભિકરણ બાદ અમદાવાદનું વસ્ત્રાપુર તળાવ ખુલ્લુ મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરનું જાણીતું વસ્ત્રાપુર તળાવ સુશોભિકરણની કામગીરી બાદ ફરી એકવાર લોકો માટે ખુલ્લું મૂકવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રિડેવલપમેન્ટનું કામ પૂર્ણ થઈ ગયું હોવાથી, આ રમણીય સ્થળનું ઉદ્દઘાટન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં થવાની શક્યતા છે. મનપાએ તળાવમાં પ્રવેશવા પ્રવેશ ફી લાગુ કરી છે, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી અમલમાં આવશે. સામાન્ય પ્રવેશ ફી વ્યક્તિ દીઠ રૂ. ૧૦ નક્કી કરવામાં આવી છે, જ્યારે પાંચથી બાર વર્ષની વયના બાળકો માટે રૂ.૫ ફી લેવામાં આવશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

સવારે ૬ વાગ્યાથી સવારે ૧૦ વાગ્યા સુધી પ્રવેશ મફત રહેશે. રૂ. ૧૦ ની ફી બે પેઇડ સ્લોટ સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી અને બપોરે ૨ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા દરમિયાન લાગુ થશે. નિયમિત મુલાકાતીઓ માટે રૂ.૩૦૦ના માસિક પાસનો વિકલ્પ છે, જેમાં અગિયાર મહિનાના પાસ પર એક મહિનાની છૂટ આપવામાં આવશે. રિડેવલપમેન્ટ કરાયેલા કરાયેલા તળાવમાં મોર્નિંગ વોકર્સ માટે એક સમર્પિત 'પાલતુ પ્રાણી સંભાળ કેન્દ્ર' હશે. મુલાકાતીઓ તેમના પાલતુ પ્રાણીઓને કોઈ પણ ખર્ચ વિના આ સુવિધા પર છોડી શકે છે, જ્યાં તેમની દેખરેખ રાખવા માટે એક પ્રશિક્ષક પણ હાજર રહેશે. તેમાં ૧૫ જેટલા પાલતુ પ્રાણીઓને રાખવાની ક્ષમતા હશે.

# ગંભીરા પુલના સમારકામ અને નવા સ્ટીલ પુલ માટે સરકારે ૯.૧૨ કરોડ રૂપિયા ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લામાં મહી નદી ઉપર આવેલ ગંભીરા પુલનો એક ભાગ ધરાશાયી થયો હતો જેના કારણે પુલ પરનો વાહન વ્યવહાર બંધ થવાથી વાહનચાલકો તથા રાહદારીઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડતી હતી. આ ક્ષતિગ્રસ્ત પુલની બાજુમાં નવીન પુલ બનાવવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. અત્યારે આ નવીન પુલની ૨૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. પરંતુ આ દરમિયાન વાહન ચાલકોને પડી રહેલી હાલાકીના કારણે વૈકલ્પિક વ્યવસ્થાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બોરસદ વિસ્તારમાં સ્થાપિત વિવિધ ઔદ્યોગિક એકમો ખાતે રોજગારી અર્થે અવર-જવર કરતાં લોકોને ડાયવર્ઝનના કારણે મુશ્કેલી પડી રહી હોવાથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત પુલનું વિસ્તૃત નિરીક્ષણ તથા પરીક્ષણ હાથ ધરી સ્ટીલ બ્રિજની વૈકલ્પિક વ્યવસ્થાથી વાહન વ્યવહાર પુનઃસ્થાપિત કરવાની રજૂઆત કરવામાં આવી હતી. કેબિનેટ પ્રધાન રમણભાઇ સોલંકી દ્વારા કરવામાં આવેલ રજૂઆતને ધ્યાન રાખતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૯.૧૨ કરોડ રૂપિયા ફાળવ્યા હતા.

તારીખ ૧૮/૧૧/૨૦૨૫થી રૂપિયા ૯.૧૨ કરોડના ખર્ચે ક્ષતિગ્રસ્ત પુલ પર નવિનતમ સ્ટીલ બ્રિજ તથા પુલના અન્ય ગાળાઓમાં જરૂરી સમાર કામગીરી હાથ ધરવા માટે સીએમ દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી. આ મંજૂર થયેલ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવા માટે માર્ગ અને મકાન વિભાગને આદેશ પણ આપવામાં આવ્યો હતો. આ કામગીરી પૂર્ણ થયા પછી રસ્તા પરથી પસાર થતાં વડોદરા જિલ્લા તથા આણંદ જિલ્લાના મુસાફરોને રાહત થશે.

# અમરેલી-વડોદરા સૌથી ઠંડા શહેર બન્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આમ તો શિયાળામાં અનુભવાઈ તેવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી. છેલ્લા ઘણા દિવસથી વાતાવરણ ગરમ થતું જણાય છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે નલિયાને પાછળ છોડીને અમરેલી અને વડોદરામાં ૧૬.૮ ડિગ્રી તાપમાન સાથે સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી. ગુજરાતમાં સૌથી ઠંડા રહેતા નલિયામાં ૨૮ નવેમ્બરે લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે રવિવારે ૨.૬ ડિગ્રી સેલ્સિયસ વધીને ૧૭.૬ ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું હતું.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કેટલાંક શહેરોમાં લઘુતમ તાપમાનમાં ૨ ડિગ્રી આસપાસનો વધારો નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૭ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેવાનું છે. ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાઈ શકે છે. આ સાથે આગામી ૨૪ કલાક બાદ ૨થી ૩ ડિગ્રી તાપમાન પણ ઘટી શકે છે. તાપમાન આંકડામાં વડોદરા શહેરમાં ૧૬.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૭.૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૮.૬ ડિગ્રી, અમદાવાદમાં ૧૯.૪ ડિગ્રી અને સુરતમાં ૧૯.૯ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું. અન્ય શહેરોની વાત કરીએ તો, અમરેલીમાં ૧૬.૮ ડિગ્રી, ભૂજમાં ૧૭.૪ ડિગ્રી, નલિયામાં ૧૭.૬ ડિગ્રી, પોરબંદરમાં ૧૮.૧ ડિગ્રી, દીવમાં ૧૯.૨ ડિગ્રી, કંડલામાં ૧૯.૪ ડિગ્રી, વેરાવળમાં ૨૦.૩ ડિગ્રી, ભાવનગરમાં ૧૯.૪ ડિગ્રી, ઓખામાં ૨૨.૭ ડિગ્રી, દ્વારકામાં ૨૦.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 283 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 December 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નેશનલ હેરલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ ગાંધી વિરુદ્ધ નવો એફઆઈઆર

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

નવી દિલ્હીઃ નેશનલ હેરલ્ડ કેસમાં નવો એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાએ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધી વિરુદ્ધ ગુનાહિત કાવતરું રચવાનો આરોપ લગાવીને નવી એફઆઈઆર દાખલ કરી છે. રાહુલ અને સોનિયા ઉપરાંત આ એફઆઈઆરમાં છ અન્ય વ્યક્તિઓ અને ત્રણ કંપનીઓના નામ પણ આરોપી તરીકે આપવામાં આવ્યા છે.

એફઆઈઆરમાં આરોપ છે કે કૉંગ્રેસ સાથે જોડાયેલી કંપની એજેએલ (એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ) ને છેતરપિંડીથી હસ્તગત કરવા માટે ગુનાહિત કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ એફઆઈઆર ૩ ઓક્ટોબરના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ફરિયાદના આધારે દાખલ કરવામાં આવી હતી. ઈડીએ પોતાનો તપાસ રિપોર્ટ દિલ્હી પોલીસ સાથે શેર કર્યો હતો. એફઆઈઆરમાં આરોપીઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા (ઇન્ડિયન ઓવરસીઝ કૉંગ્રેસ ચીફ) અને ત્રણ અન્ય છે. ત્રણ કંપનીઓમાં એજેએલ, યંગ ઇન્ડિયન અને ડોટેક્સ મર્ચેન્ડાઇઝ પ્રાઇવેટ લિમિટેડનો સમાવેશ થાય છે.





આ કેસ ૨૬ જૂન, ૨૦૧૪ના રોજ પટિયાલા હાઉસ કોર્ટના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલા આદેશથી શરૂ થયો હતો. ૨૦૧૩માં સુબ્રમણ્યમ સ્વામીએ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મોતીલાલ વોરા, ઓસ્કર ફર્નાન્ડિઝ, સેમ પિત્રોડા, સુમન દુબે અને મેસર્સ યંગ ઇન્ડિયન સામે ફરિયાદ દાખલ કરી હતી. ૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ઈડીએ પીએમએલએ હેઠળ મની લોન્ડરિંગના આરોપો પર ચાર્જશીટ દાખલ કરી હતી. તેમાં કથિત રીતે ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના બજાર મૂલ્ય સાથે ગુનાની આવકનો સમાવેશ થાય છે, જ્યારે ગુનાની કુલ આવક ૨,૦૦૦ કરોડ રૂપિયા હોવાનું જણાવાયું છે.

૨૦૧૦ માં એજેએલ (એક અનલિસ્ટેડ પબ્લિક કંપની), યંગ ઇન્ડિયનના મુખ્ય અધિકારીઓ અને ઓલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીના મુખ્ય અધિકારીઓ પર એજેએલની આશરે ૨,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવા માટે ગુનાહિત કાવતરું ઘડવાનો આરોપ છે. આ કાવતરું એજેએલના ૯૯ ટકા શેર યંગ ઈન્ડિયન (એક ખાનગી કંપની) ને માત્ર ૫૦ લાખ રૂપિયામાં ટ્રાન્સફર કરીને પૂર્ણ કરવામાં આવ્યું હતું. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી મળીને યંગ ઈન્ડિયનમાં ૭૬ ટકા હિસ્સો ધરાવતા હતા.એવો આરોપ છે કે આરોપીઓએ ગુનાહિત કાવતરું દ્વારા એઆઈસીસી દ્વારા એજેએલને આપવામાં આવેલી ૯૦.૨૧ કરોડ રૂપિયાની બાકી લોનને ૯.૦૨ કરોડ રૂપિયાના ઇક્વિટી શેરમાં રૂપાંતરિત કરી અને આ બધા શેર યંગ ઈન્ડિયનને માત્ર ૫૦ લાખમાં ટ્રાન્સફર કર્યા હતા. તપાસમાં બહાર આવ્યું કે રાહુલ

(જુઓ પાનું ૨) ▶▶

## અભિષેક શર્માની ૧૨ બૉલમાં હાફ સેન્ચુરી અને ૧૬ સિક્સરના ધમાકા



હૈદરાબાદઃ ટી-૨૦ ઇન્ટરનૅશનલના વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા (૧૪૮ રન, બાવન બૉલ, ૧૬ સિક્સર, આઠ ફોર)એ અહીં ગઈ કાલે બેંગાલની ટીમ સામેની મૅચમાં ધમાકેદાર બૅટિંગ કરી હતી અને કેટલાક સિદ્ધિઓ મેળવી હતી. ખાસ કરીને તેણે ૧૨ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી જે વિશ્વની મેન્સ ટી-૨૦ ક્રિકેટમાં સંયુક્ત ત્રીજા નંબરની ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરી છે. નેપાળના દીપેન્દ્ર એઇરીએ ૨૦૨૩માં મોંગોલિયા સામે નવ બૉલમાં સદી ફટકારી હતી, જ્યારે ભારતના આશુતોષ શર્માએ એ જ વર્ષમાં રેલવે વતી અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ ૧૧ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને ત્યાર પછી હવે ત્રીજા નંબરે ૧૨ બૉલની હાફ સેન્ચુરી સાથે અભિષેકનું નામ છે. ભારતીયોમાં ટી-૨૦માં આશુતોષ શર્મા પછી બીજા નંબરની સંયુક્ત ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરીના લિસ્ટમાં અભિષેકે યુવરાજ સિંહ સાથે પોતાનું પણ નામ લખાવ્યું છે. યુવીએ ૨૦૦૭માં ઇંગ્લૅન્ડ સામેની વર્લ્ડ કપની મૅચમાં છ બૉલમાં જે

(જુઓ પાનું ૨) ▶▶

## રોહિત શર્મા બન્યો 'સિક્સર કિંગ'



રાંચીઃ દક્ષિણ આફ્રિકા સામે ૩ વન-ડેવાળી સિરીઝની ગઈ કાલની પહેલી મૅચમાં રોહિત શર્માએ સૌથી વધુ સિક્સર ફટકારવાનો વર્લ્ડ રેકૉર્ડ પોતાને નામ કર્યો હતો. તેણે પાકિસ્તાનના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર શાહિદ આફ્રિદીનો ૧૦ વર્ષ જૂનો ૩૫૧ સિક્સરનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો.

રોહિતે ૫૧ બૉલમાં જે ૫૭ રન કર્યા હતા એમાં તેની ત્રણ સિક્સર સામેલ હતી. તે આ મૅચ રમ્યો એ પહેલાં તેના નામે કુલ ૩૪૯ સિક્સર હતી. તેણે સાઉથ આફ્રિકાના સ્પિનર પ્રેનેલન સુબ્રયેનની (ભારતની ઇનિંગ્સની) ૧૫મી ઓવરમાં ડીપ મિડવિકેટ પરથી ઉપરાઉપરી બે બૉલમાં બે સિક્સર ફટકારી હતી. એ સાથે, રોહિતે આફ્રિદીની વિશ્વવિક્રમી

(જુઓ પાનું ૨) ▶▶

## વ્યાજદર ઘટવાની આશા

### રિઝર્વ બૅન્ક શુક્રવારે જાહેરાત કરશે

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા નાણાકીય નીતિ ઘડવા સંબંધિત આગામી બેઠકમાં ધિરાણદરમાં પચીસ બેઝિસ પૉઈન્ટનો ઘટાડો કરે એવી શક્યતા છે.

ફુગાવાનું દબાણ ઘટ્યું હોવાને કારણે આ નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે. અમુક નિષ્ણાતોનું માનવું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજી ત્રિમાસિકમાં જીડીપી અપેક્ષા કરતાં વધુ એટલે કે ૮.૨ ટકા નોંધાયો હોવાને કારણે ધિરાણદર યથાવત રાખે એવી શક્યતા છે.

કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ) આધારિત રિટેલ ફુગાવો સરકાર દ્વારા છેલ્લાં બે મહિના માટે નિર્ધારિત કરવામાં આવેલા બે ટકા કરતાં પણ ઓછો રહ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે જાહેર રોકાણ, વિવિધ સુધારા, જીએસટીના દરમાં ઘટાડો વગેરે કારણોસર આર્થિક વિકાસદર વધી રહ્યો હોવાને કારણે આરબીઆઈ વ્યાજદર યથાવત રાખે તેવી શક્યતા છે.

નાણાકીય નીતિ અંગેની બેઠક ત્રણથી પાંચ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રા પાંચ ડિસેમ્બરે વ્યાજદર નક્કી કરતી સમિતિનો નિર્ણય જાહેર કરશે.

આરબીઆઈએ ગયા વર્ષના ફેબ્રુઆરીમાં વ્યાજદર ઘટાડવાનો આરંભ કર્યો હતો. ત્યારથી ઑગસ્ટ ૨૦૨૫ સુધીમાં આરબીઆઈએ વ્યાજદર ૧૦૦ બેઝિસ પૉઈન્ટ ઘટાડીને ૫.૫ ટકા જેટલો નીચો લાવી દીધો હતો. (એજન્સી)■

## સંસદમાં વિપક્ષ 'વૉટ ચોરી' અને દિલ્હી ધડાકાના મુદ્દા ઉઠાવશે

નવી દિલ્હીઃ સંસદના શિયાળુ સત્રની પૂર્વ સંધ્યાએ સરકાર દ્વારા યોજવામાં આવેલી સર્વપક્ષીય બેઠક અગાઉ કૉંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ રવિવારે કહ્યું હતું કે સંસદમાં વિપક્ષ શાસક ભાજપ દ્વારા કરવામાં આવતી કથિત 'વૉટ ચોરી' અને દિલ્હી ધડાકાના મુદ્દા ઉઠાવશે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે લોકશાહીની હત્યા થઈ રહી છે ત્યારે માત્ર 'વૉટ ચોરી' નહિ, પરંતુ 'વૉટની લૂંટ' કરવામાં આવી રહી હોવાનો મુદ્દો મુખ્ય હશે.

લાલ કિલ્લાની નજીક કરવામાં આવેલા વિસ્ફોટો તેમ જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિ પણ ચર્ચાનો મુદ્દો હશે, એમ તેમણે કહ્યું હતું.

સંસદનું શિયાળુ સત્ર સોમવારે શરૂ થશે ને ૧૯ ડિસેમ્બરે પૂરું થશે.

એસઆઈઆર અંગે ચર્ચા કરવાથી સરકાર દૂર ભાગી શકે નહીં એમ જણાવતાં સમાજવાદી પક્ષના નેતા રામ ગોપાલ યાદવે કહ્યું હતું કે મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અંગે ચર્ચા કરવામાં નહીં આવે તો અમે સંસદની કાર્યવાહી આગળ નહીં વધવા દઈએ.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ ભારપૂર્વક કહ્યું હતું કે સંસદની કાર્યવાહી સરળતાપૂર્વક ચાલતી રહે તેની ખાતરી માટે સરકાર તમામ પક્ષ સાથે ચર્ચા કરશે.

અણુક્ષેત્ર ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂકવા સહિત કાયદામાં સુધારા લાવવાના અને સિંગલ હાયર એજ્યૂકેશન બૉડીની રચના કરવાના એજન્ડાને સરકાર આગળ વધારશે તો વિપક્ષ ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના મતદારયાદીના એસઆઈઆરનો મુદ્દો ઊપાડશે. (એજન્સી)■

## ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણાની મુદત લંબાવી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે રવિવારે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયાના સમયપત્રકને એક અઠવાડિયા માટે લંબાવ્યું છે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મતગણતરી ફોર્મનું વિતરણ હવે ૪ ડિસેમ્બરને બદલે ૧૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. મતદાર યાદીનો ડ્રાફ્ટ હવે ૯ ડિસેમ્બરને બદલે ૧૬ ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે, જ્યારે અંતિમ મતદાર યાદી ૭ ફેબ્રુઆરીને બદલે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. ચૂંટણી પંચે ૨૭ ઓક્ટોબરે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એસઆઈઆરની જાહેરાત કરી હતી.

એક નિવેદનમાં ચૂંટણી પંચે કહ્યું હતું કે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલા એસઆઈઆરના સમગ્ર સમયપત્રકને એક અઠવાડિયા માટે લંબાવ્યું છે, કારણ કે વિરોધ પક્ષો દ્વારા આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે ડેડલાઈન લોકો અને બીએલઓ અધિકારીઓ માટે સમસ્યાઓ ઊભી કરી રહી છે. એક નિવેદનમાં ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે ફોર્મ વિતરણ હવે ૪ ડિસેમ્બરને બદલે ૧૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. ડ્રાફ્ટ મતદાર યાદી હવે ૯ ડિસેમ્બરને બદલે ૧૬ ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે, જ્યારે અંતિમ મતદાર યાદી ૭ ફેબ્રુઆરીને બદલે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે આંતરિક ચર્ચાઓના આધારે એસઆઈઆરના તમામ તબક્કાઓ માટે સમયરેખા લંબાવવાનો નિર્ણય લીધો છે જ્યાં આ કવાયત ચાલી રહી છે. એસઆઈઆર દરમિયાન ઓછામાં ઓછા ૪૦ બૂથ-લેવલ અધિકારીઓનાં મૃત્યુ, જે મોટાભાગે ''સમયમર્યાદા પૂરી કરવાના તણાવ'' ને કારણે આત્મહત્યા દ્વારા થયા હોવાનો આરોપ લગાવતા વિરોધ પક્ષોએ મતદાર યાદી સુધારણાના સમય પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

ચૂંટણી પંચે તમામ આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે આ કવાયત સરળતાથી ચાલી રહી છે. કૉંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ કહ્યું કે તે એક સંકેત છે કે મતદાન પેનલ જાણતી હતી કે સમયમર્યાદા ''વ્યવહારુ'' નથી. એસઆઈઆર પર ચર્ચા માટે વિપક્ષ દ્વારા કરવામાં આવેલી માગણીઓ પર છેલ્લું સત્ર ધોવાઈ ગયું હતું, જે પછી બિહારમાં યોજાઈ રહ્યું હતું.

નોંધનીય છે કે ચૂંટણી પંચે ૨૭ ઓક્ટોબરના રોજ આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એસઆઈઆરની

(જુઓ પાનું ૨) ▶▶

## તમિળનાડુમાં વાવાઝોડા સાથે ભારે વરસાદઃ ત્રણનાં મોત

ચેન્નઈઃ ચક્રવાત દિતવાહના કારણે તમિલનાડુના અનેક ભાગોમાં ભારે વરસાદ વરસ્યો હતો. જ્યારે વરસાદ સાથે સંબંધિત અલગ અલગ ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં, એમ રાજ્ય સરકારે રવિવારે જણાવ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાત આગામી ૨૪ કલાકમાં રાજ્યના ઉત્તરીય ભાગો અને પડોશી પુડુચેરીના દરિયાકાંઠા તરફ આગળ વધવાની ધારણા છે. રાજ્યના કાવેરી ડેલ્ટા જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે રામનાથપુરમ અને નાગપટ્ટીનમ જિલ્લાઓને સૌથી વધુ નુકસાન થયું છે.

રામેશ્વરમ અને નાગપટ્ટીનમના દરિયાકાંઠાના નગરોમાં ભારે વરસાદને કારણે ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હોવાથી સામાન્ય જનજીવન પ્રભાવિત રહ્યું છે. પ્રાદેશિક હવામાન વિભાગના તાજેતરના બુલેટિન મુજબ, ચક્રવાત લગભગ ૭ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર તરફ આગળ વધ્યું છે અને તે કુડ્ડાલોરથી લગભગ ૧૦૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં, કરાઈકલથી ૧૦૦ કિમી ઉત્તરપૂર્વમાં, પુડુચેરીથી ૧૧૦ કિમી દક્ષિણપૂર્વમાં, વેદારણ્યિમથી ૧૪૦ કિમી ઉત્તરપૂર્વમાં, પુડુચેરીથી ૧૬૦ કિમી દક્ષિણપૂર્વમાં અને ચેન્નઈથી ૧૮૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં સ્થિત છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ઉત્તર તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાથી ચક્રવાત લગભગ ૭૦ કિમી દૂર છે. આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાની ઉત્તર તરફ આગળ વધવાની સંભાવના છે. ઉત્તર તરફ આગળ વધતી વખતે ચક્રવાત તોફાન ૩૦ નવેમ્બર સુધીમાં દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી પર ૬૦ કિમી અને તમિલ-નાડુ-પુડુચેરી

(જુઓ પાનું ૨) ▶▶

## સ્વદેશી ચીજો જ ખરીદવાનો આગ્રહ રાખોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના લોકોને સ્વદેશી ચીજો જ ખરીદીને દેશનાં અર્થતંત્રને મજબૂત કરવા અપીલ કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના રેકોર્ડ અનાજ ઉત્પાદન, રમતગમતમાં ભારતની સિદ્ધિઓ અને અવકાશ ક્ષેત્રમાં ભારતની પ્રગતિ જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો શેર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે પ્રિય દેશવાસીઓ, હું તમને બધાને વોકલ ફોર લોકલના મંત્રને આગળ વધારવા અપીલ કરું છું. તાજેતરમાં જી-૨૦ સમિટ દરમિયાન મેં વોકલ ફોર લોકલના મંત્રને પ્રોત્સાહન આપતા વૈશ્વિક નેતાઓને ભેટો આપી હતી. મેં જાપાનના વડા પ્રધાનને ભગવાન બુદ્ધની ચાંદીની પ્રતિમા ભેટમાં આપી હતી. મેં ઇટાલીના વડા પ્રધાનને કરીમનગરની એક કલા ભેટમાં આપી. હું ઇચ્છું છું કે દુનિયા આપણા કારીગરોની પ્રતિભાને ઓળખે. મને ખુશી છે કે દેશવાસીઓ દ્વારા વોકલ ફોર લોકલની ભાવના અપનાવવામાં આવી છે. તાજેતરના તહેવારોની ખરીદી દરમિયાન લોકોએ પૂરા દિલથી ભારતીય ઉત્પાદનો પસંદ કર્યા હતા. આ વખતે યુવાનોએ વોકલ ફોર લોકલના અભિયાનને પણ વેગ આપ્યો હતો. આગામી ક્રિસમસ સીઝન દરમિયાન પણ 'વોકલ ફોર લોકલ'ની ભાવનાને ધ્યાનમાં રાખો.

પીએમએ 'મન કી બાત' કાર્યક્રમમાં કહ્યું હતું કે ભારતે રમતગમતની દુનિયામાં પણ પોતાની છાપ છોડી દીધી છે. થોડા દિવસો પહેલા જાહેરાત કરવામાં આવી હતી કે ભારતને કોમનવેલ્થ ગેમ્સથી નવાજવામાં આવશે. આ સિદ્ધિઓ દેશની છે, તેના નાગરિકોની છે. અને 'મન કી બાત' આવી સિદ્ધિઓ અને લોકોના

(જુઓ પાનું ૨) ▶▶

### દેશે અનાજ ઉત્પાદનમાં કર્યો વિક્રમ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૨૮મા એપિસોડમાં રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારતે ૩૫૭ મિલિયન ટન ખાદ્યાન્ન ઉત્પાદન સાથે ઐતિહાસિક રેકોર્ડ હાંસલ કર્યો છે. ૧૦ વર્ષ પહેલાની તુલનામાં ભારતના ખાદ્યાન્ન ઉત્પાદનમાં ૧૦૦ મિલિયન ટનનો વધારો થયો છે. ભારતે રમતગમતની દુનિયામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આ સિદ્ધિઓ દેશ અને તેના નાગરિકોની છે, અને મન કી બાત લોકોના સામૂહિક પ્રયાસોને પ્રદર્શિત કરવા માટેનું એક પ્લેટફોર્મ છે.

પોતાના સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે નવેમ્બર મહિનો ઘણી પ્રેરણાઓ લઈને આવ્યો છે. ૨૬ નવેમ્બરના રોજ બંધારણ દિવસ પર સેન્ટ્રલ હોલમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે દેશભરમાં યોજાતા કાર્યક્રમોની ભવ્ય શરૂઆત હતી. ૨૫ નવેમ્બરના રોજ અયોધ્યામાં રામ મંદિરમાં ધર્મધ્વજ લહેરાવામાં આવ્યો. તે જ દિવસે કુરુક્ષેત્રના જ્યોતિસર ખાતે પંચજન્ય સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ''ગયા અઠવાડિયે મેં હૈદરાબાદમાં વિશ્વની સૌથી મોટી લીપ એન્જિન એમઆરઓ ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. આઈએનએસ માહે ભારતીય નૌકાદળમાં સામેલ કરાયું

(જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈમાં પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન ૨૦ ટકા વધ્યું

નવી દિલ્હીઃ મુંબઈમાં નવેમ્બર મહિનામાં પ્રોપર્ટીનાં રજિસ્ટ્રેશનમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો હોવાનું રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ ફ્રૅન્ક ઈન્ડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

મુંબઈમાં ગયા વર્ષના નવેમ્બરમાં ૧૦,૨૧૬ યુનિટનું રજિસ્ટ્રેશન થયું હોવાની સરખામણીએ આ વરસે એ જ સમયગાળામાં પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન ૨૦ ટકા વધીને ૧૨,૨૧૯ યુનિટ થયું હતું.

મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓને ટાંકતા નાઈટ ફ્રૅન્ક ઈન્ડિયાએ કહ્યું હતું કે આ વર્ષના નવેમ્બરમાં બીએમસીના અધિકારક્ષેત્રમાં આવતા મુંબઈ શહેર વિસ્તારમાં ૧૨,૨૧૯ યુનિટનું રજિસ્ટ્રેશન થયું હતું જે વરસોવરસ ૨૦ ટકાનો વધારો સૂચવે છે.

વર્ષ ૨૦૧૩ બાદથી અત્યાર સુધીમાં નવેમ્બર મહિનામાં રજિસ્ટ્રેશનનો આ સર્વોચ્ચ આંક છે, એમ ફ્રૅન્ક દ્વારા રવિવારે

(જુઓ પાનું ૨) ▶▶

## ૩૭ નક્સલીઓનું આત્મસમર્પણ

દંતેવાડાઃ છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં ૩૭ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું. જેમાંથી ૨૭ નક્સલીઓ પર કુલ ૬૫ લાખ રૂપિયાનું ઇનામ હતું. આ જાણકારી પોલીસે રવિવારે આપી હતી.

દંતેવાડાના પોલીસ અધિક્ષક ગૌરવ રાયના જણાવ્યા અનુસાર 'પૂના માર્ગેમ'(પુનર્વસનથી સામાજિક પુનગર્ઠન સુધી) પહેલ હેઠળ ૧૨ મહિલાઓ સહિત ૩૭ નક્સલવાદીઓએ વરિષ્ઠ પોલીસ અને સીઆરપીએફ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

અધિકારીએ જણાવ્યું કે આત્મસમર્પણ કરનારાઓમાં કુમાલી ઉર્ફે અનિતા માંડવી, ગીતા ઉર્ફે લક્ષ્મી મડકમ, રંજન ઉર્ફે સોમા માંડવી અને ભીમા ઉર્ફે જહાજ કલમૂનો સમાવેશ થાય છે. આ તમામ પર ૮-૮ લાખ રૂપિયાનું ઇનામ હતું. તેમણે કહ્યું કે સરકારની પુનર્વસન નીતિ હેઠળ આત્મસમર્પણ કરનારા કેડરોને તાત્કાલિક ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની સાથે કૌશલ્ય વિકાસની તાલીમ, ખેતીની જમીન વગેરે જેવી અન્ય સુવિધાઓ આપવામાં

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મદની સહિતના નેતા મુસ્લિમોમાં અસલામતી કેમ પેદા કરે છે?

**જમીઅત** ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદની પાછા વરતાયા છે અને આ વખતે થોડાક લવારા કર્યા છે તો કેટલીક શાણપણભરી વાતો પણ કરી છે. મદનીએ ભોપાલમાં એક કાર્યક્રમમાં બોલતાં ન્યાયતંત્રના ચુકાદાઓ સામે શંકા વ્યક્ત કરી નાખી તો સામે મુસ્લિમોએ હિંદુઓ સાથે સંવાદ કરવો જોઈએ એવી શાણપણભરી વાત પણ કરી દીધી.

મદનીએ ટ્રિપલ તલાક અને બાબરી મસ્જિદ અંગે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાઓનો હવાલો આપીને કહ્યું કે, ન્યાયતંત્રે છેલ્લા કેટલાંક વરસોમાં આપેલા ચુકાદાઓ પરથી લાગે કે, બંધારણે લઘુમતીઓને આપેલા અધિકારોનું ખુલ્લેઆમ હનન થઈ રહ્યું છે. ૧૯૯૧માં બનેલો પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ અમલી હોવા છતાં ધર્મસ્થાનો અંગેના વિવાદોમાં ન્યાયતંત્ર નિર્ણય લઈ રહ્યું છે તેના પરથી આ વાત સ્પષ્ટ છે.

મદનીએ એમ પણ કહ્યું કે, ટ્રિપલ તલાક અને બાબરી મસ્જિદ કેસમાં આવેલા ચુકાદા પરથી લાગે છે કે, ન્યાયતંત્ર સરકારના દબાણ હેઠળ કામ કરી રહ્યું છે. મદનીએ એવો દાવો પણ કર્યો કે, જ્યાં પણ જુલ્મ હશે ત્યાં જિહાદ થશે જ. મદનીના કહેવા પ્રમાણે, જિહાદ પવિત્ર શબ્દ છે અને તેનો અર્થ ધર્મયુદ્ધ એવો થાય છે પણ લવ જિહાદ, થૂક જિહાદ, જમીન જિહાદ જેવા શબ્દોનો પ્રયોગ કરીને આ પવિત્ર શબ્દોને બદનામ કરાઈ રહ્યા છે. મદનીએ એવો દાવો પણ કર્યો કે, સેક્યુલર ભારતમાં જિહાદની ચર્ચા જ ના કરાય કેમ કે ભારતમાં મુસ્લિમો બંધારણને વફાદાર છે પણ નાગરિકોના અધિકારનું રક્ષણ કરવાની જવાબદારી પણ સરકારની છે. સરકાર આ જવાબદારી ના નિભાવે તો તેનાં માઠાં પરિણામ આવશે.

મદનીએ એવું વિચિત્ર ગણિત પણ રજૂ કર્યું છે કે, ભારતમાં અત્યારે ૧૦ ટકા લોકો મુસ્લિમોના પક્ષમાં છે, ૩૦ ટકા લોકો મુસ્લિમોની વિરુદ્ધ છે જ્યારે ૬૦ ટકા લોકો ચૂપ છે. મુસ્લિમોએ આ ૬૦ ટકા લોકો સાથે સંવાદ કરવો જોઈએ અને પોતાની વાત તેમની સામે મૂકવી જોઈએ કેમ કે આ લોકો મુસ્લિમોની વિરુદ્ધ થઈ જશે તો દેશમાં બહુ મોટો ખતરો પેદા થઈ જશે. મદનીએ વંદે માતરમ બોલવા સામે પણ વાંધો લઈને કહ્યું છે કે, મડદાલ સમાજ શરણાગતિ સ્વીકારી લે છે.

મદનીએ અઠવાડિયા પહેલાં પણ એવો લવારો કરેલો કે, સાદિક ખાન લંડનના મેયર બની શકે છે અને ઝોહરાન મમદાની જેવા નેતા ન્યૂયોર્કના મેયર બની શકે છે પણ ભારતમાં સ્થિતિ એ છે કે કોઈ મુસ્લિમ કોઈ યુનિવર્સિટીનો વાઇસ ચાન્સેલર એટલે કે કુલપતિ પણ ના બની શકે. મદનીની વાતનો સૂર એ હતો કે, ભારતમાં મુસ્લિમોને યોગ્ય પ્રતિનિધિત્વ કે હોદ્દા મળતા નથી અને તેમને દબાવી દેવાયા છે.

મદનીની વાતોમાં હિંદુઓ સાથે સંવાદની વાત સાચી છે પણ ભારતમાં મુસ્લિમોને દબાવી દેવાય છે કે તેમના અધિકારોનું હનન થાય છે એ વાત સાવ ખોટી છે. ધર્મસ્થાનો અંગેના ઘણા કેસોમાં ન્યાયતંત્ર શંકાસ્પદ રીતે વર્તી રહ્યું છે એ વાત સાચી છે પણ બાબરી મસ્જિદ વિવાદ કે ટ્રિપલ તલાક અંગેના ચુકાદા સરકારના દબાણ હેઠળ અપાયેલા એ વાત ખોટી છે.

જિહાદ અંગેની તેમની વાતો તો સાવ બકવાસ જ છે કેમ કે આડકતરી રીતે મદની આતંકવાદને સમર્થન આપી રહ્યા છે. ભારતમાં ભણેલાગણેલા લોકો કહેવાતી જિહાદના રવાડે ચડી રહ્યા છે તેનું કારણ ભારતમાં મુસ્લિમો પર થઈ રહેલા જુલ્મ છે એવું સ્થાપિત કરવા માટે મદની મથી રહ્યા છે. જિહાદ પવિત્ર શબ્દો છે એવું સ્વીકારવામાં આપણને વાંધો નથી પણ તેને અપવિત્ર મુસ્લિમો જ કરી રહ્યા છે. નિર્દોષ લોકોની હત્યા કરવાને જિહાદ નામ આપીને આતંકવાદીઓ જિહાદને નામે હત્યાકાંડો કરી રહ્યા છે. મદની તેની ઝાટકણી કાઢવાના બદલે જુલ્મની ને એ બધી કથા માંડીને બેસી ગયા છે કેમ કે આતંકવાદને ઝાટકવાની તૈયારી નથી.

મદનીનો વંદે માતરમ સામેનો વાંધો પણ વાહિયાત છે. વંદે માતરમ સામે વરસોથી એ કારણસર વાંધો ઉઠાવાય છે કે, વંદે માતરમ શબ્દો દ્વારા હિંદુઓની ધાર્મિક માન્યતાઓ થોપવાની કોશિશ થઈ રહી છે. વંદે માતરમનો શાબ્દિક અર્થ માતાને વંદન એવો થાય છે ને તેમાં ધાર્મિક માન્યતા ક્યાંથી આવી ? દુનિયાના કોઈ પણ દેશમાં માતાને વંદનીય ગણવામાં આવે છે ને તેને પૂજવામાં આવે છે. વંદે માતરમમાં પણ આ જ લાગણી વ્યક્ત કરાઈ છે પણ મદની સહિતના મુસ્લિમોના ઠેકેદારોને તેની સામે એટલે વાંધો પડે છે કે, આ લાગણી સંસ્કૃત ભાષામાં વ્યક્ત કરાયેલી છે. સંસ્કૃત એટલે હિંદુઓની ધાર્મિક માન્યતાઓ સાથે સંકળાયેલી ભાષા તેથી સંસ્કૃતનું કશું પણ સ્વીકારાય નહીં એવી જડતાને મુસ્લિમોના ઠેકેદારો વરસોથી પોષે છે ને મદની પણ એ જ કરી રહ્યા છે.

ભારતમાં મુસ્લિમો સાથે અન્યાય થાય છે એ વાત પણ ધરાર ખોટી છે. લંડન કે ન્યુ યોર્કમાં મુસ્લિમ મેયર બન્યા તેમાં બધાંનું ધ્યાન ખેંચાયું કેમ કે આ દેશોમાં આવી ઘટના ભાગ્યે જ બને છે. ભારતમાં તેની ચર્ચા જ નથી થતી કેમ કે ભારતમાં તો મુસ્લિમો સેંકડો મહત્ત્વના હોદ્દા પર છે. સરકારી તંત્રમાં પણ મુસ્લિમો ઘણા મહત્ત્વના હોદ્દા પર છે જ ને જેમનામાં લાયકાત હોય એ બધાંને તક મળે જ છે. મુસ્લિમ ધારાસભ્યો, સાંસદો, મંત્રીઓ, મેયરો, જિલ્લા પ્રમુખો કે બીજી ચૂંટાયેલી પાંખના વડાઓ પર બેઠેલા મુસ્લિમોની યાદી બનાવો તો આંકડો હજારોમાં પહોંચે. આવી યાદી બનાવવી જ શક્ય નથી એ જોતાં મુસ્લિમોને અન્યાય થાય છે તેનાથી વધારે બકવાસ વાત બીજી કોઈ ના કહેવાય.

મદનીની ન્યાયતંત્ર અંગેની વાતો અર્ધસત્ય છે. વર્શિપ એક્ટ હેઠળ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશમાં તમામ ધર્મસ્થાનો જે સ્થિતિમાં હતાં એ સ્થિતિમાં રાખવાની જોગવાઈ કરાઈ છે. કેટલીક નીચલી અદાલતો વર્શિપ એક્ટને અવગણીને ધર્મસ્થાનોને લગતા વિવાદમાં સર્વે કે બીજી કામગીરીના આદેશ આપે છે એ ગેરબંધારણીય છે પણ સુપ્રીમ કોર્ટ આવા આદેશોને ફગાવી દે છે એ પણ વાસ્તવિકતા છે તેથી ન્યાયતંત્ર પર લાંચ્છન ના લગાવી શકાય. બાબરી મસ્જિદ ધ્વંશ કેસનો ચુકાદો હાઈ કોર્ટે ૨૦૧૦માં આપી દીધેલ તેથી હાલની સરકારના દબાણ હેઠળ ચુકાદો અપાયો એ વાત ખોટી છે. ટ્રિપલ તલાક જેવી પ્રથાઓ કોઈ સભ્ય સમાજમાં ના ચાલે એ જોતાં તેને ફગાવવાના ચુકાદામાં કશું ખોટું નથી ને તેને રાજકીય દબાણ હેઠળનો ચુકાદો ના ગણાય.

મદની સહિતના નેતાઓ આ પ્રકારની વાતો કરીને પોતાની દુકાન ચલાવવા માગે છે એ વાત મુસ્લિમોએ સમજવી જરૂરી છે. મુસ્લિમોમાં ઓછું શિક્ષણ, સ્ત્રીઓનું દમન, ગરીબી સહિતના મહત્ત્વના મુદ્દા પર બોલવાને બદલે છાસવારે આ જ વાતો કરે છે કે જેથી મુસ્લિમોના અસલામતીનો અહેસાસ કરાવાય. મુસ્લિમોએ તેમની વાતોમાં આવીને અસલામતી અનુભવવાની કોઈ જરૂર નથી કેમ કે આ દેશ કોઈ એક ધર્મનાં લોકોનો નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, સોમવાર, તા. ૧-૧૨-૨૦૨૫, મોક્ષદા એકાદશી, ગીતા જયંતી**

- ભારતીય દિનાંક ૧૦, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૩-૧૭ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૩-૧૭ સુધી, પછી મેષમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૭-૫૮, રાત્રે ક. ૨૧-૨૨
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૯ (તા. ૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ-એકાદશી. મોક્ષદા એકાદશી (રાજગરો, ગીતા જયંતી ભદ્રા ક. ૦૮-૧૯થી ૧૯-૦૧, પંચક સમાપ્તિ રાત્રે ક. ૨૩-૧૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, પૂષાદેવતાનું પૂજન, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, ગીતા જયંતી ઉત્સવ. એકાદશી વ્રત ઉપવાસ, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ, વાંચન, શ્રી સત્યનારાયણ કથા વાંચન, પૂજા, તુલસી પૂજા, શ્રી સુક્ત પુરુસુક્ત અભિષેક, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, સંધ્યા સમયે શેરડી ખાઈ પ્રસ્થાન કરવું, નવાં વસ્રો, આભૂષણ, વાસણ, વાહન, યંત્રારંભ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, દેવદર્શન, નામકરણ, અન્નપ્રાશન, મિત્રતા કરવી, વ્યતિપાત જન્મયોગ શાંતિ પૂજા.

ડિસેમ્બર-૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય-અસ્તઃ તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૫ નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ
- મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૫૬, સૂર્યાસ્તઃ ક. ૧૭ મિ. ૫૮.
- ચંદ્ર ઉદયઃ ક. ૧૪-૪૯, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૮ (તા. ૨) બુધ ઉદયઃ ક. ૦૫-૩૮, બુધ અસ્તઃ ક. ૧૬-૫૨, શુક્ર ઉદય ક. ૦૬-૧૫, અસ્તઃ ક. ૧૭હ્ર૨૦, મંગળ ઉદયઃ ક. ૦૭-૪૫, અસ્તઃ ક. ૧૮-૩૪, ગુરુ ઉદયઃ ક. ૨૧-૧૨, અસ્તઃ ક. ૧૦-૧૭, શનિ ઉદયઃ ક. ૧૩-૫૧, અસ્તઃ ક. ૦૧-૩૭, તા. ૧ ડિસેમ્બર, સૂર્યોદયના સમયે વૃશ્ચિક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે વૃષભ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૩જીએ જયેષ્ઠા નક્ષત્રમાં, તા. ૧૬મીએ મૂળ નક્ષત્રમાં, તા. ૨૯મીએ પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રવેશે છે. મંગળ તા. ૭મીએ મૂળ નક્ષત્રમાં, તા. ૨૫મીએ પૂર્વાષાઢા નક્ષત્રમાં, શુક્ર તા. ૯ જયેષ્ઠા નક્ષત્રમાં, તા. ૨૦મીએ મૂળ નક્ષત્રમાં, તા. ૨૫મીએ પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રવેશે છે. ગુરુ પુનર્વસુ નક્ષત્રમાં છે. રાહુ શતતારામાં, કેતુ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે. શનિ પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં રહે છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવાસી, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, વાહન, મકાનનું સુખ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્યવૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### નેશનલ હેરલ્ડ

ગાંધી અને સોનિયા ગાંધીએ યંગ ઈન્ડિયનને અસરકારક રીતે નિયંત્રિત કર્યું, કારણ કે તેમની પાસે તેના શેરનો ૭૬ ટકા હિસ્સો હતો. બાકીના ૨૪ ટકા શેર સ્વર્ગસ્થ મોતીલાલ વોરા અને સ્વર્ગસ્થ ઓસ્કર ફર્નાન્ડિસ પાસે હતા, જેઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નજીકના સહયોગી હતા. યંગ ઇન્ડિયન કંપની એક્ટની કલમ ૨૫ હેઠળ ચેરિટી તરીકે નોંધાયેલ હતું, પરંતુ તપાસમાં બહાર આવ્યું કે કંપનીમાં કોઈ સખાવતી કાર્ય કરવામાં આવ્યું ન હતું.ગાંધી પરિવારે પટિયાલા હાઉસ કોર્ટના આદેશને દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ બંનેમાં પડકાર્યો હતો, પરંતુ કોર્ટે કોઈ રાહત આપી ન હતી. આ કેસ હજારો કરોડના એજેએલના શેર અને સંપત્તિના રૂપમાં ગુનામાંથી મળેલી રકમના નિર્માણ, કબજા અને ઉપયોગ સાથે સંબંધિત હોવાથી ઈડીએ ૨૦ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ એજેએલની આશરે ૭૫૨ કરોડ રૂપિયા (આશરે) ની સંપત્તિ સુરક્ષિત કરવા માટે જપ્ત કરવાનો આદેશ જાહેર કર્યો હતો, જેની નિર્ણાયક સત્તામંડળ દ્વારા પુષ્ટી કરવામાં આવી છે. ■

### તમિળનાડુમાં વાવાઝોડા

દરિયાકાંઠાથી ૩૦ કિમીના અંતરે કેન્દ્રિત થશે. ચક્રવાતની અસરને કારણે આગામી ૨૪ કલાકમાં કુડ્ડાલોર, નાગપટ્ટીનમ, મયિલાદુથુરાઈ, વિલ્લુપુરમ, ચેંગલપટ્ટુ, પુડુક્કોટાઈ, તંજાવુર, તિરુવરુર, અરિયાલુર, પેરામ્બલુર, તિરુચિરાપલ્લી, ચેન્નઈ, કાંચીપુરમ, તિરુવલ્લુર અને રાનીપેટ જિલ્લાઓ અને પુડુચેરી અને કરાઈકલમાં કેટલીક જગ્યાએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે.ઉત્તર તમિલનાડુ અને પુડુચેરીમાં ૬૦-૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

રાજ્યના મહેસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રી કે કે એસ એસ આર રામચંદ્રને જણાવ્યું હતું કે શનિવારે સાંજે રાજ્ય સરકારે રાહત અને પુનર્વસન કાર્યમાં એસડીઆરએફ અને એનડીઆરએફ સહિત ૩૮ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમો સાથે અન્ય રાજ્યોની ૧૦ વધુ ટીમો જોડાઈ હતી. ચક્રવાત દિતવાહને કારણે વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે ડેલ્ટા જિલ્લાઓમાં ૧૪૯ જેટલા પશુઓ મૃત્યુ પામ્યા છે અને ૫૭,૦૦૦ હેક્ટર ખેતીની જમીનને અસર થઈ છે.

તેમણે રવિવારે રાજ્ય ઇમરજન્સી ઓપરેશન્સ સેન્ટર ખાતે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે ગઈકાલ સાંજથી વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. તુતીકોરીન અને તંજાવુરમાં દીવાલ ધરાશાયી થવાથી અનુક્રમે બે લોકોનાં મોત થયાં છે, જ્યારે મયિલાદુથુરાઈમાં ૨૦ વર્ષીય યુવાનનું વીજળી પડવાથી મૃત્યુ થયું છે. ■

### ચૂંટણી પંચે

જાહેરાત કરી હતી. વિશાળ મતદાર યાદી સફાઈ કવાયતમાં લગભગ ૫૧ કરોડ મતદારોને આવરી લેવામાં આવશે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો છેઃ આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્ય પ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળને સમાવેશ થાય છે. આમાંથી તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬માં ચૂંટણી થશે. આસામમાં જ્યાં ૨૦૨૬માં પણ ચૂંટણી થવાની છે ત્યાં મતદાર યાદીઓનું પુનરાવર્તન અલગથી જાહેર કરવામાં આવ્યું હતું. મોટાભાગના રાજ્યોમાં ૨૦૦૨ અને ૨૦૦૪ની વચ્ચે મતદાર યાદીની છેલ્લી એસઆઈઆર કરાઈ હતી અને તેમણે તેમના સંબંધિત રાજ્યોમાં યોજાયેલા છેલ્લા એસઆઈઆર અનુસાર વર્તમાન મતદારોનું મેપિંગ લગભગ પૂર્ણ કરી લીધું છે. એસઆઈઆરનો મુખ્ય ઉદ્દેશ્ય વિદેશી, ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને તેમના જન્મ સ્થળની તપાસ કરીને બહાર કાઢવાનો છે. બાંગ્લાદેશ અને મ્યાનમારના લોકો સહિત વિવિધ રાજ્યોમાં ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ પર કાર્યવાહીના પગલે આ પગલું મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે. ■

### અભિષેક શર્માની

છ સિક્સર ફટકારી હતી એ ઇનિંગ્સમાં ૧૨ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા.

અભિષેકે આ સિદ્ધિઓ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મેળવી હતી. તેણે ૧૬ છગ્ગા અને આઠ ચોક્કાની મદદથી જે ૧૪૮ રન કર્યા એની મદદથી પંજાબે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૧૦ રન કર્યા હતા જેમાં બીજા ઓપનર પ્રભસિમરન સિંહ (૭૦ રન, ૩૫ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર)નું પણ મોટું યોગદાન હતું. અભિષેક અને પ્રભસિમરન વચ્ચે ૨૦૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. પંજાબના ૩૧૦ રન આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સેકન્ડ-હાઇએસ્ટ ટોટલ હતું. બરોડા (૨૦૨૪માં સિક્કિમ સામે ૩૪૯ રન) પહેલા સ્થાને છે. અભિષેક ભારતના બૅટ્સમેનોમાં એક ટી-૨૦ મૅચમાં સૌથી વધુ સિક્સર ફટકારનારાઓમાં પુનિત બિશ્ત (૧૭ છગ્ગા) પછી હવે બીજા નંબરે છે. તેણે શ્રેયસ ઐયર અને વૈભવ સૂર્યવંશી (૧૫-૧૫ સિક્સર)ને પાછળ રાખી દીધા છે.

પંજાબે આપેલા ૩૧૧ રનના લક્ષ્યાંક સામે બેંગાલની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે માત્ર ૧૯૮ રન કરી શકી હતી અને પંજાબનો ૧૧૨ રનથી વિજય થયો હતો.

બેંગાલના બોલર્સમાં મોહમ્મદ શમી, આકાશ દીપ અને શાહબાઝ અહમદ જેવા જાણીતા બોલર્સ હતા અને તેમની હાજરીમાં અભિષેકે વિક્રમોના ગ્રંથમાં નામ નોંધાવ્યું હતું. તેણે ૧૨ બૉલમાં પાંચ સિક્સર અને પાંચ ફોર સાથે ૫૦ રન પૂરા કર્યા હતા. એ ૧૨ બૉલમાં તેનો ફક્ત એક ડૉટ-બૉલ હતો. એ સાથે, અભિષેકે એક કૅલેન્ડર યરમાં ટી-૨૦માં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો પોતાનો જ વિક્રમ તોડી નાખ્યો હતો.

ટી-૨૦ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરી એસ્ટોનિયાના ભારતીય મૂળના ખેલાડી સાહિલ ચૌહાણના નામે છે. તેણે ગયા વર્ષે સાયપ્રસ સામે ૨૭ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. અભિષેકે રવિવારે ૩૨ બૉલમાં સદી પૂરી કરી હતી. ■

### રોહિત શર્મા

૩૫૧ સિક્સરની બરાબરી કરી હતી. આફ્રિદી ૧૯૯૬થી ૨૦૧૫ સુધીમાં ૩૯૮ વન-ડે રમ્યો હતો. રોહિતે માર્કો યેનસેનના બૉલમાં ડીપ સ્ક્વેર લેગ પરથી બૉલને સીધો મેદાનની બહાર મોકલ્યો એ તેની ત્રીજી અને વિક્રમજનક ૩૫૨મી સિક્સર હતી.

રોહિતે ૬૦મી હાફ સેન્ચુરી પૂરી કરી ત્યાર બાદ આફ્રિદીનો વિક્રમ તોડી નાખ્યો હતો અને ત્યાર બાદ પોતાના ૫૭ રનના સ્કોર પર યેનસેનના જ બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો. આફ્રિદીએ ૩૬૯ ઇનિંગ્સમાં ૩૫૧ છગ્ગા માર્યા હતા, જ્યારે રોહિતની ૩૫૨મી સિક્સર ૨૬૯ ઇનિંગ્સમાં નોંધાઈ છે. આમ, આફ્રિદી કરતાં રોહિત ૧૦૦ ઇનિંગ્સ ઓછી રમ્યો છે અને એમાં તેણે તેનો ૩૫૧ સિક્સરનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે.

ઉલ્લેખનીય છે કે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકૉર્ડ પણ રોહિતના નામે છે, તેણે ૧૫૧ ઇનિંગ્સમાં ૨૦૫ સિક્સર ફટકારી છે. ટેસ્ટ ક્રિકેટમાં તેણે ૧૧૬ ઇનિંગ્સમાં ૮૮ સિક્સર ફટકારી છે, આમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેણે કુલ ૬૪૨ સિક્સર ફટકારી છે, જે પણ એક વર્લ્ડ રેકૉર્ડ છે.

**વન-ડેમાં સૌથી વધુ છગ્ગા**

૩૫૨ - રોહિત શર્મા
૩૫૧ - શાહિદ આફ્રિદી
૩૩૧ - ક્રિસ ગેઇલ
૨૭૦ - સનથ જયસૂર્યા
૨૨૯ - એમએસ ધોની ■

### દેશે અનાજ

હતું. સ્કાયરૂટના ઇન્ફિનિટી કેમ્પસે ભારતના અવકાશ ઇકોસિસ્ટમને એક નવી ગતિ આપી છે. આ ભારતની નવી વિચારસરણી, ઈનોવેશન અને યુવા શક્તિનું પ્રતિબિંબ છે.''

જમ્મુ અને કાશ્મીરના મધનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે, ''જમ્મુ અને કાશ્મીરના પર્વતીય વિસ્તારોમાં મધમાખીઓ જંગલ તુલસીના ફૂલોમાંથી એક અનોખું મધ ઉત્પન્ન કરે છે, જેને સુલાઈ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સફેદ રંગના મધને રામબન સુલાઈ હની કહેવામાં આવે છે. રામબન સુલાઈ હનીને થોડા વર્ષો પહેલા જીઆઈ ટેગ મળ્યો હતો.'' પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે, ''દક્ષિણ કન્નડ'' જિલ્લામાં પુટ્ટુરની વનસ્પતિઓ મધ ઉત્પાદન માટે ઉત્તમ માનવામાં આવે છે. 'ગ્રામજન્ય' નામનું ખેડૂત સંગઠન આ કુદરતી ભેટને નવી દિશા આપી રહ્યું છે. કર્ણાટકના તુમકુર જિલ્લામાં 'શિવગંગા કાલંજિયા' નામની સંસ્થાના પ્રયાસો પણ પ્રશંસનીય છે. તેઓ શરૂઆતમાં દરેક સભ્યને બે મધમાખીના બોક્સ પૂરા પાડે છે. '' આ કરીને સંસ્થાએ ઘણા ખેડૂતોને તેના મિશન સાથે જોડ્યા છે. આજે ભારત મધ ઉત્પાદનમાં નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. ૧૧ વર્ષ પહેલાં દેશમાં મધનું ઉત્પાદન ૭૫,૦૦૦ મેટ્રિક ટન હતું, જે હવે વધીને ૧૫ મિલ્યન મેટ્રિક ટનથી વધુ થઈ ગયું છે.''

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં વધુમાં કહ્યું હતું કે, આપણે બધા જાણીએ છીએ કે મહાભારતનું યુદ્ધ હરિયાણાના કુરુક્ષેત્રમાં થયું હતું. પરંતુ હવે તમે ત્યાંના મહાભારત અનુભવ કેન્દ્રમાં આ યુદ્ધનો વ્યક્તિગત અનુભવ કરી શકો છો. મહાભારતની ગાથા આ અનુભવ કેન્દ્રમાં ૩ડી, લાઇવ અને સાઉન્ડ શો અને ડિજિટલ ટેકનોલોજીમાં રજૂ કરવામાં આવી રહી છે. કુરુક્ષેત્રના બ્રહ્મ સરોવર ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવમાં હાજરી આપવી મારા માટે ખૂબ જ ખાસ હતી. હું એ જોઈને ખૂબ જ પ્રભાવિત થયો કે કેવી રીતે વિશ્વભરના લોકો દૈવી ગ્રંથ, ગીતાથી પ્રેરિત થઈ રહ્યા છે. આ ઉત્સવમાં યુરોપ અને મધ્ય એશિયા સહિત ઘણા દેશોમાંથી લોકો ભાગ લેવા આવ્યા હતા. પીએમ મોદીએ કહ્યું, ''બ્લાઇન્ડ ક્રિકેટ વર્લ્ડ કપમાં આપણી મહિલા ટીમનો વિજય એક નોંધપાત્ર સિદ્ધિ છે. દેશવાસીઓને આ ટીમના દરેક ખેલાડી પર ખૂબ ગર્વ છે.'' ■

### મુંબઈમાં પ્રોપર્ટીનું

બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. સ્ટેમ્પ ડ્યૂટીના કલેક્શને પણ રૂ. ૧,૦૩૮ કરોડના આંકને સ્પર્શ કર્યો હતો જે અગાઉના વરસના આ જ સમયગાળા કરતાં ૧૨ ટકા વધુ છે. ચાલુ મહિનામાં નોંધાયેલા કુલ રજિસ્ટ્રેશનમાં રહેણાકનો ફાળો ૮૦ ટકા જેટલો રહ્યો છે. (એજન્સી) ■

### ૩૭ નક્સલીઓનું

આવશે. અધિકારીએ જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારની આત્મસમર્પણ અને પુનર્વસન નીતિથી પ્રેરાઇને છેલ્લા ૨૦ મહિનામાં દંતેવાડા જિલ્લામાં ૫૦૮થી વધુ માઓવાદીઓ હિંસા છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. જેમાંથી ૧૬૫ માઓવાદીઓ પર ઇનામ હતું. છેલ્લા ૨૩ મહિનામાં છત્તીસગઢમાં ટોચના કેડર સહિત ૨૨૦૦થી વધુ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

### સ્વદેશી ચીજો

સામૂહિક પ્રયાસોને લોકો સમક્ષ લાવવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ છે. આજકાલ આપણા દેશમાં એન્ડ્યુરન્સ સ્પોર્ટ્સની સંસ્કૃતિ ઝડપથી ઉભરી રહી છે. આ માનવ ક્ષમતાની કસોટી કરતી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરે છે. મને કહેવામાં આવ્યું છે કે દર મહિને દેશભરમાં ૧,૫૦૦ થી વધુ સ્પોર્ટ્સનું આયોજન કરવામાં આવે છે, જેમાં રમતવીરો ભાગ લેવા માટે દૂર-દૂર સુધી મુસાફરી કરે છે. આનું એક ઉદાહરણ આયર્નમેન છે, જેમાં સમુદ્રમાં ચાર કિલોમીટર તરવું, ૧૮૦ કિલોમીટર સાઇકલ ચલાવવી અને એક જ દિવસમાં ૮૨ કિલોમીટર મેરેથોન દોડવાનો સમાવેશ થાય છે. આવી ઘણી બીજી સ્પર્ધાઓ છે જે યુવાનોમાં વધુને વધુ લોકપ્રિય બની રહી છે. આ ફિટનેસને પ્રોત્સાહન આપે છે. દર મહિને તમને મળવું મારા માટે એક નવો અનુભવ છે. તમારી વાર્તાઓ અને તમારા પ્રયત્નો મને પ્રેરણા આપે છે. તમારા સૂચનો મને આ કાર્યક્રમમાં ભારતની વિવિધતાને સામેલ કરવા પ્રેરણા આપે છે. કૃપા કરીને શિયાળાની ઋતુ દરમિયાન તમારી અને તમારા પરિવારની સંભાળ રાખો. આવતા મહિને આપણે નવા વિષયો પર ચર્ચા કરીશું. ત્યાં સુધી ખૂબ ખૂબ આભાર.

આ મહિનો રમતગમતની દ્રષ્ટિએ પણ ભારત માટે સુપરહિટ રહ્યો છે. મહિલા ટીમે વર્લ્ડ કપ જીત્યો. થોડા દિવસો પહેલા જ ડેફ ઓલિમ્પિકમાં ૨૦ મેડલ જીત્યા હતા. આપણી મહિલા ટીમે કબડ્ડી વર્લ્ડ કપ જીત્યો હતો. અમારી ખેલાડીઓએ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં પણ ૨૦ મેડલ જીત્યા હતા. અમારી બ્લાઈન્ડ મહિલા ટીમે એક પણ મેચ હાર્યા વિના વર્લ્ડ કપ જીત્યો હતો. આ ટીમની હિંમત અને ભાવના આપણને ઘણું શીખવે છે. આ જીત દરેક ભારતીયને પ્રેરણા આપતી રહેશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના માસિક રેડિયો કાર્યક્રમ ''મન કી બાત'' માં કોમનવેલ્થ ગેમ્સની યજમાનીનો પણ ઉલ્લેખ કર્યો હતો. ભારતને તાજેતરમાં ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાની બિડ મળી હતી, જે અમદાવાદમાં યોજાશે. ''મન કી બાત'' માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનું ઉદાહરણ આપતા પીએમ મોદીએ કહ્યું કે ભારતે રમતગમતની દુનિયામાં પોતાની છાપ છોડી છે. વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે આ મહિને વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ છે, જેમાં દેશભરમાં ભવ્ય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેમણે અયોધ્યામાં રામ મંદિરમાં ધર્મધ્વજ લહેરાવવામાં આવ્યો અને કુરુક્ષેત્રમાં જ્યોતિસર ખાતે પંચજન્ય સ્મારકના ઉદ્‌ઘાટન જેવી ઐતિહાસિક ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે હૈદરાબાદમાં વિશ્વની સૌથી મોટી લીપ એન્જિન એમઆરઓ ફેસિલિટીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું, જેનાથી ભારતને વૈશ્વિક ઉડ્ડયનમાં એક નવો પગપેસારો મળ્યો હતો. વધુમાં, આઈએનએલ માહેને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું, જેનાથી દરિયાઈ સુરક્ષા ક્ષમતાઓમાં વધુ વધારો થયો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભારતે ઉડ્ડયન ક્ષેત્રમાં મેઈન્ટેનન્સ અને ઓવરહોલ ક્ષેત્રમાં એક મોટું પગલું ભર્યું છે. ગયા અઠવાડિયે મુંબઈમાં આઈએનએલ માહેને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું. ગયા અઠવાડિયે સ્કાયરૂટના ઇન્ફિનિટી કેમ્પસના લોન્ચ સાથે ભારતના અવકાશ ઇકોસિસ્ટમને એક નવો વેગ મળ્યો. આ બધું ભારતના નવા વિચારો, ઈનોવેશન અને યુવા શક્તિનું પ્રતિબિંબ બન્યું છે. વધુમાં તેમણે કહ્યું હતું કે દેશે કૃષિ ક્ષેત્રમાં પણ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. ભારતે ૩૫૭ મિલિયન ટન ખાદ્યાન્નનું ઉત્પાદન કરીને ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, થોડા દિવસો પહેલા સોશ્યલ મીડિયા પર એક વીડિયોએ મારું ધ્યાન ખેંચ્યું. આ વીડિયો ઈસરો દ્વારા આયોજિત એક અનોખી ડ્રોન સ્પર્ધાનો હતો. આ વીડિયોમાં આપણા દેશના યુવાનો, ખાસ કરીને આપણા જેન-ઝી મંગળ ગ્રહ જેવી સ્થિતિમાં ડ્રોન ઉડાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પુણેના યુવાનોની એક ટીમે આ સ્પર્ધામાં થોડી સફળતા મેળવી હતી. તેમનું ડ્રોન પણ ઘણી વખત પડી ગયું અને ક્રેશ થયું પરંતુ તેઓએ હાર માની નહીં. ઘણા પ્રયાસો પછી આ ટીમનું ડ્રોન મંગળ ગ્રહની સ્થિતિમાં થોડા સમય માટે ઉડવામાં સફળ રહ્યું. ■

## ઓડિશાના બંદર પર જહાજમાં આગ

પારાદીપઃ ઓડિશાના પારાદીપ બંદર પર લાંગરેલા એક માલવાહક જહાજમાં કોલસો ભરતી વખતે આગ ફાટી નીકળી હતી. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આગ મોડી રાત્રે ૧૨-૫૫ વાગ્યે લાગી હતી. જ્યારે ચેન્નાઇ રાધા બર્થ પર એક કન્વેયર બેલ્ટના માધ્યમથી કોલસાને ઇકો કર્નલ મોનોર્વિયા પર લોડ કરવામાં આવી રહ્યો હતો ત્યારે આગ ફાટી નીકળી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ત્યારબાદ જહાજને સીક્યૂ-૨ બર્થ પર લાવવામાં આવ્યું હતું. જ્યાં જહાજમાંથી કોલસો કાઢવામાં આવ્યો હતો. તેમજ અગ્નિશામકોએ ગરમ કોલસા પર પાણી રેડ્યું હતું. જો કે બપોરે ૨-૧૦ વાગ્યા સુધીમાં આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ ઘટનાના કારણોની ભાળ મેળવવા માટે તપાસ ચાલી રહી છે. ■

## પંજાબમાં લગ્ન સમારોહમાં ગેંગવોર

લુધિયાણાઃ પંજાબના લુધિયાણામાં શનિવારે મોડી રાત્રે એક લગ્ન સમારોહમાં ગેંગવોર ફાટી નીકળી હતી. જેમાં બંને ગેંગના લોકોએ ગોળીબાર કર્યો હતો. જેમાં બે લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ લગ્ન સમારોહમાં અંધાધૂંધી ફેલાઇ ગઇ હતી. બનાવની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ આદરી હતી.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર લુધિયાણાના પખોવાલ રોડ પર એક લગ્ન સમારંભ ચાલી રહ્યો હતો. જેમાં બે ગેંગના લોકો પણ હાજર હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે કોઇ મુદ્દે વિવાદ થયા બાદ ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં હતાં. ત્યારબાદ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા. જો કે હજુ સુધી ગોળીબાર કરનારાઓની ધરપકડ કરવામાં આવી નથી. પોલીસના જણાવ્યા અનુસાર એક લગ્નમાં બે ગેંગ વચ્ચે થયેલા ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં છે. જ્યારે બે ઘાયલ થયા છે. જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. લગ્ન સમારોહમાં કામ કરનાર એક વ્યક્તિએ જણાવ્યું કે રાત્રે ૧ થી ૨ વાગ્યાની વચ્ચે પાર્ટી ચાલી રહી હતી અને સાત ફેરાની તૈયારીઓ થઇ રહી હતી. તે વખતે ગોળીબાર શરૂ થયો હતો. ■




**BOOK YOUR CABIN NOW!**
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

## ઝવેરી સાથે ૨૭ લાખ રૂપિયાની છેતરપિંડી આચરનારો પકડાયો

થાણે: થાણે જિલ્લામાં ઝવેરી સાથે ૨૭.૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ પોલીસે ભાયંદરના શખસની ધરપકડ કરી હતી.

આરોપીએ જુલાઇમાં ઓનલાઇન રિયલ એસ્ટેટ માર્કેટ પ્લેસ મારફત ૫૭ વર્ષના ઝવેરી સાથે મિત્રતા કરી હતી અને ફ્લેટ ખરીદવા માટે એડવાન્સ પેમેન્ટ તરીકે ૬૬ લાખ રૂપિયાનો ચેક આપીને તેનો વિશ્વાસ સંપાદન કર્યો હતો.

બાદમાં આરોપીએ કોઇ પણ ચુકવણી કર્યા વિના ઝવેરી પાસેથી ૨૭.૫ લાખ રૂપિયાના દાગીના ખરીદ્યા હતા અને પછી મિલકતના સોદા માટે જારી કરેલા માટે સ્ટોપ-પેમેન્ટની સૂચના આપી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન ઝવેરીએ આ પ્રકરણે ભાયંદર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ૧૬ સપ્ટેમ્બરે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

આરોપી ધરપકડથી બચવા માટે પોતાની ઓળખ છુપાવીને વારંવાર પોતાનાં ઠેકાણાં બદલતો હતો. તે દિલ્હી, નોઇડા અને મુંબઈમાં છુપાયો હતો. આખરે પોલીસે ૨૭ સપ્ટેમ્બરે તેને થાણેની હોટેલમાં શોધી કાઢ્યો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી વિરુદ્ધ ૨૦૦૦થી મુંબઈ અને થાણેમાં છેતરપિંડીના અમુક ગુના નોંધાયેલા છે. (પીટીઆઇ)

## ગોરેગામમાં ઈન્સ્ટા ઈન્ફ્લ્યુએન્સરનો વિનયભંગ: યુવકની ધરપકડ

મુંબઈ: ગોરેગામમાં ૨૨ વર્ષની ઇન્સ્ટા ઇન્ફ્લ્યુએન્સરનો વિનયભંગ કરીને ફરાર થયેલા ૨૭ વર્ષના યુવકને પોલીસે ઝડપી પાડી લોકઅભેગો કરી દીધો હતો. યુવકની ઓળખ કુલદીપ બુધીરામ કનોજિયા તરીકે થઇ હોઇ તે મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અને ગોરેગામ પશ્ચિમના ઉદ્યોગનગરમાં પ્લાસ્ટિકની ફેક્ટરીમાં કામ કરે છે. પોલીસે ઘટનાસ્થળ તેમ જ આસપાસના વિસ્તારમાંના ૮૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને તેને આધારે આરોપીને શોધી કાઢ્યો હતો.

ફરિયાદી યુવતી ૨૬ નવેમ્બરના રોજ ગોરેગામ પશ્ચિમમાં રેડીસન હોટેલની નજીકના બસ સ્પોટ પાસેથી પગપાળા જઇ રહી હતી ત્યારે પાછળથી આવેલા આરોપીએ તેનો વિનયભંગ કર્યો હતો અને બાદમાં ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. આ ઘટનાથી ગભરાયેલી ફરિયાદીએ તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ કૉલ લાગ્યો નહોતો. આથી ફરિયાદીએ તેની માતાને કૉલ કરી ઘટનાની જાણ કરી હતી. બાદમાં તેણે સમગ્ર ઘટનાની માહિતી સોશિયલ મીડિયા પર શૅર કરી હતી. તેની સોશિયલ મીડિયા પોસ્ટ વાયરલ થયા બાદ પોલીસ હરકતમાં આવી હતી અને આરોપીને પકડવા માટે ત્રણ ટીમ તૈયાર કરાઇ હતી. પોલીસની ટીમે ૮૦થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને આરોપીને ૨૪ કલાકમાં ગોરેગામના ઉદ્યોગનગરથી શોધી કાઢ્યો હતો. પૂછપરછમાં આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી.

## સ્ટિંગ ઓપરેશન કેસમાં કેસ નોંધાતા નિલેશ રાણે આક્રમક બન્યા

મુંબઈ: નગરપાલિકા અને નગર પરિષદની ચૂંટણીનો માહોલ ગરમાયો હોવાથી રાજકારણ ખૂબ જ ઉગ્ર બન્યું છે. આ દરમિયાન, તાજેતરમાં જ શિવસેના (શિંદે જૂથ)ના ધારાસભ્ય નિલેશ રાણેએ માલવણના એક ભાજપ પદાધિકારીના ઘરે જઈને 'સ્ટિંગ ઓપરેશન' કર્યું હતું. નિલેશ રાણેએ આરોપ લગાવ્યો હતો કે આ સંબંધિત ભાજપ પદાધિકારીના ઘરમાં પૈસાથી ભરેલી એક બેગ મળી આવી હતી. જેના કારણે મોટી સનસનાટી ફેલાઈ હતી.

આ પછી હવે આ મામલામાં ધારાસભ્ય નિલેશ રાણે વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. આ સમગ્ર ઘટનાક્રમ પર બોલતી વખતે નિલેશ રાણે ફરી એકવાર આક્રમક બન્યા છે. ગુનો નોંધાયા પછી નિલેશ રાણેએ સીધો પોલીસને પડકાર ફેંક્યો છે. નિલેશ રાણેએ કહ્યું હતું કે મને ફક્ત નોટિસ જ મળી નથી પણ એફઆઇઆર પણ નોંધાઈ છે. તો હવે પોલીસે મારી ધરપકડ કરવી જોઈએ. પોલીસ મારી ધરપકડ કેમ નથી કરી રહી? હું અહીં બેઠો છું અને નજીકમાં એક પોલીસ સ્ટેશન છે. હું રાહ જોઈ રહ્યો છું કે તેઓ આવું કોઈ પગલું ભરે'' નિલેશ રાણેએ કહ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, મેં એક ચોરને તેના ઘરમાંથી ચોરી કરતા પકડ્યો, પરંતુ પોલીસે મારી સામે બેઠેલા વ્યક્તિને એક પણ નોટિસ આપી નહીં. તેના બદલે, તેઓએ મારી વિરુદ્ધ કેસ નોંધ્યો.

છેલ્લા પાનાનું ચાલુ

### 'પતિઓ પણ

લાડકી બહેન યોજના શરૂ કરી અને તમને ૧,૫૦૦ રૂપિયા આપ્યા. જો તેઓ સત્તામાં નહીં હોય, તો આ પૈસા તમારા ખાતામાં આવવાનું બંધ થઈ જશે,' એમ તેમણે સભામાં મહિલાઓને કહ્યું હતું.

૨૪૬ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણી બીજી ડિસેમ્બરે યોજાશે અને મતગણતરી ત્રીજી ડિસેમ્બરે થશે. ૧.૦૭ કરોડથી વધુ મતદારો ૬૮૫૯ સભ્યો અને ૨૮૮ નગરાધ્યક્ષોને ચૂંટી કાઢશે.

ગોરેએ વધુમાં કહ્યું હતું કે, 'કોઈની પાસેથી પૈસા લો, તેનાથી કોઈ ફરક પડતો નથી, પણ તેમને મત ન આપો. જ્યારે તમે મત આપો, ત્યારે દેવાભાઉ દ્વારા આપવામાં આવેલા ૧,૫૦૦ રૂપિયા ભૂલશો નહીં. વફાદાર રહો.'

રક્ષા બંધન દરમિયાન બહેનોને પૈસા ભેટ આપનારા ભાઈઓ પણ આને માટે તેમની પત્નીઓની મંજૂરી લે છે, એમ પણ તેમણે કહ્યું હતું.

મહાયુતિના સાથી પક્ષો પર કટાક્ષ કરતા તેમણે કહ્યું હતું કે શાસક સરકારમાં કેટલાક પક્ષો દાવો કરે છે કે તિજોરી તેમની પાસે છે, પરંતુ અંતિમ મંજૂરી ભાજપ પાસે છે.

### મુંબઈમાં

અઠવાડિયા દરમ્યાન મુંબઈગરાએ ગરમી અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. દિવસ દરમ્યાન વાદળિયા વાતાવરણની સાથે ઉકળાટ તથા લઘુતમની સાથે જ મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. જોકે રવિવારે તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ રવિવારે સવારના કોલાબામાં મહત્તમ તાપમાન ૨૦.૫ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછું હતું અને સાંતાક્રુઝમાં ૧૫.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૪.૪ ડિગ્રી ઓછું છે. હજી શનિવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૧.૮ ડિગ્રી નોંધાયું હતું અને ૨૪ કલાકની અંદર જ તેમાં લગભગ છ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. રવિવારનું ૧૫.૭ ડિગ્રી સાથે છેલ્લા ૧૩ વર્ષનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. તો નવેમ્બર મહિનાનો ઓલ ટાઈમ રેકોર્ડ ૧૯ નવેમ્બર, ૧૯૫૦નો છે, તે દિવસે મુંબઈમાં ૧૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મુંબઈમાં છેલ્લા ૧૩ વર્ષમાં ૧૬ ડિગ્રીથી નીચે તાપમાન નોંધાયું નથી. સાંતાક્રુઝમાં આ અગાઉ ૧૯ નવેમ્બરના ૨૦૧૨નાા ૧૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે ત્રણ ડિસેમ્બર સુધી તાપમાનનો પારો ૧૫થી ૧૭ ડિગ્રીની આસપાસ રહેશે એવો અંદાજો વ્યક્ત કર્યો છે, જેમાં પહેલી ડિસેમ્બરના લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ અને બીજી ડિસેમ્બરના ૧૪ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. ચાર ડિસેમ્બર બાદ લઘુતમ તાપમાનમાં ફરી વધારો થવાની શક્યતા છે.

#### ઉત્તર-પૂર્વીય પવનની અસર

મુંબઈ સહિત રાજ્યમાં તાપમાનમાં મોટો ઘટાડો થયો છે અને રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. મુંબઈમાં માત્ર ૨૪ કલાકની અંદર ૬.૧ ડિગ્રીનો અચાનક ઘટાડો નોંધાયો છે. હવામાનના નિષ્ણાતના કહેવા મુજબ હાલ મહારાષ્ટ્ર તરફ પવનો મુખ્યત્વે ઉત્તર-પૂર્વ તરફથી ફૂંકાઈ રહ્યા છે. આ ઉત્તર-પૂર્વીય પવનોએ રાજસ્થાન અને મધ્ય પ્રદેશના તાપમાનમાં ઘટાડો કર્યો છે. તેથી ઉત્તર તરફથી ઠંડા અને સૂકા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે મુંબઈના તાપમાનમાં ઘટાડો થયો છે. આ ઘટાડો ઉત્તર કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રને પણ થઈ રહ્યો છે.

#### છેલ્લા એક દાયકાનો ઠંડો નવેમ્બર

છેલ્લા એક દાયકામાં આ વર્ષનો નવેમ્બર ઠંડો રહ્યો છે. આ અગાઉ નવેમ્બરમાં દિવસનું તાપમાન પણ ઓછું નોંધાયું હતું, જેમાં કોલાબામાં ૨૭ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૨૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું. નવેમ્બરની શરૂઆતમાં તાપમાનમાં ઘટાડો પહેલી નવેમ્બરથી ત્રણ નવેમ્બર કમોસમી વરસાદને કારણે થયો હતો, જે છેલ્લા છ વર્ષમાં શહેરનો સૌથી ભીનો નવેમ્બર મહિના તરીકે પણ નોંધાયો હતો.

#### રાજ્યમાં સૌથી નીચું તાપમાન જેઉરમાં ૮.૦

ઉત્તર-પૂર્વીય પવનોની અસર હેઠળ મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. રાજ્યના મોટાભાગના જિલ્લામાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. મધ્ય મહારાષ્ટ્રના જેઉરમાં ૮.૦, અહિલ્યા નગર (અહમદ નગર) ૯.૫, જળગાંવમાં ૯.૦, નાશિકમાં ૯.૯, પુણેમાં ૯.૮ ડિગ્રી, મહાબળેશ્વરમાં ૧૧.૪ ડિગ્રી, સાંગલીમાં ૧૩.૯ ડિગ્રી, સતારામાં ૧૨.૪ ડિગ્રી, સોલાપુરમાં ૧૪.૮ ડિગ્રી અને કોલ્હાપુરમાં ૧૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મરાઠવાડાના ઔરંગાબાદમાં ૧૦.૨ ડિગ્રી, પરભણીમાં ૧૨.૧ અને વિદર્ભના અમરાવતીમાં ૧૦.૭ ડિગ્રી, યવતમાળામાં ૧૧.૦ ડિગ્રી, નાગપુરમાં ૧૧.૪ ડિગ્રી, વર્ધામાં ૧૩.૦ ડિગ્રી, બુલઢાણામાં ૧૩.૪ ડિગ્રી અને ચંદ્રપુરમાં ૧૩.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.



### દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) દીપક ગંગારામ શેગોકણ | | ૨,૫૦,૦૦૦ |
| ૨) જયશ્રી દાદાસાહેબ ચેટલ | | ૪૦,૦૦૦ |
| ૩) રામા દત્તા | | ૫૦,૦૦૦ |
| ૪) યોગેન્દ્ર સિંહ | | ૧,૫૦,૦૦૦ |
| ૫) અસ્મા સિદ્દીકુએ | | ૪૦,૦૦૦ |
| ૬) અજય કુમાર દાસ | | ૧,૦૦,૦૦૦ |
| ૭) પ્રદીપ બઠામ | | ૨,૫૦,૦૦૦ |
| ૮) સંજય દાસ | | ૧,૦૦,૦૦૦ |
| ૯) શ્યામલી સિકદન | | ૫,૦૦૦ |
| ૧૦) દિલમોહમ્મદ અન્સારી | | ૨,૦૦,૦૦૦ |
| ૧૧) કબિતા શાસ્મલ | | ૨,૫૦,૦૦૦ |
| ૧૨) ઉમા હળદર | | ૪૦,૦૦૦ |
| ૧૩) રતન લાલ શોવ | | ૮૦,૦૦૦ |
| ૧૪) શ્યામ બિહારી લાલ | | ૮૦,૦૦૦ |
| ૧૫) ખુશ્બૂ દેવી | | ૨,૫૦,૦૦૦ |
| ૧૬) માબતી ગોલ્ડર | | ૫૦,૦૦૦ |
| ૧૭) રીટા દત્તા | | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧૮) મોહડ માટિન હુસૈન | | ૬,૦૦,૦૦૦ |
| ૧૯) અબુઝર મોહમ્મદ ખાન | | ૩,૫૦,૦૦૦ |
| ૨૦) રિષિકા રાજક | | ૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૭૩૭)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૪૨૮/બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર. સ્વ માતુશ્રી પદમાબેન જયંતિલાલ પારેખના સુપુત્ર ભરતભાઈ (ઉં.વ.૭૭), તે લતાબેનના પતિ. તે અનિલભાઈ, વર્ષાબેનના મોટાભાઈ. તે નેહલ કલ્પેશકુમાર, સોનાલી કલ્પેશકુમાર, શ્વેતા પ્રતીકકુમાર, ચિરાગ, કિંજલ, આતિશ, વૈભવીના પિતાશ્રી. તે મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ માતુશ્રી રંજનબેન જયંતિલાલ સુખલાલ મહેતાના જમાઈ. તે માનસ, ચીરાલી, હર્ષ, ગૌતમી, હેઝલના નાનાજી. ૨૯.૧૧.૨૫ના શનિવારે, અરિહંત શરણ પામેલ છે, પ્રાર્થનાસભા ૧.૧૨.૨૫. સવારે ૧૦ થી ૧૧.૩૦ પરમ કેશવ બાગ નવરોજી લેન, ઘાટકોપર વેસ્ટ મુંબઈ ૮૬. નેત્રદાન તેમજ ત્વચાદાન કરેલ છે. વેલેટ પાર્કિંગ વ્યવસ્થા રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ કકરવાના સ્વ. ભમીબેન ડુંગરશીના સુપૌત્ર, માતુશ્રી સતીબેન ખીરા દેઢિયાના સુપુત્ર ગુણશીભાઈ (ઉં.વ.૭૬) મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. નવલબેનના પતિ. ગુણવંતી, જયશ્રી, લવિંગા, મનિષા, જ્યોતિ, શાંતીના પિતાશ્રી. નવિન કારિયા, સુરેશ ફરિયા, મહેશ ડાઘા, દિલીપ ગાલા, નિતીન સત્રા, અંકિત નિશરના સસરા. નિખીલ, ભુમિકા, ધવલ, પ્રતિક, સ્વ.ફોરમ, વરૂણ, પાર્થ, જય, પાર્શ્વ, દર્શિત, ચાર્વી, નિયતીના નાના. મોંઘીબેન પોપટ નંદુના જમાઈ. પ્રાર્થના સભા : સોમવાર સમય: સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ : શ્રી કરસન લધુભાઈ નિશર હોલ, દાદર (વે).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી બિપિનચંદ્ર હરગોવિંદદાસ ચિતલીયાની ધર્મપત્ની શ્વેતાબેન (સરલા બેન) બિપિનચંદ્ર ચિતલીયા, (ઉં.વ.૭૧) ૨૯-૧૧-૨૫ના રોજ અરીહંત શરણ પામેલ છે. સ્વ. જસવંતીબેન હરગોવિંદદાસની પુત્રવધૂ. તે શીલાબેન, કોકિલાબેન, સ્વ. નયનાબેન તથા રિટાબેનના ભાભી. તે સ્વ. રેવાબેન ઝવેરચંદ મહેતાની સુપુત્રી. તે મયુરભાઈ અને કેતનભાઈ તથા સ્વ. મંજુલાબેન, હંસાબેન, પ્રેમિલાબેન, શેફાલીબેનની બહેન.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

કોટડી (મહા)ના હરેશ મગનલાલ દેઢિયા (ઉં.વ.૪૭) ૨૮/૧૧/૨૫ના અવસાન પામેલ છે. ખેતબાઈ ખીમજીના પૌત્ર. પ્રેમીલા મગનલાલના પુત્ર. કલ્પનાના ભાઈ. મકડા રાણબાઈ ખીમજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મગનલાલ દેઢિયા, રૂમ નં. ૭, યોગેશ એપા., નાના શંકર રોડ, ડોંબિવલી (વે)- ૪૨૧૨૦૨.

વડાલાના ભારતીબેન રાઘવજી ગોગરી (ઉં.વ. ૮૬) ૨૯/૧૧/૨૫ના અવશાન પામેલ છે. વેલબાઈ રવજી તેજુના પુત્રવધૂ. રાઘવજીના ધર્મપત્ની. સ્વ ગિરીશ, દિના, તરલા, મનીષા, કવિતાના માતુશ્રી. ભુજપુરના સ્વ. લાડબાઈ રામજી કાનજીની સુપુત્રી. ભુજપુરના દેવચંદ, પાનબાઈ કરમશી, ભાનુમતિ મોણશી, દેશલપર વેલબાઈ નાનજી, બેરાજા પ્રભા ઠાકરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાઘવજીભાઇ ગોગરી, ૬/૧૧૧ રામનગર, એસ.વી.રોડ, ગોરેગામ (વેસ્ટ), મું.૧૦૪.

### મુંબઈ-નાશિક

છે. આ રૂટ પર દરરોજ ૭૦ થી ૭૫ એક્સપ્રેસ, મેલ અને માલગાડીઓ દોડે છે, પરંતુ ફક્ત બે જ ટ્રેક હોવાથી ટ્રેનો ઘણીવાર મોડી પડે છે.

રેલવે મંત્રાલયે પ્રસ્તાવિત રૂટને મંજૂરી આપી દીધી છે, જે ઇગતપુરી, નાશિક, નિફાડ, ચાંદવાડ અને નંદગાંવ તાલુકામાંથી પસાર થશે. સરકારે ગેઝેટમાં જમીન સંપાદન માટે જરૂરી કાર્યવાહી નોંધાવી છે અને ટૂંક સમયમાં વિગતવાર સૂચના જારી કરવામાં આવશે. અગાઉ, કલ્યાણથી કસારા અને મનમાડથી ભુસાવળ રૂટ પર ત્રીજી અને ચોથી લેન તૈયાર કરવામાં આવી રહી છે. હવે કસારાથી મનમાડ રૂટ પર કામ શરૂ થશે. મુંબઈ-નાશિક લોકલ સેવા શરૂ કરવા માટે પણ આ એક મહત્વપૂર્ણ પગલું હશે અને નાશિકવાસીઓનું સ્વપન સાકાર થશે.

## હિન્દુ મરણ

શ્રીનાથજી યાત્રા સંઘવાળા (બેટ દ્વારકા) હાલ રાજકોટ સ્વ. ભીખુભાઇ ગોરધનદાસ મજીઠીયાના ધર્મપત્ની. સ્વ. હરિદાસ સોમાણી (મીઠાપુર)ના દીકરી. તેમ જ સુરેશભાઇ, નરેશભાઇ તેમ જ પ્રકાશભાઇના માતુશ્રી ગુણવંતીબેન મજીઠીયા તા. ૩૦-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ મોસાળપક્ષની સાદડી તા. ૧-૧૨-૨૫ પંચનાથ મંદિર, રાજકોટ ખાતે ૪થી ૫.

**દશાલાડ વણિક**

ભરતભાઈ શાંતિલાલ શ્રોફ, (ઉં.વ.૮૫), વિલેપાર્લેના રહેવાસી, મીનાબેન શ્રોફના પતિ. ભાવેશભાઈ, વૈશાલીબેન, સ્વ.સૌરભભાઈના પિતા. ગીતાબેન, વૃંદાબેન, નિલેશભાઈના સસરા. ૨૯/૧૧/૨૫ના રોજ શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૨/૧૨/૨૫ મંગળવારના રોજ સાંજે ૫ થી ૭, સ્થળ: મંડપમ હોલ,ઇસ્કોન ટેમ્પલ, શ્રી મુક્તેશ્વર દેવલાયા રોડ, જુહુ, મુંબઈ ૪૯.

**કંઠી ભાટિયા**

મૂળ ગામ સાપર, જામનગર, હાલ પરેલ, અનિલભાઈ મોતીબાઈ ધરમસિંહ વેદ (ઉં.વ. ૮૧)૨૯.૧૧.૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નલીનીબેનના પતિ. પ્રીતિ ભાવેશ ગોંડલિયા, સોના કેતન શાહ અને વૈશાલી જગદીપ વેદના પિતાશ્રી. સ્વ. મણિબાઈ પ્રાગજી રવજીયાણીના જમાઈ. સ્વ. સુરેન્દ્રભાઈ, સ્વ. જયંતિભાઈના ભાઈ. તે પૃથા જીનિલ, શ્વેતા પરિમલ, રિદ્ધિ, મીત અને કાવ્યાના નાના- દાદા. રહેઠાણ- વી.એમ. ભાટિયા નિવાસ, ગોવિંદજી કેની રોડ, પરેલ. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

નવનીતલાલ ગોવિંદજી વિઠલાણી, (ઉં.વ.૮૦) મૂળગામ આંત્રોલી હાલ ખપોલી નિવાસી. તે ગો.વા. નીતાબેન તથા ગો.વા. ઇન્દુમતીબેનના પતિ. તે સ્નેહા સચિનકુમાર જોબનપુત્રા(કલ્યાણ) તથા પૂનમ મનોજકુમાર ઠક્કર(ચીખલી- ગુજરાતના)ના પિતા. તે સ્વ.મોહનલાલ, સ્વ.સવિતાબેન ઘનશ્યામદાસ બુધ્ધદેવ તથા સ્વ. ચંપકભાઈના ભાઈ. તે પંકજભાઈ, મનીષભાઈ,મીનાબેન ગોકળદાસ મોદી પ્રીતીબેન રાહુલકુમાર બુધ્ધદેવ તથા હેતલબેન મનીષકુમાર ચંદેના કાકા. તે પ્રવિણભાઇ ગોપાલદાસ જોબનપુત્રા તથા સ્વ. સુરેશભાઈ ભાનજીભાઈ ઠક્કરના વેવાઈ. તે શનિવાર ૨૯/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર ૧/૧૨/૨૫ બપોરે ૩:૩૦ થી ૫ના શાંતાબેન જમનાદાસ રાયઠઠ્ઠા સભાગૃહ , સરસ્વતીમાં લોહાણા મહાજનવાડી, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા ની સામે બઝાર પેઠ ખોપોલી - ૪૧૦૨૦૩ માં રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ માધવપુર (ઘેડ) હાલ મુંબઇ. સ્વ. વલ્લભદાસ મકનજી કોટેચાના ધર્મપત્ની ગોદાવરી બેન (ઉં.વ. ૮૭), તા.૨૯-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ભાનુ, પ્રદીપ, રમેશ અને મહેશના માતુશ્રી. જ્યોતિ, સ્વ. ભારતી, રૂપા અને જગદીશકુમાર ચગના સાસુ. તે પોપટલાલ મકનજી કોટેચાના ભાભી. સ્વ. સાકરબેન આનંદજી રાયઠઠ્ઠાના દીકરી. સ્વ. નાનજી ભાઈ, મણીલાલ, સ્વ. મોહનલાલ, સ્વ. શાંતિલાલ અને સ્વ.ધીરજબાળાના બહેન. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

મનસુખલાલ જાદવજી વસાણી, (ઉં.વ.૮૨), હાલ કાંદિવલી, તે વીણાબેન (નીરુબેન)ના પતિ. તે હિરેનના પિતાશ્રી. તે રાધાબેનના સસરા. તે સ્વ. જાદવજી નરશી વસાણી - થાણાવાળાના પુત્ર. તે સ્વ. સવિતા પ્રભુદાસ પાબારી, સ્વ. જશુમતી મનસુખલાલ તન્ના, ઘનશ્યામ અને ધરમશીના ભાઈ. તે સ્વ. હરિલાલ કાનજી મીરાણીના જમાઈ. ૨૯-૧૧-૨૫, શનિવારે મુંબઈ ખાતે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા, ૧-૧૨-૨૫ના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ વચ્ચે ઠક્કાઈ ભાટીયા હોલ નં ૫. નમ: હોસ્પિટલ સામે, શંકર ગલી કોર્નર, કાંદિવલી (૫).

**વિશા સોરઠીયા વણિક**

શિલ (ઘેડ) નિવાસી હાલ વિરાર, સ્વ. હરકિશન ડાહ્યાલાલ શાહ, (ઉં.વ.૭૭) શુક્રવાર ૨૮-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે કંચનબેનના પતિ, રૂપાબેન તથા વિપુલના પિતાશ્રી. નિલેશકુમાર અને ઝરણાના સસરા. સ્વ. વિનોદચંદ્ર, સ્વ. મહેન્દ્ર, ગં.સ્વ. જયશ્રીબેનના ભાઈ. રીતીક અને પલકના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ ભુજ-કોઠારા રમેશકુમાર મૂળજીભાઇ ઠક્કર (પૂંજાણી) (ઉં. વ. ૭૪) તે અ. નિ. પ્રેમાબેન મુળજી કુંવરજી પૂંજાણીના નાના પુત્ર. ગં. સ્વ. કાંતાબેનના પતિ. સ્વ. સાવિત્રીબેન કરસનદાસ દનાણી, અ. નિ. લક્ષ્મીદાસ મૂળજી, કમળાબેન સુરેશભાઇ ગણાત્રાના ભાઇ. સ્વ. ડાઇબેન કલ્યાણજી ગણાત્રા ગઢશીશાના જમાઇ. ગં. સ્વ. સાવિત્રીબેન લક્ષ્મીદાસના દિયર. જિન્નાબેન જયેશભાઇ ખાંટ, ભાવેશ, ડિમ્પલબેન જીનેશભાઇ કેસરિયા નાશિકના પિતાજી, નિતાબેન વિજયભાઇ ભગદે, પંકજ, મયૂરના કાકા. ભક્તિબેન (કુસુમ)ના સસરાજી તા. ૨૯-૧૧-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૧૨-૨૫ સોમવારના સાંજે ૪થી ૫. ઠે. રૂખાના હોલ, નવી લોહાણા મહાજન વાડી, ભુજ અને તા. ૨-૧૨-૨૫ના મંગળવારના સાંજે ૪.૩૦થી ૫.૩૦. ઠે. દરિયાસ્થાન મંદિર કોઠારા મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

વિજાપુર નિવાસી હાલ ગોરેગામ રાજેશકુમાર ભાનુપ્રસાદ પંડયા (ઉં. વ. ૬૯) તે ભારતીબેનના પતિ. ભક્તિ, પૂર્વી, માધવીના પિતા શનિવાર, તા. ૨૨-૧૧-૨૫ના રોજ કૈલાસવાસી થયેલ છે. બેસણું સોમવાર, તા. ૧-૧૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે.૩૨૫, પંડયા નિવાસ રોડ, નં.૧૭. જવાહર નગર, ગોરેગામ (વેસ્ટ), મુંબઇ-૧૦૪ મધ્યે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

ગં. સ્વ. કોકિલાબેન કિરિટભાઇ કડકિયા તે સ્વ. ભીખાભાઇ સાંકરલાલ શાહની સુપુત્રી (ઉં. વ ૮૭) તે સ્વ. કિરિટભાઇ કડકિયાના ધર્મપત્ની (વડદલાવાલા) તે દિવ્યેશ, જીતીન, દિપ્તીના માતુશ્રી. તે બીના, રૂપલ, પ્રિયર્દશકુમારના સાસુ. તે ધુમિલ, નિયોની, સ્વપનીલના દાદી તા. ૨૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા ગં.સ્વ. શાંતાલક્ષ્મી જયંતીલાલ મહેતાના સુપુત્ર હિતેનભાઇ (ઉં. વ. ૬૧) તા. ૨૮-૧૧-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે મનિષાબેનના પતિ. અ. સૌ. અદિતી અનુજ પારેખના પિતાશ્રી. નયનાબેન ભરતભાઇ પારેખ, કિર્તીભાઇ તથા અખિલભાઇના ભાઇ. ભાવનગરવાળા કમલનયન હરકિશનદાસ વોરાના જમાઇ. લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ડો. દમયંતી શાહ (ઉં. વ. ૭૮) તે સ્વ. ઓધવજી મુલજી ઠક્કર (રૂપારેલ) તથા સ્વ. કંકુબેન ઓધવજી રૂપારેલ ગામ સંઘડ હાલ મુંબઇના પુત્રી. ધવલ શાહના માતા. અ. સૌ. રશ્મિબેનના સાસુ. રિતિકા તથા નાયસાના દાદી. સ્વ. નરભેરામભાઇ, સ્વ. પ્રેમાબેન, ભાનુબેન, સ્વ. શાંતાબેન, શશીકાંતભાઇ, મુક્તાબેન તથા સ્વ. હંસાબેનના બહેન તા. ૨૮-૧૧-૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૧૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા મોઢ વણિક**

ગામ નડિયાદ હાલ મુંબઇ કાંદિવલી સ્થિત સ્વ. રમેન્દ્ર ચીમનલાલ ગાંધીના ધર્મપત્ની ગં. સ્વ. કુસુમબેન (ઉં. વ. ૮૨) તા. ૨૯-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અ. સૌ. મીનલ, રાહુલ, અને અ.સૌ. બિજલના માતુશ્રી. બિરેન, અ. સૌ. સોનાલ અને તુષારના સાસુ. રાજ, પૂરવ, ભૂમિ, શિખા, ફોરમ, જાન્હવીના દાદી. નિર્ગુણબેન અને ભાઇલાલભાઇ શાહના સુપીત્રી. પ્રાર્થનાસભા તા. ૧-૧૨-૨૫ના સોમવારે ૫થી ૭. ઠે. હોલ નં-૨, ગેટ નં.૬, ઠક્કાઇ ભાટિયા હોલ, નમહ હોસ્પિટલની સામે, શંકરલેન, એસ. વી. રોડ. કાંદિવલી (પશ્ચિમ).

**કપોળ**

તણસાવાળા હાલ મીરા રોડ સ્વ. સુરેશભાઇ કાંતીલાલ મથુરીયાના ધર્મપત્ની ગં. સ્વ. મૃદુલાબેન (ઉં.વ.૮૦) તા. ૩૦-૧૧-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. અ. સૌ. જાગૃતિ વિજય મહેતા અ. સૌ. મિના હિતેશ મહેતા, અ. સૌ. હેમા વિપુલ સંઘવી, સ્વ. ભાવેશના માતુશ્રી. મધુભાઇ કાંતિલાલ મથુરીયા, સ્વ. શૈલેશભાઇ, ગં. સ્વ. કોકીલાબેન ચંદ્રકાંત ગાંધી, સ્વ. શશીકલાબેન મંગળદાસ મહેતા, અ. સૌ. અર્ચનાબહેન નવીનચંદ્ર ભુવાના ભાભી. મીનાક્ષીબહેનના જેઠાણી. પિયર પક્ષે મહુવાવાળા સ્વ. રમાબહેન રમણીકલાલ મોદીની પુત્રી. સ્વ. દિપકભાઇ, મનીષભાઇ, સ્વ. ભાવનાબેન હરીલાલ પારેખ. સ્વ. નિરુબેન અરુણભાઇ મહેતાના બહેન. પ્રાર્થનાસભા તા. ૨-૧૨-૨૫ મંગળવારના કપોળ વાડી, કામિનીયા કમ્પાઉન્ડ, એમ. જી. ક્રોસ રોડ, નંબર-૧, જી.એચ. હાઇસ્કૂલની સામે બોરીવલી (પૂર્વ). સાંજે ૫થી ૭.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

### ભાડાનાં મકાનો

સાથે, ભારતમાં રહેઠાણની પેટર્નમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે - ખાસ કરીને વિદ્યાર્થીઓ, સ્થળાંતરિત કામદારો અને યુવા વ્યાવસાયિકોમાં માલિકી કરતાં ભાડાને વધુ પસંદ કરવામાં આવી રહ્યું છે. આ માગણીને પૂર્ણ કરવા માટે, સરકાર ભાડાના મકાનોની ઇકોસિસ્ટમ સાથે આવવાની યોજના ધરાવે છે જે ભાડાના મકાનો, કરારો, ચુકવણીઓ વગેરે માટે એન્ડ-ટુ-એન્ડ નિરાકરણ ઉપલબ્ધ કરાવશે.

મહારાષ્ટ્ર સ્ટેટ રેન્ટલ હાઉસિંગ પોર્ટલમાં મ્હાડા, અન્ય સરકારી એજન્સીઓ, ખાનગી ડેવલપરો અને વ્યક્તિગત ખાનગી મકાનમાલિકો તેમની મિલકતોની નોંધણી કરાવી શકશે

પ્રસ્તાવિત પોર્ટલના મુખ્ય ઉદ્દેશ્યોમાં વિવિધ વપરાશકર્તા માટે ચકાસાયેલ ભાડાના મકાનોની ઍક્સેસ, સરકારી વિભાગો માટે ભાડાના મકાન વ્યવસ્થાપનનું ડિજિટાઇઝેશન, ભાડા કરાર અને ફરિયાદ નિવારણમાં પારદર્શિતા, ઈ-કેવાયસી અને પોલીસ ચકાસણી અને ઓનલાઈન ચુકવણીનો સમાવેશ થાય છે.

પ્રારંભિક તબક્કામાં, મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં ભાડાના મકાનની સેવાઓ શરૂ કરવામાં આવશે. ત્યારબાદના તબક્કાઓમાં પુણે, સંભાજી નગર (ઔરંગાબાદ), નાગપુર, નાસિક, અમરાવતી અને મ્હાડા દ્વારા નક્કી કરવામાં આવેલા વધારાના જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવશે.

### 'મેરી ડીલ કા ક્યા હુઆ

હોવાની પોલીસને શંકા છે. પોલીસ આ પ્રકરણે તપાસ કરી રહી છે. ભાગવતના મોબાઇલમાં પાકિસ્તાનના ૧૧ નંબર મળ્યા હતા, જેમાંથી એક નંબર 'પેશાવર કેન્ટોનમેન્ટ બોર્ડ'ના નામે સેવ કરાયો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. ઉપરાંત વ્હૉટ્સઍપ પર ખિલ સાથે ઉર્દૂ અને ઇંગ્લિશમાં અહેમદ યામા ગાલીફની વાતચીતનો નો સ્ક્રીનશૉટ તથા શફિકા આદિના ખિલ, અહમદ ઝીયા ખિલના નામની વિઝા માટેની અરજી પણ મળી આવી હતી.

દરમિયાન ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી)એ વૈજાપુરની શાળામાંથી ભાગવતનો શૈક્ષણિક રેકોર્ડ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી (બીએએમયુ)માંથી તેના રોજગાર અને બરતરફી સંબંધીની માહિતી માગી છે. ભાગવતની પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને સાઉદી અબેરિયાની વ્યક્તિઓ સાથે કથિત કડી અંગે આઇબી અને એટીએસ (એન્ટિ ટેરરિઝમ સ્કવોડ) તેની પૂછપરછ કરી રહી છે.

### જ્યોતિબા ફૂલેના

સામનો કરવો પડ્યો હતો. સમાજ સુધારકના

જીવન પર ફીચર ફિલ્મ બનાવવાનો વિચાર ૨૦૦૩નો છે, જ્યારે કોંગ્રેસ-એનસીપી સરકારે આ વિચારને મંજૂરી આપી હતી, પરંતુ રાજકીય શાસનમાં આ પ્રોજેક્ટ વારંવાર આગળ વધવામાં નિષ્ફળ ગયો હતો.

વર્ષો સુધી નિષ્ક્રિય રહ્યા પછી, કોંગ્રેસ-એનસીપી સરકારે ફિલ્મનું નિર્માણ રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ (એનએફડીસી)ને સોંપ્યું. છતાં ૧૧ વર્ષ સુધી, એક પણ ફ્રેમ શૂટ થઈ ન હતી. ૨૦૧૬માં ભાજપ-શિવસેનાની સરકારે એનએફડીસી પાસેથી પ્રોજેક્ટ પાછો ખેંચી લીધો અને ૨૦૧૮માં નવા ટેન્ડર મંગાવ્યા, આખરે ઈલોક્વન્સ મીડિયા પ્રાઇવેટ લિમિટેડને નિર્માતા તરીકે પસંદ કરી હતી.

કરારમાં ૨૦ કરોડ રૂપિયાનો ઉત્પાદન ખર્ચ અંદાજવામાં આવ્યો હતો, જે એક વર્ષની અંદર પૂર્ણ થવો જરૂરી હતો, અને વિલંબ માટે દંડની કલમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બાયોપિક ઓટીટી પ્લેટફોર્મ માટે ડિઝાઇન કરવામાં આવી હતી, જેનો હેતુ ફૂલેની વાર્તાને ડિજિટલ પ્રેક્ષકો સુધી પહોંચાડવાનો હતો.

જોકે, ૨૦૧૯ની ચૂંટણી પછી તરત જ મહારાષ્ટ્રમાં પરિવર્તન આવ્યું, અને થોડા સમય પછી રોગચાળો ફેલાતાં, પહેલાથી જ વિલંબિત પ્રોજેક્ટ ફરીથી અટકી ગયો.

પોલીસના જણાવ્યા અનુસાર, ફાઇલો ગાયબ થવાની શક્યતા ૨૦૧૭ અને ૨૦૨૦ની વચ્ચે કોઈક સમયે થઈ હતી. આ ફરિયાદ ડીજીઆઈપીઆરના સિનિયર આસિસ્ટન્ટ ડિરેક્ટર સાગર કુમાર કાંબલે દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમણે રાજ્યના દસ્તાવેજી વિભાગમાં પણ કામ કર્યું હતું.

'અમે જાહેર રેકોર્ડનો નાશ કરવા અથવા નિકાલ કરવા બદલ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો છે,' એક પોલીસ અધિકારીએ જણાવ્યું. મહારાષ્ટ્ર પબ્લિક રેકોર્ડ્સ એક્ટ, ૨૦૦૫ ની કલમ ૮ અને ૯ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# એમટીએનએલને બીએસઇ અને એનએસઇએ ₹ ૫.૪૨ લાખનો દંડ ફટકાર્યો

મુંબઇઃ સ્ટોક એક્સચેન્જ એનએસઇ અને બીએસઇએ બોર્ડની રચના સંબંધિત ધોરણોનું પાલન ન કરવા બદલ રાજ્ય સરકારની માલિકીની દેવા હેઠળ દબાયેલી ટેલિકોમ કંપની એમટીએનએલ પર રૂ. ૫.૪૨ લાખનો દંડ ફટકાર્યો છે. એમટીએનએલે એક નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું કે ધોરણ મુજબ તેને વધુ ચાર સ્વતંત્ર ડિરેક્ટરોની નિમણૂક કરવાની જરૂર છે, પરંતુ તે તેમ કરવામાં અસમર્થ રહ્યું છે.

શનિવારે ફાઇલિંગમાં જણાવાયું હતું કે, '...તમને જણાવવા માટે કે એમટીએનએલને એનએસઇ અને બીએસઇ તરફથી ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ઇમેઇલ મળ્યો છે, જેમાં સેબી (એલઓડીઆર) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૧૭(૧)ની જોગવાઈઓનું પાલન ન કરવા, એટલે કે બોર્ડની રચના સંબંધિત આવશ્યકતાઓનું પાલન ન કરવા અંગેનો ઉલ્લેખ છે. આ સંદર્ભમાં, બીએસઇ અને એનએસઇ બંનેએ એમટીએનએલ પર ૫,૪૨,૮૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.'

પ્રાઇમરી માર્કેટમાં એક્વસ લિમિટેડનો રૂ. ૯૨૧.૮૧ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ ત્રીજી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને પાંચમી ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી આઠમી ડિસેમ્બરના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૦ ડિસેમ્બરે થવાની ગણતરી છે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૧૮થી રૂ.૧૨૪.૦૦ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઇઝ ૧૨૦ શેરની છે.

લોજીસિયલ સોલ્યુશન્સ લિમિટેડ ૨૮ નવેમ્બરના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી છે અને રૂ.૩૯.૯૦ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવતું આ ભરણું બીજી ડિસેમ્બરે બંધ થશે. શેરની ફાળવણી ત્રીજી ડિસેમ્બરે અને લિસ્ટિંગ પાંચમી ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૮૩થી રૂ. ૧૯૩.૦૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૬૦૦ શેરની છે.

મીશો લિમિટેડનો રૂ.૫,૪૨૧.૨૦ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ ત્રીજી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને પાંચમી ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણીને આઠમી ડિસેમ્બરના રોજ અંતિમ સ્વરૂપ મળવાની અપેક્ષા છે. શેરનું લિસ્ટિંગ એનએસઇ તથા બીએસઇ પર ૧૦ ડિસેમ્બરે નક્કી કરવામાં આવશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૦૫થી રૂ.૧૧૧ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૩૫ શેરની છે.

નીઓકેમ બાયો સોલ્યુશન્સનો રૂ.૪૪.૯૭ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ બીજી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ચોથી ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી પાંચમી ડિસેમ્બરે અને લિસ્ટિંગ તારીખ નવમી ડિસેમ્બરે નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ.૭૮થી રૂ.૯૮ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧,૨૦૦ શેરની છે.

વિદ્યા વાયર્સનો રૂ.૩૦૦.૦૧ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ ત્રીજી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને પાંચમી ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી આઠમી ડિસેમ્બરે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૧૦ ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૮થી રૂ. ૫૨ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૨૮૮ શેરની છે.

ક્લિઅર સિક્યોર્ડ સર્વિસીસ લિમિટેડનો રૂ.૮૫.૬૦ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ આજે પહેલી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રીજી ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચોથી ડિસેમ્બરના રોજ અને લિસ્ટિંગ તારીખ આઠમી ડિસેમ્બર, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૨૫થી રૂ.૧૩૨ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧,૦૦૦ શેર છે.

કોર્પોરેટ હલચલમાં ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ અને ખાણકામ ક્ષેત્રોમાં વૈવિધ્યસભર હાજરી ધરાવતી અગ્રણી એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ (ઇપીસી) કંપની એસઇપીસી લિમિટેડે, સંયુક્ત આરબ અમીરાતમાં વ્યૂહાત્મક ઊર્જા માળખાગત સુવિધાઓ અપગ્રેડ પ્રોજેક્ટ માટે તેની યુએઇ સ્થિત શાખા, એસઇપીસી એફઝેડઇ મારફત રૂ. ૮૫ કરોડનો સબ કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. એક્ઝિટો આઠમી ડિસેમ્બરે રૂ. ૧૪૦૦ કરોડનો આઇપીઓ લાવવા ધારે છે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક, ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના નાણાકીય પરિણામમાં ૪૦.૮૦ કરોડની આવક અને રૂ.૫.૭૦ કરોડનો એબિટા નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૩.૯૮ ટકા રહ્યું છે. જ્યારે ચોખ્ખો નફો રૂ.૨.૬૦ કરોડ, પીએટી માર્જિન ૬.૩૮ ટકા નોંધાવ્યું છે. પ્રાઇવેટ ઇક્વિટી અને વેન્ચર કેપિટલનું રોકાણ ભારતમાં પાંચ અબજ ડોલરની સપાટી વટાવી ગયું છે.

કર્ણાટક બેંકમાં તાજેતરમાં લગભગ ૭૧ કરોડના મૂલ્યના ૩૮ લાખ શેર ખરીદ્યા પછી, અગ્રણી રોકાણકાર અને ઉદ્યોગસાહસિક આદિત્ય કુમાર હલવાસિયાએ ૨૪ નવેમ્બરના રોજ ૯૦ કરોડ રૂપિયાના મૂલ્યના ૪૫ લાખ શેર ખરીદ્યા છે, જે આ દ્રષ્ટિકોણ મજબૂત બનાવે છે કે આ ખાનગી ક્ષેત્રના ધિરાણકર્તામાં એક ગંભીર, વ્યૂહાત્મક પ્રવેશ છે.

# વિદેશી ફંડોએ ભારતીય શેરબજારમાંથી ₹ ૩૭૬૫ કરોડ ઉઠાવી લીધા

મુંબઇઃ નવેમ્બરમાં વિદેશી રોકાણકારોએ વૈશ્વિક જોખમથી દૂર રહેવાની ભાવના અને ટેક્નિકલ અસ્થિરતા વચ્ચે ભારતી ઇક્વિટી બજારમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ડિપોઝિટરી ડેટા અનુસાર, ઓક્ટોબરમાં રૂ. ૧૪,૬૧૦ કરોડના ચોખ્ખા આંતર પ્રવાહ પછી નવેમ્બરમાં આ ઘટાડો થયો છે.

એફઆઇઆઇએ સતત ત્રણ મહિનામાં ભારતીય બજારમાં ધૂમ વેચવાલી કરી હતી, જેમાં વિદેશી ફંડોએ સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ.૧૭,૭૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. નવેમ્બર સુધીનો પ્રવાહ વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના સંયોજન દ્વારા આકાર પામ્યો હતો.

ઓક્ટોબરમાં ટૂંકા ગાળાના વિરામ પછી, વિદેશી રોકાણકારોએ વેચાણ ફરી શરૂ કર્યું, અને નવેમ્બરમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ગ્લોબલ રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ, વૈશ્વિક સ્તરે ટેકનોલોજી શેરોમાં અસ્થિરતા અને સેકન્ડરી માર્કેટ કરતાં પ્રાથમિક બજારો માટે પસંદગીયુક્ત પસંદગીને કારણે આમ બન્યું છે.

વૈશ્વિક મોરચે, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરમાં ઘટાડાના માર્ગની આસપાસની અનિશ્ચિતતા, મજબૂત યુએસ ડોલર અને ઉભરતા બજારોમાં નબળી જોખમની ભૂખને કારણે વિદેશી રોકાણકારો સાવધ રહ્યા હતા. સતત ભૂરાજકીય તણાવ અને અસ્થિર ક્રૂડના ભાવે રિસ્ક ઓફ કરવાના સ્વરને વધુ મજબૂત બનાવ્યો હતો.

સ્થાનિક સ્તરે આ સાવચેતીપૂર્ણ અભિગમ, ખૂબ જ વધુ પડતા ઊંચા વેલ્યુએશન અને ઔદ્યોગિક સૂચકાંકોમાં ઘટાડાને કારણે વધુ મજબૂત બન્યો હતો, જેના કારણે ભારતના પ્રમાણમાં સ્થિર મેક્રોઇકોનોમિક બેકડ્રોપ હોવા છતાં રોકાણકારોના વિશ્વાસમાં ઓટ આવ્યો હોવાનું બજારના પીઢ નિરીક્ષકોએ જણાવ્યું હતું.

આ ભાવનાને પ્રતિબિંબિત કરતા, એક સિનિયર ફંડામેન્ટલ એનાલિસ્ટે નોંધ્યું કે નવેમ્બરમાં આઉટફ્લો મુખ્યત્વેવૈશ્વિક જોખમ ટાળવા અને ટેક્નોલોજી શેરોમાં અસ્થિરતાને કારણે થયો હતો. આઇટી સેવાઓ, ગ્રાહક સેવાઓ અને આરોગ્યસંભાળ એવા ક્ષેત્રોમાં હતા જેમણે સૌથી તીવ્ર અસરનો સામનો કર્યો હતો. જોકે, બધા સૂચકાંકો સતત મંદી તરફ નિર્દેશ કરતા નથી.

ટોચની બ્રોકિંગ ફર્મના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ માને છે કે એફઆઇઆઇના પ્રવાહમાં વલણ ઉલટાવવાના કોઈ સ્પષ્ટ પુરાવા હજુ પણ નથી. તેમણે નોંધ્યું હતું કે વિદેશી સંસ્થાગત રોકાણકારો કેટલાક દિવસોમાં ખરીદદારો હતા અને કેટલાક દિવસોમાં વેચવાલ હતા, જે સંકેત આપે છે કે પરિસ્થિતિઓ બદલાતા પ્રવાહ પણ બદલાઈ શકે છે.

ચૌદ મહિનાની રાહ જોયા પછી ૨૭ નવેમ્બરના રોજ નિફ્ટી અને સેન્સેક્સ બંને નવા રેકોર્ડ બનાવ્યા, બીજા ત્રિમાસિક સમયગાળામાં સુધારેલ કોર્પોરેટ કમાણી અને ત્રીજા તથા ચોથા ત્રિમાસિક સમયગાળામાં વધુ વૃદ્ધિની અપેક્ષાઓ રાખી શકાય, એમ તેમણે ઉમેર્યું. આ ભાવનાને પ્રતિબિંબિત કરતા, બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે.

આગામી સમય સંદર્ભે વાત કરતા અગ્રણી એનાલિસ્ટે જણાવ્યું હતું કે ડિસેમ્બરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ અમેરિકાની ફેડરલ રિઝર્વના વ્યાજ દર ઘટાડવાના સંકેતો અને ભારત તથા યુએસ વચ્ચેના વેપાર કરાર પર પ્રગતિ પર આધાર રાખશે.

૨૦૨૫ માં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૪૩ લાખ કરોડથી વધુ નાણાં ઉપાડી લીધા છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, એફઆઇઆઇએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૮,૧૧૪ કરોડનું રોકાણ કર્યું હતું જ્યારે તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૫,૦૫૩ કરોડ ઉપાડ્યા હતા.

# સોનું ફરીથી વિક્રમી ઊંચી સપાટી સ્પર્શી શકેઃ પોવેલના પ્રવચન પર અધાર

નવી દિલ્હીઃ પોવેલના ભાષણ અને આરબીઆઈ નીતિ પર વેપારીઓની નજર હોવાથી સોનું ફરીથી રેકોર્ડ ઊંચાઈ પર પહોંચી શકે છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, રોકાણકારો ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના ભાષણ અને ભારતીય રિઝર્વ બેંકના નીતિગત નિર્ણયની અને યુએસના મુખ્ય ડેટાની રાહ જોઈ રહ્યા હોવાથી સોનાના ભાવ સ્થિર રહેવાની તૈયારીમાં છે. આ ઉપરાંત જો ઉપરોક્ત પ્રતીક્ષાના પરિણામ અપેક્ષા પ્રમાણે રહેશે તો આગામી સપ્તાહે સોનાના ભાવ વિક્રમી ઊંચી સપાટીની નજીક પહોંચી શકે છે. જોકે, તેમાં અમેરિકા અને ભારતના વ્યાપર સોદા, ડોલરની વધઘટ અને અન્ય સંભવિત ભૂરાજકીય ફેરફાર જેવા પરિબળ અસર કરશે.

કોમોડિટી અને કરન્સી સેકટરના રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, સોનું કોન્સોલિડેશન ફેઝમાંથી બહાર નીકળી ગયું છે કારણ કે રોકાણકારો વિવિધ પ્રદેશોના ઉત્પાદન અને સેવાઓના પીએમઆઈ ડેટા, યુએસ નોકરીઓના ડેટા અને કન્ઝ્યુમર સેન્ટિમેનટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ ઉપરાંત આજે સોમવારે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલનું ભાષણ, રશિયા અને યુક્રેન શાંતિ વાટાઘાટો અને શુક્રવારે આરબીઆઈ નીતિ બેઠક પરના વિકાસનો સમાવેશ થશે, જે બધા પર વેપારીઓ નજીકથી નજર રાખશે,'' તેમણે ઉમેર્યું.

# એશિયાઈ ચલણોમાં રૂપિયાનું પ્રદર્શન સૌથી નબળું, વ્યાજ ઘટાડાના સંકેત પાછળ બોન્ડ માર્કેટમાં માગ વધી

મુંબઇઃ રૂપિયામાં જુલાઈ પછીનો સૌથી ખરાબ મહિનો પુરવાર થયો હતો. નવેમ્બરમાં અત્યાર સુધી ૦.૮ ટકાનો ઘટાડો થયો હતો. રૂપિયો શુક્રવારે ૦.૧૭ ટકા ઘટીને ૮૯.૪૬ પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો. એશિયાઈ ચલણોમાં રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરનારું ચલણ બન્યું છે.

બીજી બાજુ, સરકારે શુક્રવારે સાપ્તાહિક હરાજીમાં આશરે ૩૨,૦૦૦ કરોડના બોન્ડ વેચ્યા હતા. ડીલરોએ જણાવ્યું હતું કે ૭ વર્ષના બોન્ડ પર કટઓફ ઉપજ ૬.૪૩ ટકા પર સેટ કરવામાં આવ્યો હતો, જે મજબૂત માંગ દર્શાવે છે. ખાનગી બેંકના એક ડીલરે જણાવ્યું હતું કે, પાછલી હરાજી (જ્યારે સાત વર્ષની સિક્યોરિટીઝ રદ કરવામાં આવી હતી) કરતા આ હરાજીમાં મુખ્ય ફેરફાર એ છે કે માંગમાં સુધારો થયો છે. આ વખતે, ઉપજ બજારની અપેક્ષાઓ સાથે સુસંગત હતી. રિઝર્વ બેંક ગવર્નર દ્વારા વ્યાજ દરમાં ઘટાડાનો સંકેત પછી બજારની ભાવના બદલાઈ ગઈ હતી આ આશા પાછળ માંગમાં વધારો થયો હતો.

રિઝર્વ બેંકે નવમી નવેમ્બરના રોજ સાત વર્ષના કેન્દ્ર સરકારના બોન્ડનું વેચાણ રદ કર્યું હતું, કારણ કે રોકાણકારોએ લગભગ ૬.૫૦ ટકા ઉપજની માંગ કરી હતી. આ નવા ૧૦ વર્ષના બોન્ડ કરતાં વધુ હતું, અને તેથી, કેન્દ્રીય બેંક માટે અસ્વીકાર્ય હતું. બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે ઉપજ મોટાભાગે બજારની અપેક્ષાઓ સાથે સુસંગત હતી, જ્યારે ગ્રીન બોન્ડે આગાહીઓ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું,

મહિનાના અંતે ડોલરની માંગને કારણે રૂપિયો દબાણ હેઠળ છે, જ્યારે રિઝર્વ બેંક સ્થાનિક ચલણને રેકોર્ડ નીચા સ્તરે પહોંચતા અટકાવવા માટે ડોલરનું વેચાણ કરી રહી છે. સ્થાનિક ચલણ એશિયાઈ ચલણમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનારું ચલણ છે, જે નવેમ્બરમાં ૪.૩ ટકા ઘટયું હતું. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે ઈરાની ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારતીય કંપની પર પ્રતિબંધો અને વેપાર સોદામાં વિલંબને કારણે ૨૧ નવેમ્બરના રોજ રૂપિયો પ્રતિ ડોલર ૮૯.૫૪ ની નવી નીચી સપાટીએ પહોંચ્યો હતો.

# મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં ચિલ્ડ્રન્સ ફંડ કેટેગરીમાં બેન્ચમાર્કથી વધુ યિલ્ડની સંભાવના

મુંબઇઃ બાળકોના નાણાકીય ભવિષ્યનું આયોજન કરવું ઘણીવાર ભારે લાગે છે કારણ કે શિક્ષણ ખર્ચમાં સહિત અનેક બાબત માટે લાંબા ગાળાની તૈયારી રાખવાની હોય છે. ઘણીવાર એવું જોવા મળે છે કે જ્યારે શિક્ષણ અથવા લગ્ન જેવા તેમના લાંબા ગાળાના ધ્યેયો માટે સમર્પિત ભંડોળ બનાવવાની વાત આવે છે ત્યારે માતાપિતા તેમના બાળકના નામે રોકાણ કરવાનું પસંદ કરે છે, જે ઘણીવાર જન્મદિવસ અથવા ખાસ પ્રસંગોએ મળેલી નાની ભેટ રકમથી શરૂ થાય છે, જે ધીમે ધીમે માતાપિતા દ્વારા નિયમિત યોગદાન સાથે ભરાય છે.

બાળકના ભવિષ્ય માટે આયોજન કરવાનો એક અસરકારક રસ્તો મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ઓફર કરવામાં આવતી બાળકોની યોજનાઓ દ્વારા છે. આ યોજનાઓ લાંબા ગાળાના વિકાસની સંભાવના સાથે શિસ્તબદ્ધ રોકાણને જોડે છે. સામાન્ય રીતે, તેઓ પાંચ વર્ષ અથવા બાળક પુખ્ત થાય ત્યાં સુધી, જે વહેલું હોય ત્યાં સુધી લોકઇન સમયગાળા સાથે આવે છે. આ માળખું રોકાણકારોને લાંબા ગાળા માટે પ્રતિબદ્ધ રહેવા માટે પ્રોત્સાહિત કરે છે, જેનાથી સમય જતાં રોકાણ કરેલ ભંડોળ ચક્રવૃદ્ધિની શક્તિથી લાભ મેળવે છે, જે તેને નોંધપાત્ર રીતે વધવામાં મદદ કરે છે. આ કેટેગરીમાં મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રમાં, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ચિલ્ડ્રન્સ ફંડ રિટર્નના ધોરણે ટોચના સ્થાને છે. આ ફંડની સ્થાપના, ૩૧ ઓગસ્ટ ૨૦૦૧થી ગણતરી કરતા રૂ. ૧૦ લાખનું રોકાણ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં લગભગ રૂ. ૩.૩ કરોડ થઈ ગયું હોત, જે ૧૫.૫૮ ટકાનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે. સ્કીમ બેન્ચમાર્કમાં સમાન રોકાણથી ૨.૧૨ કરોડ મળ્યા હોત, જે ૧૩.૪૬ ટકા દર્શાવે છે. આ કેટગરીમાં સ્કીમની સ્થાપનાથી ઉક્ત સમયગાળામાં યુટીઆઇનું રિટર્ન ૧૦.૪૨ ટકા, ટાટા ચિલ્ડ્રન્સ ફંડમાં ૧૨.૮૭ ટકા, બિરલા બાલ ભવિષ્યમાં ૧૧.૨૯ ટકા અને એક્સિસ ચિલ્ડ્રન ફંડમાં ૧૦.૩૮ ટકા વળતર નોંધાયું છે.

# વેન્ચર ફંડના રોકાણ મૂલ્યમાં વધારો પરંતુ સોદામાં ઘટાડો

મુંબઈ : ઓકટોબરમાં પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) તથા વેન્ચર કેપિટલ (વીસી) ઈન્વેસ્ટમેન્ટસમાં મૂલ્યની દ્રષ્ટિએ વધારો થયો છે, પરંતુ સોદાની સંખ્યામાં ઘટાડો થયાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું છે. ગયા વર્ષના ઓકટોબરમાં ૪.૯૦ અબજ ડોલરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન મહિનામાં પીઈ તથા વીસી રોકાણનો આંક આઠ ટકા ૫.૩૦ અબજ ડોલર રહ્યો હતો.

સોદાની સંખ્યા જે ગયા વર્ષના ઓકટોબરમાં ૧૧૨ રહી હતી તે ઘટી ૧૦૨ રહેવા પામી છે. મૂલ્યની દ્રષ્ટિએ સૌથી વધુ રોકાણ ૨૯૨ કરોડ ડોલર સાથે નાણાંકીય સેવા ક્ષેત્રમાં જોવા મળ્યું છે જ્યારે ૭૧.૫૦ કરોડ સાથે ઈ-કોમર્સ ક્ષેત્રનો ક્રમ બીજો રહ્યો છે. ટેકનોલોજી ક્ષેત્રમાં આ આંક ૪૫.૫૦ કરોડ ડોલર રહ્યાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટમેન્ટમાં વધારો થઈ રહ્યાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ગત વર્ષના ઓકટોબરમાં ૮૮.૪૦ કરોડ ડોલરની સરખામણીએ વર્તમાન વર્ષના ઓકટોબરમાં સ્ટાર્ટઅપમાં બે અબજ ડોલરનું રોકાણ આવ્યું છે.

# બેન્કો માટે ફરી મુસીબતઃ નીચા વ્યાજદરોને કારણે થાપણ મેળવવામાં મુશ્કેલી

મુંબઈ : નીચા વ્યાજ દરોને કારણે બેન્કો માટે ધિરાણ માગને સંતોષવા થાપણો મેળવવાનું મુશ્કેલ બની રહ્યું છે. બેન્કિંગ ક્ષએત્રના નિરિક્ષકો માને છે કે, થાપણથી ધિરાણનું પ્રમાણ ૮૦ ટકાને પાર જતા બેન્કો માટે સ્થિતિ પડકારરૂપ બનશે.

કમર્શિઅલ બેન્કોમાં થાપણથી ધિરાણનું પ્રમાણ પહેલી જ વખત ૮૦થી ઉપરના સ્તરે પહોંચી ગયું છે જે બેન્કો થાપણ ઊભી કરવામાં પડકારોનો સામનો કરી રહી હોવાનું સૂચવે છે. દેશની આર્થિક પ્રવૃત્તિમાં સુધારા સાથે ધિરાણ માગ વધવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે, ત્યારે થાપણમાં મંદ વૃદ્ધિ ધિરાણ માગને પહોંચી વળવાનું મુશકેલ બનાવી શકે છે.

રિઝર્વ બેન્કના ડેટા પ્રમાણે ૩૧ ઓકટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં થાપણની સામે ધિરાણની ટકાવારી ૮૦.૨૧ રહી હતી. છેલ્લા બે પખવાડિયાથી આ પ્રમાણ ૮૦ ટકાની ઉપર જોવા મળી રહ્યું છે. પાંચમી એપ્રિલ ૨૦૨૪ના પખવાડિયામાં આ પ્રમાણ ૭૬.૯૨ ટકા હતું.

ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ મંદ રહેતા પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. થાપણ વૃદ્ધિ હાલમાં એક અંકમાં જોવા મળી રહી છે જ્યારે ધિરાણ વૃદ્ધિ દ્વીઅંકમા રહી છે.

૩૧મી ઓકટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણ વૃદ્ધિ ૧૧.૩૦ ટકા જોવા મળી છે જે ૧૭ ઓકટોબરના પખવાડિયામાં ૧૧.૫૦ ટકા રહી હતી, એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. જીએસટીમાં કપાત તથા નીચા વ્યાજ દર ધિરાણ ઉપાડમાં વધારો કરાવશે તેવી ધારણાં રાખવામાં આવી રહી છે.

ધિરાણ વૃદ્ધિની સરખામણીએ થાપણ વૃદ્ધિ નીચી રહી છે. થાપણ વૃદ્ધિ ૯.૭૦ ટકા રહી છે જે ૧૭ ઓકટોબરના પખવાડિયામાં ૯.૫૦ ટકા જોવા મળી હતી.રિઝર્વ બેન્કના ડેટા પ્રમાણે ધિરાણનો એકંદર આંક રૂપિયા ૧૯૩.૯૦ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૪૧.૭૦ ટ્રિલિયન જોવા મળ્યો હતો. હાલમાં વ્યાજ દર નીચા હોવાથી બેન્કો માટે થાપણો ઊભી કરવાની કામગીરી પડકારરૂપ બની રહી છે. વર્તમાન વર્ષમાં ફેબ્રુઆરીથી જૂનના ગાળામાં રિઝર્વ બેન્કે રેપો રેટમાં એક ટકાનો ઘટાડો કર્યો છે. રેપો રેટ હાલમાં ૫.૫૦ ટકા પર સ્થિર છે.

# પાવર શેરે કરંટ ગુમાવ્યો, ઓઈલ શેર લપસ્યા

મુંબઇઃ પાછલા સપ્તાહ દરમિયાન પીએસયુ બેન્ક અને મેટલ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા જ્યારે ઓઈલ-ગેસ અને પાવર ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૫,૯૨૪ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાવી હોવાથી બજારને ટેકો મળ્યો હતો.

શુક્રવાર તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૪૭૪.૭૫ પોઈન્ટ્સ (૦.૫૬ ટકા) વધ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૫,૩૨૦.૦૪ પોઈન્ટ્સ પર ખૂલી બુધવાર ૨૬ નવેમ્બરે નીચામાં ૮૫,૭૦૬.૬૭ અને ગુરુવાર ૨૭ નવેમ્બરે ઊંચામાં ૮૬,૦૫૫.૮૬ સુધી જઈ છેવટે શુક્રવારે ૮૫,૭૦૬.૬૭ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૭૨.૨૨ લાખ કરોડ હતું તે ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના અંત સુધીમાં રૂ.૨.૧૩ લાખ કરોડ વધીને રૂ.૪૭૪.૩૫ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૧૯ ટકા, બીએસઈ સ્મોલકેપ ૦.૦૮ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૬૩ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૬૪ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા અને બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૩ ટકા વધ્યા હતા.

સેક્ટોરલ ઈન્ડાયસીસમાં પીએસયુ બેન્ક ૧.૭૬ ટકા, મેટલ ૧.૪૯ ટકા, બેન્કેક્સ ૧.૨૧ ટકા, આઈટી ૧.૨ ટકા, હેલ્થકેર ૧.૧ ટકા, એફએમસીજી ૦.૦૮ ટકા, ટેક ૦.૦૭ ટકા અને ઈન્ફ્રા ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ ૧.૫ ટકા, પાવર ૦.૫૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫૫ ટકા, પીએસયુ ૦.૩૩ ટકા, રિયલ્ટી ૦.૨૬ ટકા, અને કેપિટલ ગુડ્સ ૦.૨૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૫૯ કંપનીઓના ભાવ વધ્યા, ૪૦ કંપનીઓના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બીએસઈ ૨૦૦માં ૧૧૫ કંપનીઓના ભાવ વધ્યા, ૮૪ના ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બીએસઈ ૩૦ માં ૧૭ કંપનીઓના ભાવ વધ્યા અને ૧૨ કંપનીઓના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો.

બીએસઈ ૫૦૦ માં ૨૪૩ કંપનીઓ વધી, ૨૫૬ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપમાં ૮૩ કંપનીઓ વધી, ૫૯ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. સ્મોલકેપમાં ૫૦૬ કંપનીઓ વધી, ૭૧૩ કંપનીઓ ઘટી અને પાંચ સ્થિર રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં ટેક મહિન્દ્ર ૩.૬૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૧૫ ટકા, સન ફાર્મા ૨.૮૧ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૪૫ ટકા અનેબજાજ ફિનસર્વ ૧.૯૩ ટકા વધ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ કંપનીઓના શેરમાં ભારતી એરટેલ ૨.૯૪ ટકા, પાવર ગ્રીડ ૨.૮૭ ટકા, ટ્રેન્ટ ૨.૫૮ ટકા, તાતા મોટર પેસેન્જર ૧.૫૧ ટકા અને બીઈએલ ૧.૧૩ ટકા ગબડ્યો હતો.

ગ્રુપ અનુસાર ચડાવ-ઉતારમાં એ ગ્રુપની ૭૩૨ કંપનીઓમાં ૩૪૩ કંપનીઓના ભાવ વધ્યા, ૩૮૭ કંપનીઓના ભાવ ઘટ્યા અને બેના સ્થિર રહ્યા હતા. બી ગ્રુપની ૧,૪૩૯ કંપનીઓમાંથી ૬૨૩ કંપનીઓના ભાવ વધ્યા, ૭૯૯ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૧૭ના ભાવ યથાવત રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૮ કંપનીઓને નીચલી અને ૧૫ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૯૭,૦૨૭.૫૫ કરોડની ખરીદી અને રૂ.૭૧,૧૦૩.૩૨ કરોડની વેચવાલી રહી હતી. આમ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૨૫,૯૨૪.૨૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧,૨૨,૩૫૫.૭૯ કરોડની લેવાલી અને રૂ. ૧,૨૭,૭૮૧.૧૬ કરોડની વેચવાલી રહી હતી. આમ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૫,૪૨૫.૩૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

# આઈપ્રુ લાર્જ કેપ ફંડની એયુએમ ₹ ૭૫,૮૬૩ કરોડ

મુંબઇઃ વેલ્યુ રિસર્ચના ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના ડેટા અનુસાર આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાર્જ કેપ ફંડની એયુએમ (સંચટાલન હેઠળની એસેટ) રૂ. ૭૫,૮૬૩ કરોડ સુધી પહોંચી છે. ક્ષેત્રીય ફાળવણીની દ્રષ્ટિએ, ફંડના ટોચના હોલ્ડિંગ્સમાં બેંકો ૨૩ ટકા, ઓટોમોબાઇલ્સ ૧૦.૭૦ ટકા અને પેટ્રોલિયમ ઉત્પાદનોમાં ૭.૬૦ ટકાનો સમાવેશ થાય છે.

આ થોડા લાર્જ કેપ ઓફરિંગમાંનું એક છે જેણે વિવિધ સમયમર્યાદામાં તેના બેન્ચમાર્ક કરતાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. પાછલા ત્રણ અને પાંચ વર્ષમાં, ફંડે અનુક્રમે ૧૭.૮૦ ટકા અને ૨૨.૧૦ ટકા જેટલું વળતર આપ્યું છે, જે તેના બેન્ચમાર્ક કરતાં અનુક્રમે ૩.૫૦ ટકા અને ૩.૨૦ ટકા વધુ સારી કામગીરી દર્શાવે છે. લાંબા ગાળા માટે પણ આ જ વલણ રહ્યું છે. લાર્જ કેપ્સમાં રોકાણ કરવાથી મુશ્કેલ સમયમાં સ્થિરતા મળે છે અને લાંબા ગાળાની સંપત્તિ સર્જનને પ્રોત્સાહન મળે છે, જે તેમને કોઈપણ મુખ્ય પોર્ટફોલિયોનો આવશ્યક ઘટક બનાવે છે. આ કંપનીઓ પાસે મજબૂત ફંડામેન્ટલ્સનો ટ્રેક રેકોર્ડ છે, જે તેમને મિડ-કેપ્સ અને સ્મોલ-કેપ્સની તુલનામાં ઓછી અસ્થિર બનાવે છે. લાર્જ કેપ ફંડ હોવાથી, આ યોજનાનું રોકાણ વિશ્વ બજાર મૂડીકરણની દ્રષ્ટિએ ટોચની ૧૦૦ કંપનીઓમાં સ્થાન ધરાવે છે. આ ભંડોળ નીચેથી ઉપર સુધી સ્ટોક પસંદ કરવાનો અભિગમ અપનાવે છે. આ ભંડોળ ખૂબ મોટા ક્ષેત્રીય ફેરફારોને સ્વીકારતું નથી, પરંતુ ક્ષેત્રોમાં તેનો ઉદ્દેશ્ય સૌથી આશાસ્પદ દૃષ્ટિકોણ ધરાવતા શેરો પસંદ કરવાનો છે. મિડ અને સ્મોલકેપ સ્પેસના કેટલાક ભાગોમાં તીવ્ર વધારો અને વિસ્તૃત મૂલ્યાંકનને ધ્યાનમાં રાખીને, રોકાણકારોએ સાવચેત રહેવું અને લાર્જ કેપ્સ તરફ પુનઃસંતુલન કરવાનું વિચારવું જરૂરી છે. આનું કારણ એ છે કે આજે લાર્જ કેપ્સ વર્તમાન બજાર સેટઅપમાં વધુ સારું જોખમ સમાયોજિત વળતર આપે તેવી શક્યતા છે.

# ટેરિફ વોર વચ્ચે હોંગકોંગ ખાતેની નિકાસમાં વીસ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ

મુંબઈઃ જેમ્સ અને જ્વેલરી, ટેલિકોમ સાધનો જેવી માલસામાનની માગમાં વધારાને કારણે વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં દેશમાંથી હોંગકોંગ ખાતે નિકાસમાં વાર્ષિક ધોરણે ૨૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે. નાણાં વર્ષ ૨૦૨૫ના એપ્રિલથી ઓક્ટોબરમાં ૩.૬૦ અબજ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં નિકાસ આંક ૪.૩૬ અબજ ડોલર રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

ભારતના ટોચના દસ નિકાસ મથકોમાં હોંગકોંગનો સમાવેશ થાય છે, અને કુલ નિકાસમાં તેનો હિસ્સો બે ટકા જેટલો રહે છે. અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ઊંચા ટેરિફ બાદ દેશના નિકાસકારો તથા સરકાર દ્વારા નિકાસ મથકોમાં વૈવિધ્યતા લાવવાના પ્રયાસોના હકારાત્મક પરિણામ જોવા મળવાનું શરૂ થયું છે.

અમેરિકા સિવાયના અન્ય દેશોમાં ભારત નિકાસ વધારી રહી છે, જેને કારણે અમેરિકા ખાતે નિકાસમાં ઘટાડો ભરપાઈ થઈ શકે છે. વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ઓક્ટોબરમાં ભારતની નિકાસ ૧૧.૭૫ ટકા ઘટી ૩૪.૩૫ અબજ ડોલર રહી છે. જો કે હોંગકોંગની વાત કરીએ તો ત્યાં ભારતની નિકાસમાં સતત સુધારો જોવા મળી રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

નવા નિકાસ મથકોની શોધ ઉપરાંત હાલના નિકાસ મથકો ખાતે નિકાસ વધારવાના પ્રયાસોમાં ભારતને સફળતા મળી રહી હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશમાંથી ૧૧૧ રાષ્ટ્રોમાં ટેકસટાઈલની નિકાસમાં ૧૦ ટકા વધારો થયાનું આ અગાઉ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ગયા નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૭૭૧.૮૫ કરોડ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં સદર ૧૧૧ દેશોમાં ટેકસટાઈલ નિકાસનો આંક ૮૪૮.૯૦ કરોડ ડોલર રહ્યો છે.

એક ખાનગી બેન્ક દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા સર્વમાં ભાગ લેનારામાંથી દેશના ૮૫ ટકા જેટલા વેપાર ગૃહોએ હાલની વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વેપાર અને ઈન્વેસ્ટમેન્ટ માટે સાઉદી અરેબિયાને આકર્ષક વેપાર મથક ગણાવ્યું હતું.

૭ વર્ષની પ્રથમ ઉજવણી, દરેક સફરની યાદગાર ઉજાણી.
ORAM WORLDWIDE


૭ વર્ષનો પ્રવાસ ઉજવીએ, દરેક સફરને યાદગાર બનાવીએ.
FORAM WORLDWIDE
#ChaloForamKeSang
વિશ્વ ના ખુણે ખુણે ... બાળકો થી વડીલો સુધી ...ઘર ઘર માં , દેશ પરદેશ માં ...
ફોરમ વર્લ્ડવાઈડ ને હરહંમેશ પહેલી પસંદ બનાવવા બદલ, અમારા ગુજરાતી, કચ્છી, વાગડ, સ્વામી નારાયણ અને રાજસ્થાની પ્રવાસીઓ નો ખુબ ખુબ ધન્યવાદ.. LAUNCHING 2026 TOUR PACKAGES.
7 Anniversary SALE
Seven Glorious Years.
Thousands of Journeys.
Life is Short, World is Wide - Travel it all with Foram Worldwide.
સાત વર્ષ ની ઉજવણી ચાલો તમારા સંગાથે ઉજવીયે
1. વિશ્વની એકમાત્ર 100% શુદ્ધ શાકાહારી Kitchen Caravan પાયોનીઅર.
2. 55+ દેશોમાં 35,000થી વધારે મહેમાનોને સુરક્ષિત અને આરામદાયક પ્રવાસ.
3. દરેક ટૂર પર Rajasthani Maharaj સાથે ઘર જેવા સ્વાદિષ્ટ ભોજનની સુવિધા.
4. યુરોપ, યુએસએ, જાપાન, આઇસલૅન્ડ, આફ્રિકા સહિતનાં પ્રીમિયમ ગ્રુપ ડિપાર્ચર્સ.
5. સ્પષ્ટ આયટિનરી—કોઇ છુપા ખર્ચા નહીં, કોઇ સમાધાન નહીં.
6. ગુજરાતી - રાજસ્થાની - કચ્છી - સ્વામી નારાયણ માં એક જ લોકપ્રિય નામ
7. વિશ્વાસ, સ્નેહ અને પરિવાર જેવી સેવાઓ સાથે સતત વિકાસશીલ સફર.
GRAND AMERICA 2026
એપ્રિલ થી ઓક્ટોબર ની ટુરો સફળતાપૂર્વક સંચાલન કરનાર એક માત્ર પાયોનીયર 2015 થી..
ફોરમ શાહ ફરી એક વાર પ્રસ્તુત કરે છે.. 2026 અમેરિકા ફક્ત અમારી સાથે.. જેને હવે લોકો FOLLOW કરે છે
• ફોરમ શાહ ની હાજરી, સાથે સાથે અમારા પોતાના 35 વર્ષના અનુભવી ગુજરાતી ટુર મેનેજર ની સુવિધાઓ
• ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ . 20 વર્ષો ના અનુભવ સાથે
• ૨૦૧૮ થી ન્યુ યોર્ક "ટાઇમ સ્કવેર" પર ૩ રાત્રી નો યાદગાર મુકામ આપનાર પાયોનીયર
• ૨૦૧૯ થી મેમોથ લેક્સ માં ગ્લેશિયર ની સામે જ બેસ્ટ હોટેલ, ગુલાબી ઠંડા લોકેશન માં રાત્રી મુકામ આપનાર પાયોનીયર
• લેક તાહો જેવા સુંદર ડેસ્ટીનેશન પ્રસ્તુત કરનાર પાયોનીયર
• STRATOSPHERE TOWER ડે વ્યૂ (ફક્ત ફોરમ સાથે)
• Luray Caverns ની યાદગાર મુલાકાત જે ફક્ત ફોરમ વર્લ્ડવાઈડ સાથે જ સંભવ (પાયોનીયર)
• એક સાથે ૧૦૦ પ્રવાસીઓ ને સફળતાપૂર્વક ફરાવી, યાદગાર ટુરો નું આયોજન કરવા ની ક્ષમતા અને બહોળો અનુભવ
• મોનો કાઉન્ટી વિસ્તાર પર યાદગાર સીનીક ડ્રાઇવ .. મનમોહક મોનો લેક અને બ્રીજપોર્ટ અમેરિકન ફ્લેગ ની મુલાકાત
• ઓર્લેનડો માં મુખ્ય થીમ પાર્ક નો સમાવેશ અને I DRIVE પર ૪ રાત્રી નો મુકામ
• કેલિફોર્નિયા નુ કેપિટલ "સેક્રામેન્ટો" ની મુલાકાત (ફક્ત ફોરમ સાથે)
• 45 MINS NIAGARA JET BOAT RIDE
બુક કરાવો તમારા 2026 ના પ્રવાસો, અમારા 2025 ના જુના ભાવે ...
INDIA'S ONLY
KITCHEN CARAVAN TOUR COMPANY
ઇટાલીથી લઈને લંડન–સ્કોટલેન્ડ સુધી અને ક્રોએશિયા થી માંડીને આઇસલેન્ડ સુધી
એટલે સમગ્ર યુરોપમાં કિચન કેરેવાન સુવિધાઓ શરૂ કરનાર એક માત્ર પાયોનીઅર
EUROPE — 16N 17D — Apr to Oct
EASTERN EUROPE — 15N 16D — Apr to Oct
ICELAND — 09N 10D — Feb to Nov
LONDON SCOTLAND IRELAND — 11N 12D — Apr to Oct
SOUTH AMERICA — 15N 16D — Jan : 14 (Sold Out) | Feb : 11
ANTARCTICA — 14N 15D — Jan : 14 (Sold Out) | Feb : 11
ARCTIC — 11N 12D — Feb : 3,21 | Mar : 1
AUSTRALIA — 10N 11D — Feb : 19 | Mar : 20
NEW ZEALAND — 12N 13D — Feb : 5 | Mar : 1,8(Limited Seats), 20 | Apr : 23
SPAIN-PORTUGAL — 14N 15D — Apr to Sept
SCANDINAVIA — 15N 16D — May : 22 | Jun : 7,23 | Jul : 8
CANADA — 11N 12D — May : 15,21,28
JAPAN — 10N 11D — Mar : 19,21,23,24,25,26,31 Apr : 2,5,8,11,16,20,28 May : 10,22
SOUTH KOREA — 09N 10D — Apr : 4,10,22,27 | May : 9,21
EGYPT — 09N 10D — Jan : 14 (Sold out) Feb : 17 (Limited Seats)
KENYA — 06N 07D — Jan to Sept
CHINA — 13N 14D — Mar to Nov
RUSSIA — 07N 08D — Oct to Mar
GREECE — 07N 08D — Apr to Jul
DINESH 8591728602 | DHRUV 8169369686 | FORAM 9324366095
NIKITA 8591903027 | BHAKTI 9321236935 | DIVYA 9833998338
HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI | WWW.FORAMWORLDWIDE.COM | FOLLOW US

# ભચાઉના પ્રસિદ્ધ જૈન તીર્થ ચોરીનો ભેદ આખરે ઉકેલાયોઃ બે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એકાદ સપ્તાહ અગાઉ પૂર્વ કચ્છના ભચાઉ ખાતેના પ્રસિદ્ધ નમસ્કાર જૈન તીર્થમાં ૧.૮૩ લાખની તસ્કરીને અંજામ આપનાર, મંદિરોના પથ્થરો પર કોતરણી કામ કરી, પાછળથી એ જ મંદિરોમાં ચોરી કરવા માટે કુખ્યાત રાજસ્થાનની ગરાસીયા ગેંગના બે સભ્યોને પોલીસે ખાસ ઓપરેશન પાર પાડીને દબોચી લીધા છે અને ચોરાયેલો તમામ મુદ્દામાલ પણ અંકે કરી, તીર્થસ્થાનને પરત કરી દેવામાં આવ્યો હતો.

ગત ૨૨ નવેમ્બરની મોડી રાત્રે ભચાઉના છાડવાડા સ્થિત નમસ્કાર જૈન તીર્થના પરિસરમાં, પથ્થરની જાળી તોડી અંદર પ્રવેશ કરનારા બુકાનીધારી તસ્કરોએ ભગવાનની મૂર્તિઓ પરથી મુગટ, કુંડળ, હાર અને દાનપેટી તોડી રોકડ રકમની ચોરીને અંજામ આપ્યો હતો. બનાવની જાણ થતાં જ પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને આ ચોરીનો ભેદ ત્વરિત ઉકેલવા માટે અલગ અલગ ટુકડીઓની રચના કરવામાં આવી હતી. સ્થાનિક ગુન્હાશોધક શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર એન.એન.ચુડાસમા અને ભચાઉ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એ. જાડેજાની આગેવાનીમાં ટુકડીઓએ માનવીય ગુપ્ત માહિતી, ટેકનિકલ વિશ્લેષણ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરતા, મંદિરના પથ્થર પર કોતરણી કાર્ય કરનારા કેટલાક જૂના રાજસ્થાની કારીગરો ઘટના પાછળ સંડોવાયેલા હોવાનું જણાઈ આવ્યું હતું.

રાજસ્થાન નાસી છૂટેલા તસ્કરોનું પગેરું દબાવી રહેલી પોલીસે રાજસ્થાનના ગોગંદા ઘાટીના જંગલોમાં ડુંગર ઉપર રાત્રિના સમયે વેશપલટો કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું જેમાં ભીમારામ ઉર્ફે ભીમો ખુમારામ ગરાસીયા ઉં.વ.૨૫, રહે. ઉપલા ભીમાણા, પાલી, (રાજસ્થાન) અને મોહનલાલ સોમારામ ગરાસીયા (ઉં.વ ૩૮), ઉપલા ભીમાણા, જી.પાલી, (રાજસ્થાન)ને ઝડપી પાડ્યા હતા. આ ગુનામાં હીરારામ ઉર્ફે હરીયા જેઠારામ ગરાસીયા (રહે. ઉપલા ભીમાણા, જી. પાલી,રાજસ્થાન) હજુ ફરાર છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧.૧૦ લાખના ત્રણ સોના-ચાંદીના મુગટ, રૂ.૨,૫૦૦ના બે સોના-ચાંદીના વરખવાળા હાર, રૂ.૬૦,૦૦૦ના છ કાનના કુંડળ અને રૂ.૧૦,૫૦૦ના બે સ્માર્ટ ફોનનો સમાવેશ થાય છે. પથ્થર કોતરણી કામના જાણકાર એવા આરોપી મોહનલાલ સોમારામ ગરાસીયાએ નમસ્કાર જૈન તીર્થનું પથ્થર કોતરણી કામ કર્યું હોઈ, તે મંદિરની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હતો. તેણે પોતાની ગેંગ બનાવી, પોતે સીધા ચોરીમાં સામેલ ન થઈને પોતાના વિસ્તારના માણસોને મોકલી ચોરીને અંજામ આપ્યો હતો. ફરાર આરોપી હીરારામ ઉર્ફે હરીયા જેઠારામ ગરાસીયાનો ગુનાહિત ઇતિહાસ પણ છે, જેમાં રાજસ્થાનના કેલવા (જી. રાજસમંદ), રેવદર (જી.શિરોહી), અનદરા (જી.શિરોહી) અને નાણા (જી.પાલી) પોલીસ મથકમાં ગુના નોંધાયેલા હોવાનું ભચાઉ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એ.જાડેજાએ જણાવ્યું હતું. ■

# ભુજની અદાણી જી.કે જનરલ હૉસ્પિટલમાં છ મહિનામાં ૧૩૯ જેટલા સર્પદંશના દર્દીની સારવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આ વર્ષે ચોમાસાં દરમ્યાન થયેલા સોળ આની વરસાદ બાદ સર્વત્ર છવાયેલી લીલોતરી વચ્ચે આગવી વનજીવ સંપદા ધરાવતા સીમાવર્તી કચ્છમાં સર્પદંશના બનાવોમાં ચિંતાજનક રીતે ઉછાળો આવ્યો છે. વીતેલા માત્ર છ માસમાં જ કચ્છમાં ઝેરી-બિન ઝેરી સાપના દંશનો ભોગ બનેલા ૧૩૯ જેટલા લોકોની ભુજ સ્થિત જી.કે. જનરલ હૉસ્પિટલમાં સફળ સારવાર આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે અદાણી સંચાલિત જી.કે જનરલ હૉસ્પિટલના ઇમર્જન્સી અને મેડિસિન વિભાગના નિષ્ણાત તબીબોના જણાવ્યા મુજબ, સર્પદંશ બાદ સમયસર હૉસ્પિટલમાં પહોંચનારા દર્દીઓ તાત્કાલિક સાજા થઈ ગયા હતા. વિલંબથી આવનારનાં લક્ષણો ગંભીર જણાયાં હતાં. ભોગ બનનારને જો સમયસર સારવાર ન મળે તો જીવ જોખમમાં પણ આવી શકે છે. સાપ કરડે તો દંશની જગ્યાએ સોજો, દુઃખાવો, કરડેલો ભાગ કાળો થઈ જવો, પાંપણ ઢળી પડવી, ધૂંધળું દેખાવું, શ્વાસમાં તકલીફ, પેશાબ લાલ આવવો, દાંત અને પેઢામાંથી લોહી પડવું, ચક્કર અને ઊંઘ આવવી વિગેરે લક્ષણો દેખાય છે. અમુક કિસ્સામાં કિડની ઉપર પણ સાપના ઝેરની અસર થાય છે. સર્પ કરડે અને હૉસ્પિટલ પહોંચાય ત્યાં સુધીમાં દર્દીને ગભરાટ ન થાય તે રીતે શાંત પાડવો, કરડેલી જગ્યાને સાબૂ અને પાણીથી ધોઈ નાખવી, તુરંત નજીકની હૉસ્પિટલમાં પહોંચવું, લક્ષણ ન હોય તો પણ ૨૪ કલાક તબીબના અવલોકનમાં દર્દીને રાખવામાં આવે એ જરૂરી છે.

સાપ કરડયો હોય ત્યાં ચીરો કે કટ લગાવવો નહીં અને દોરો કે કપડું કસીને બાંધવું નહીં, ફિલ્મોમાં બતાવવામાં આવે છે તેમ ઝેરને ચૂસવું નહીં જેવી સાવચેતી રાખવા પણ નિષ્ણાત તબીબોએ જણાવ્યું હતું.

આગોતરી સાવચેતી બાબતે તબીબોના જણાવ્યા મુજબ, ખેતર કે બગીચામાં લાંબા બૂટ અને લાંબી પેન્ટ પહેરવી, રાત્રે ટોર્ચ ચાલુ રાખીને ચાલવું, આસપાસના ઝાડી-ઝાંખરાં, કચરો, પથ્થરો નિવાસ સ્થાનથી શક્ય હોય તો દૂર રાખવા, મચ્છરદાનીમાં સૂવું, ખોરાક ખુલ્લો રાખવો નહીં, સાપ દેખાય તો સલામત અંતરેથી તેનો ફોટો લેવો પણ જરૂરી છે કારણ કે, સર્પની ઓળખ બાદ ઝેરની માત્રા કેવી છે, તેની સારવાર માટે તબીબોને મદદરૂપ બને છે. સાપથી ડરવાને બદલે તેનું સરંક્ષણ કરવું જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# મુંદરામાં ઉત્તર પ્રદેશના પરિવારના બંધ ઘરમાંથી ૧.૬૦ લાખનાં ઘરેણાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરહદી કચ્છમાં વધી રહેલી ઠંડી વચ્ચે એક્ટિવ થયેલા તસ્કરોનો ત્રાસ યથાવત્ રહ્યો હોય તેમ બંદરીય મુંદરા ખાતે પરિવારના બંધ મકાનમાંથી રૂ. ૧.૬૦ લાખની માલમતાની ચોરી થતાં રહેવાસીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

ઘરફોડ અંગે મૂળ ઉત્તર પ્રદેશના, હાલે મુંદરા શહેરના કલાપૂર્ણ વિલાના મકાન નંબર ૬માં રહેતા પંચશીલ રાજેશકુમાર શાક્યાએ મુંદરા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના વતનમાં રહેતા પરિવારમાં લગ્ન સમારંભમાં ભાગ લેવા માટે તેઓ ગત તા. ૨૧-૧૧ના રોજ ઘરને તાળું મારીને ગયા હતા અને બીજા દિવસે સાંજે તેમના પત્ની નિકીતાબેનને પડોશીએ ફોન કરીને ઘરના દરવાજા ખલ્લા પડ્યા હોવા અંગે જાણકારી આપી હતી.

વતનથી પરત આવીને તપાસ કરતાં કબાટના તોડી પાડવામાં આવેલાં લોકરમાંથી ૧૬ ગ્રામની સોનાની ચેઇન, ૩ ગ્રામની વીંટી, ચાર જોડી કાનની ઇયરિંગ, ચાર નાકના દાણા અને સોનાનું પેન્ડલ તથા ચાંદીના છડા, વીંટી ત્રણ સહિતનાં ઘરેણા સહીત કુલ રૂ.૧,૬૦,૩૦૦ની માલમતાની તસ્કરી થઇ હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. બનાવ સંદર્ભે પોલીસે અજ્ઞાત તસકરોનું પગેરું દબાવવાની કવાયત હાથ ધરી છે. ■

# ભુજ તાલુકાના બળદિયામાં પતંગની પ્રતિબંધિત ચાઇનીઝ દોરી સાથે એક શખ્સ ઝડપાયો

અમદાવાદઃ ઉતરાયણ પર્વ દરમ્યાન ઠેર-ઠેર ફાંસીના ફંદા જેમ લટકતી રહેતી પતંગની ધારદાર ચાઈનીઝ દોરના સંપર્કમાં આવી જવાના કારણે અનેક જીવલેણ દુર્ઘટનાઓ બનતી રહે છે તેવામાં ભુજ તાલુકાના બળદિયા ગામમાંથી પ્રતિબંધિત ચાઇનીઝ દોરી સાથે એક શખ્સને માનકૂવા પોલીસે દબોચી, કાયદેસરની કાર્યવાહી કરી હતી. ખાનગી બાતમીના આધારે માનકૂવા પોલીસે બળદિયા ગામેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકની ચાઇનીઝ દોરીની ૨૫ ફિરકી કિં. રૂ. ૬૯૦૦ સાથે રહીમ મામદ ખોજા (રહે. બળદિયા)ને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આગામી મકરસંક્રાંતિ પર્વ અગાઉ સેંકડો જીવલેણ દુર્ઘટનાઓના કારણ બનતાં ચાઇનીઝ તુક્કલ-લેન્ટર્ન તથા માંજા(દોરી) પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ■

# જામનગરમાં માણસ જાનવર બન્યો, ભેંસને બાંધી ક્રૂરતાપર્વક મારી નાખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના કાલાવાડમાં એક માણસને પશુતા બતાવી હતી અને એક ખેડૂતની ભેંસને મારી મારી મોતને ઘાટ ઉતારવાનું અમાનવીય કૃત્ય કર્યું હતું. આ ઘટનાએ અહીંના લોકોમાં ભારે રોષ જગાવ્યો હતો. હાલમાં પોલીસ આ કૃત્ય કરનાર શખ્સની તપાસ કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કાલાવાડ તાલુકાના નાની ભગેડી ગામમાં રહેતા એક ખેડૂત રમેશભાઈ દામજીભાઈ સાંગાણીની વાડીમાં તેમણે એક ભેંસ બાંધી હતી. વાડીમાં ઝાડ નીચે બાંધેલી ભેંસને કોઈ અજાણ્યા શખ્સે મારી હતી. તેના ચારેય પગ બાંધી દીધા હતા અને તેના માથા પર વાર કરી તેને મોતને ઘાટ ઉતારી હતી

આ બનાવ બાદ પરિવાર સહિત આસપાસના લોકોમાં રોષ જોવા મળ્યો હતો. ખેડૂતે કાલાવાડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ભેંસની કિંમત રૂ. ૭૦,૦૦૦ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ની કલમ ૧૧ એ ની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# હવે ગીર ગઢડાના હાઈ વે પર સિંહ પરિવાર આવ્યો લટાર મારવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાટિક સિંહો હવે સાસણ ગીરના જંગલોમાંથી બહાર નીકળી ગામે ગામ પહોંચી ગયા છે ત્યારે માનવ વસ્તીમાં જઈ ચડતા સિંહો જીવનું જોખમ લાવે છે, પરંતુ રસ્તાઓ લટાર મારતા સિંહો જોવાનો લ્હાવો લોકો લેતા હોય છે. ગીર ગઢડાના જામવાળા રોડ પર રાત્રિના સમયે બે સિંહણ અને તેના ત્રણ સિંહબાળ જોવા મળ્યા હતા. જંગલની સરહદ નજીક આવેલા રેવન્યુ વિસ્તારમાં સિંહ પરિવારને લટાર મારતાં જોઈને ત્યાંથી પસાર થતા રાહદારીઓ થોભી ગયા હતા અને કેમેરામા આ દૃશ્યો કેદ કરી લીધા હતા

શિયાળાની ઋતુમાં એશિયાટિક સિંહો જંગલ વિસ્તાર છોડીને રેવન્યુ વિસ્તારો તરફ વધુ જોવા મળે છે. ખાસ કરીને સંધ્યાકાળના સમયે સિંહો શિકારની શોધમાં નીકળી પડે છે અને રાત્રિ દરમિયાન માનવ વસાહત ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં ભ્રમણ કરતાં પહોંચી જાય છે. રેવન્યુ જમીનમાં ખુલ્લા પટમાં સિંહ પરિવાર જાણે કે ફોટો સેશન કરતો હોય તેમ સિંહબાળ સાથે બેસી મોજમસ્તી કરતાં હોવાના પ્રસાર થતા રાહદારીઓ આ દૃશ્યોને પોતાના કેમેરામાં કેદ કર્યા હતા. આ દૃશ્યો જોઈને લોકો રોમાંચિત થઈ ઉઠ્યા હતા. ગીર ગઢડા જામવાળા રોડ વિસ્તાર સિંહોના વસવાટ માટે જાણીતો છે. સિંહપ્રેમીઓ સિંહ જોવા મળે કે ન મળે, પરંતુ આ વિસ્તારમાં સિંહ દર્શન માટે અહીં આવતા હોય છે.

વન વિભાગ દ્વારા આ ગીર ગઢડા જામવાળા રોડ પર સમયાંતરે પેટ્રોલિંગ કરવામાં આવે છે. જોકે, સિંહ અને માનવ વચ્ચેના સંઘર્ષને ટાળવા, સિંહોની પજવણી અટકાવવા અને તેમની સલામતી જાળવવા માટે નિયમિત પેટ્રોલિંગ અત્યંત જરૂરી છે. બીજી તરફ અમુક લોકો રાત્રિના સમયે સિંહોનું લોકેશન શોધવા નીકળી પડે છે અને ગ્રામ્ય વિસ્તારની સીમમાં લાઈટના પ્રકાશ પાડીને સિંહોને શોધવાનો પ્રયાસ કરે છે. આવા સ્થળોએ પણ વન વિભાગ દ્વારા નિયમિત પેટ્રોલિંગ રાખવામાં આવે તે આવશ્યક છે, જેથી ગીરના ઘરેણાં સમા એશિયાટિક સિંહોની આગવી ઓળખ અને સલામતી જળવાઈ રહે. ■

# કચ્છમાં અકાળ મૃત્યુના બનેલા વિવિધ બનાવોમાં ૧૬ વર્ષની તરુણી સહિત ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છમાં અપમૃત્યુના બનાવોમાં ચાર જણે અકાળે જીવ ગુમાવ્યો હતો.

અંજાર નજીકના વરસામેડી ગામમાં રહેનાર મેહુલ ખીમચંદ ડામોર (ઉં.વ.૧૯) નામના યુવાને, જ્યારે ભુજ તાલુકાના તુગા ગામે ૧૬ વર્ષીય તરુણી નરશીભાબાઈ જુણસ સમાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતાં ચકચાર પ્રસરી છે, બીજી તરફ, લાકડિયા ખાતેના ખાનગી એકમમાં તોતિંગ રોલર હેઠળ કચડાઈ જતાં ઈમરાન રમજાન રાઉમા (ઉં.વ.૩૩)એ જીવ ખોયો હતો તેમજ મોડવદર નજીક ટ્રક અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં વિનોદ ખમીશા મારૂ (કોળી) (ઉં.વ.૨૬)નું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમના જણાવ્યા પ્રમાણે, મૂળ દાહોદ બાજુના અને હાલે વરસામેડીમાં રહેનાર મેહુલ નામના યુવાને ગત સવારના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતાં પોલીસે બનાવ પાછળના કારણ જાણવા છાનબીન હાથ ધરી છે. બીજો આત્મહત્યાનો કિસ્સો ભુજ તાલુકાના તુગા ગામમાં બન્યો હતો જેમાં તરુણવયની નરશીભાબાઈએ ગત બપોરે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરના વાડામાં ગળેફાંસો ખાઈ લેતાં તેને સારવાર અર્થે ખાવડાની સરકારી હૉસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. ખાવડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ, ભચાઉના લાકડિયા નજીક આવેલી મીના કંપનીમાં જીવલેણ અકસ્માતનો બનાવ બન્યો હતો જેમાં રોલર મશીનમાં અકસ્માતે ખેંચાઈ જતાં ગંભીર રીતે ઘવાયેલા ઈમરાન નામના યુવા કામદારનું સારવાર અગાઉ મોત થયું હતું.

માર્ગ અકસ્માતનો એક બનાવ એક્સિડેન્ટ ઝોન બની ચૂકેલા ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પરના મોડવદર નજીક બન્યો હતો જેમાં મોટરસાઇકલ પર જઈ રહેલા ચોપડવાના વિનોદ મારૂને સામેથી આવતી ટ્રક (નંબર જીજે-૧૨-બીએક્સ-૬૫૭૭) એ હડફેટે લેતાં ગંભીર ઈજાઓને પગલે તેનું બનાવસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. વિજય ખમીશા મારૂ (કોળી)એ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# સાયલાના ચોરવીરા ગામમાં ચાલતા ગેરકાયદેસર ખનન પર ખનીજ વિભાગના દરોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયલા તાલુકામાં આવેલા ચોરવીરા ગામમાં ગેરકાયદેસર ખનન પર દરોડા પાડવામાં આવ્યાં હતાં. આ દરમિયાન ખનીજ વિભાગની ટીમે રૂ. ૧ કરોડનો મુદામાલ કબ્જે કર્યો હતો. સુરેન્દ્રનગર ભૂસ્તરશાસ્ત્રી જેએસ વાઢેરના આદેશથી આ દરોડા પાડવામાં આવ્યાં હતાં. ખાણ વિભાગ દ્વારા અહીં આવેલા ૯ કૂવા અને તેની આસપાસ પડેલ ખનીજના જથ્થાની માપણી કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ખાણ ખનીજ વિભાગ સુરેન્દ્રનગર ટીમ દ્વારા સાયલા તાલુકાના ચોરવીરા ગામ સીમ વિસ્તારમાં આકસ્મિક રેડ પાડી પાડવામાં આવી હતી.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે દરોડા દરમિયાન કેરી કાર્બોસેલ ખનીજનું ગેરકાયદેસર ખાનનકામ કરતા કુલ ૯ કૂવાઓ ચરખી મશીન તથા તેમાં વપરાતી લોખંડની પાઇપો જે સુંઢ અને કેસિંગ, બકેટ, કુલ ૬ ટ્રેક્ટર, ૧ કમ્પ્રેશર મશીન અને ૧ જનરેટર મશીન સાથે આશરે ૧૦૦ મેટ્રીક ટન કાર્બોશેલ ખનીજનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ખાણ ખનીજ વિભાગ દ્વારા કુલ ૧ કરોડ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. ■

# સિંહ સદનની નકલી વેબસાઈટ બનાવી છેતરપિંડી આચરનાર આરોપી રાજસ્થાનથી ઝડપાયો

અમદાવાદઃ સિંહ સદન ગેસ્ટ હાઉસની આબેહૂબ દેખાતી નકલી વેબસાઈટ બનાવનાર વધુ એક આરોપીને પોલીસે ઝડપી લીધો હતો. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે નાસીર ખાન નામના શખસે સરકારી સિંહ સદન ગેસ્ટ હાઉસની આબેહૂબ દેખાતી નકલી વેબસાઈટ બનાવી હતી. સિંહ દર્શને આવતા પ્રવાસીઓ સાથે ઓનલાઈન સિંહ સદન ગેસ્ટ હાઉસના રૂમ બુકિંગના નામે હજારો રૂપિયાની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ મોટાપાયે છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

આ સમગ્ર મામલે ૭ નવેમ્બરના રોજ વન વિભાગના રેન્જ ફોરેસ્ટ અધિકારીએ મેંદરડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વન વિભાગના અધિકારીની ફરિયાદ પ્રમાણે, જે પ્રવાસીઓએ જંગલ સફારી કરવા સિંહ સદનમાં રોકાવા માટેની ઓનલાઈન ટિકિટ બુક કરાવી હોય અને તે રિસિપ્ટ વન વિભાગને બતાવતા અધિકારીએ સ્પષ્ટ કહેલું કે સિંહ સદનમાં રોકવા માટે આવી કોઇ ઓનલાઈન બુકિંગ સુવિધા ઉપલબ્ધ નથી. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી શરૂ કરી હતી અને રાજસ્થાનના મેવાતમાં રહેતા આરોપી નાસીર ખાનને ઝડપી પાડ્યો હતો.

સિંહ સદન ગેસ્ટ હાઉસમાં પ્રોટોકોલ મુજબ સરકારી મહેમાનોને વ્યવસ્થા આપવામાં આવે છે. બિન-સરકારી પ્રવાસીઓને રિસેપ્શન પરથી કરન્ટ બુકિંગ દ્વારા રૂમ ફાળવવામાં આવતા હોય છે. મહત્ત્વની વાત એ છે કે, સિંહ સદન ગેસ્ટ હાઉસના રૂમ બુકિંગ માટે આજદિન સુધી કોઈ સત્તાવાર ઓનલાઈન વેબસાઈટ શરૂ કરવામાં આવી જ નથી. ના તો વન વિભાગે કોઈ વેબસાઈટને ઓનલાઈન બુકિંગના અધિકાર આપ્યા છે. જેથી તે વેબસાઈટ નકલી હોવાનું જાણવા મળતા ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ આરોપી પાસેથી બે મોબાઈલ ફોન કબજે કર્યા હતાં. ■

# ગોવા ટુ ભાવનગરઃ રો-રો ફેરીમાંથી ઊતરેલી ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરની પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમને મળેલી બાતમીને પગલે ઘોઘા રોરો ફેરી સર્વિસમાં આવેલા ટોરસ ટ્રકને ઉભો રાખીને તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન ટ્રકમાં ઈલેક્ટ્રીક સામાનના આડમાં લાવવામાં આવેલો દારૂનો મસમોટો જથ્થો ઝડપી લીધો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરની પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ ઘોઘા તાલુકાના રો-રો ફેરી સર્વિસના માર્ગ ઉપર પેટ્રોલિંગમાં હતી. ટીમને બાતમી મળી હતી કે, ઘોઘા રોરો ફેરી સર્વિસમાં એક ટ્રકમાં દારૂનો જથ્થો આવી રહ્યો છે, જેને પગલે ઘોઘા રો રો ફેરી સર્વિસના રોડ ઉપર પોલીસની ટીમે વોચ ગોઠવી હતી. તે દરમિયાન શંકાસ્પદ ટ્રક આવતા તે ટ્રકને ઊભો રાખીને તપાસ હાથ ધરી હતી.

પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે ટ્રકને ઊભો રાખીને તેના ચાલકનું નામ પૂછતા તેનું નામ અર્જુન બંસીલાલ નટ અને તે રાજસ્થાનનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. જ્યારે તેની બાજુની સીટમાં બેઠેલા શખ્સનું નામ પૂછતા તેને વિક્રમસિંહ લક્ષ્મણસિંહ દેવડા અને રાજસ્થાનનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. જો કે બંનેને નીચે ઉતારીને પાછળના ભાગમાં રાખવામાં આવેલો માલ સામાન ચેક કરવામાં આવ્યો હતો. ત્યારે કાર્ડબોર્ડમાં રાખેલા ઈલેક્ટ્રીક સામાનના ખોખા નજરે પડ્યા હતા. જો કે ત્યારબાદ પોલીસે ટ્રક ઉપર ચડીને કેબિન તરફ બે નટ ખોલીને તપાસ કરતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કેબિનના અંદરના ભાગમાં ચોરખાનામાંથી દારૂની પેટીઓ મળી આવી હતી.

પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે આ ટ્રકમાંથી કુલ દારૂની ૨,૩૬૪ બોટલ જેની કિંમત રૂ. ૩૦,૫૪,૦૦૦ માનવામાં આવે છે, તે જપ્ત કરી હતી. પોલીસે ડ્રાઇવર અને કંડકટરને આ દારૂ ક્યાંથી લાવ્યા તેને પૂછપરછ કરતા અમરસિંહ નવલસિંહ અને રઘુવીરસિંહ શંકરસિંગ નામના શખ્સોએ આ દારૂ ગોવાથી ભરાવ્યો હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે દારૂની બોટલો, મોબાઈલ, ટ્રક મળીને કુલ રૂ.૪૦,૬૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો છે.

જ્યારે ઘોઘા પોલીસ સ્ટેશનમાં ડ્રાઇવર અને કંડકટરને ઝડપી લીધા બાદ દારૂ મેળવનાર સુરતના રાજુભાઈ અને દારૂ ભરી આપનાર અમરસિંગ નવલસિંહ અને રઘુવીરસિંહ શંકરસિંહ તેમજ ડ્રાઇવર અર્જુન બંસીલાલ નટ અને તેની સાથેના વિક્રમસિંહ લક્ષ્મણસિંહ દેવડા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજકોટ રેલવે પોલીસે ત્રણ અપહરણકારોને ઝડપી સવા વર્ષની બાળકીને મુક્ત કરાવી

અમદાવાદઃ રાજકોટ રેલવે સ્ટેશન પરથી માતાની નજર ચૂકવી સવા વર્ષની બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની ઘટના બની હતી. આ મામલે રેલવે પોલીસે ગણતરીની કલાકોમાં ગોંડલના ભાઈ બહેન અને જામનગરના એક શખ્સને દબોચી બાળકીને હેમખેમ મુક્ત કરાવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યું હતું કે, તેમણે બાળકીનો ઉછેર કરવાં અપહરણ કર્યું હતું. જો કે, પોલીસને શંકા ગઈ હોવાથી સાચું કારણ જાણવા રિમાન્ડ મેળવી ઊંડાણ પૂર્વક પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

મૂળ મોરબીના વતની ૩૨ વર્ષીય મહિલા છેલ્લા ૫ વર્ષથી દિલ્હી પરિવાર સાથે રહી ડ્રાઈફૂટનો છૂટક વેપાર કરે છે. કોઈ કારણસર પતિ-પત્નીને માથાકુટ થઈ એટલે ત્યારબાદ મહિલા સંતાન લઈને દિલ્હી સરાઇરોહીલા રેલવે સ્ટેશન આવી રાત્રિ રોકાણ કરી અને રાજકોટ પિતાના ઘરે જવા માટે નીકળી હતી. ૨૭ નવેમ્બરના સવાર ૦૮.૧૦ વાગ્યે દિલ્હી-સરાઇરોહીલા-પોરબંદર એક્સપ્રેસ ટ્રેનમાં રાજકોટ આવી હતી. ■

# પંજાબના વોન્ટેડ આરોપીને ગુજરાત એટીએસ અને જામનગર એસઓજીએ ઝડપી પાડ્યો

અમદાવાદઃ પંજાબના અમૃતસર ખાતે હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપીની જામનગરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત એટીએસ અને જામનગર એસઓજીએ સંયુક્ત ઓપરેશન દ્વારા જામનગરના મેઘપર વિસ્તારમાંથી આરોપીને ઝડપી લીધો હતો. આરોપી કંપનીમાં એક દિવસ પહેલા જ હેલ્પર તરીકે છૂટક મજૂરીકામ કરવા આવ્યો હતો. પંજાબ પોલીસની બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપી સામે પંજાબના અમૃતસરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મખનસિંહ મધોળુરામની હત્યાનો ગુનો નોંધાયો હતો.

મખનસિંહ મધોળુરામની હત્યાના ગુનોમાં ધરમવિરસિંહ, કરમવિરસિંહ, બિક્રમજીતસિંહ અને જોનની પંજાબ પોલીસે અટકાયત કરી લીધી હતી. પૂછપરછમાં તેમણે અન્ય વોન્ટેડ આરોપી તરીકે લવપ્રિતસિંહ હરજીતસિંહનું નામ આપ્યું હતું. જેથી પંજાબ પોલીસે આ વોન્ટેડ આરોપીની વિગતો ગુજરાત એટીએસ સાથે શેર કરી હતી. જેથી ગુજરાત એટીએસ અને એસઓજી પોલીસે મેઘપર ખાતે આવેલી ચાલીમાં રહેતા લવપ્રિતસિંહની ધરપકડ કરી લીધી હતી. ■

# ધર્મતેજ

## ગીતાના તે ચાર શ્લોક

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



આજકાલ દરેક વ્યક્તિ ગીતામાં શું જણાવાયું છે તે જાણે છે, ગીતા વિશે અભિપ્રાય આપી શકે છે, ગીતાનું જ્ઞાન બધાંને આપી શકે છે. એમ જણાય છે કે દરેક વ્યક્તિ ગીતા-વિષયમાં પારંગત છે. સમગ્ર ગીતાનું જ્ઞાન દસ વાક્યમાં, ગીતાના દરેક અધ્યાયનો સાર એક એક વાક્યમાં, ગીતાનો સાર એક ફકરામાં - આવી ઘણી વાતો બજારમાં ફરે છે. આ એક જોખમી હકીકત છે.

એમ જણાય છે કે મોટાભાગના લોકોને ગીતાના માત્ર ચાર શ્લોકની જાણકારી હોય છે. બીજા અધ્યાયનો સુડતાળીસમો શ્લોક - 'કર્મણ્યેવાધિકારસ્તે', ચોથા અધ્યાયનો સાતમો અને આઠમો શ્લોક - 'યદા યદા હિ ધર્મસ્ય' અને 'પરિત્રાણાય સાધૂનાં' અને બેસણાની જાહેર ખબર વાંચી વાંચીને યાદ રહી ગયેલો બીજા અધ્યાયનો તેવીસમો શ્લોક - 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ'. બસ ગીતાનું જ્ઞાન પૂરું. આ શ્લોક પણ આખાં આવડતાં હોય તેની કોઈ ખાતરી નહીં. વોટ્સએપમાં મેસેજ વાંચી વાંચીને લોકો 'ગીતા-જ્ઞાની' બની ગયાં છે. આ ચાર શ્લોક અગત્યના છે, મહત્ત્વના છે પણ ગીતામાં તેનાથી ઘણું વધારે કહેવાયું છે. ગીતાનું ઊંડાણ અપાર છે, અમાપ છે.

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન, મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોડસ્ત્વકર્મણિ. - અર્થાત તારો અધિકાર કર્મમાં જ છે, તેનાં ફળમાં કદી નહીં. તું કર્મફળના હેતુ વાળો ન થા, તેમ જ કર્મ ન કરવામાં તારી આસક્તિ ન થાઓ. ફળની આશા રાખ્યા વગર નિષ્કામ ભાવે, નિઃસ્વાર્થ, નિમિત્ત કર્મ કરવાં માટેની આ વાત છે. આ વાત બધાં જ જાણે છે અને એમ માનવામાં આવે છે કે ગીતામાં માત્ર આ જ અગત્યનું છે, પરંતુ તેમ નથી. ગીતામાં મહત્ત્વની અનેક ગૂઢ આધ્યાત્મની વાતો સમાયેલી છે.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત, અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ અને પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્, ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે. - અહીં શ્રીકૃષ્ણ ખાતરી આપે છે કે જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે ત્યારે તેઓ જન્મ ધારણ કરે છે. આગળના શ્લોકમાં એમ જણાવવામાં આવ્યું છે કે સતપુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે શ્રીકૃષ્ણ યુગે યુગે પ્રગટ થાય છે. શ્રીવિષ્ણુના દસ અવતારનો આ ઉદ્દેશ્ય છે. જ્યારે પણ દુનિયામાં અધર્મ વધી જાય, અધર્મ ધર્મ પર હાવી થઈ જાય, સાધુ પુરુષોના રક્ષણની આવશ્યકતા સર્જાય, દુષ્ટ પાપીઓનો સંહાર જરૂરી બને અને ક્ષીણ થઈ ગયેલાં ધર્મને પુનઃસશક્ત કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે ઈશ્વર આ કાર્ય સંપન્ન કરવા અવતરિત થાય. આ વાત પણ દરેક વ્યક્તિ સરળતાથી સમજી શકે તેવી છે અને એટલે સમજી જાય છે.

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ, ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ. - અહીં આત્માના અસ્તિત્વની વાત થાય છે. અહીં જણાવવામાં આવ્યું છે કે તે(આત્મા)ને શસ્ત્રો છેદતાં નથી, અગ્નિ બાળતું નથી, પાણી ભીંજવતું નથી, પવન તેને સૂકવી શકતો નથી. અહીં આત્માની શાશ્વતતા, અવિનાશીતા અને અવિભાજ્યતા દર્શાવવામાં આવી છે. સનાતની સંસ્કૃતિમાં બધાંને ખબર છે કે મૃત્યુ શરીરને આવે છે આત્માને નહીં. અહીં બધાં જ જાણે છે કે આત્મા તો અજરઅમર છે, અને તેથી આ વાત સમજવામાં અને સ્વીકારવામાં પણ કોઈને તકલીફ નથી પડતી.

સનાતની સંસ્કૃતિની દરેક વ્યક્તિએ પોતાની જાતને આ પ્રશ્ન પૂછવો જોઈએ કે આ ચાર સિવાય કયા શ્લોકની તેને ખબર છે. અહીં સામાન્ય જન સમાજની વાત છે. એ પણ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ નાનપ અનુભવે તે માટેનો આ પ્રયાસ નથી, પરંતુ વાસ્તવિકતા તો જાણવી જ રહી.

થોડીક માહિતી ભેગી કરી લેવાથી વ્યક્તિ જ્ઞાની નથી બની જતો. આ પરિસ્થિતિ દરેક ક્ષેત્રમાં છે. સાંપ્રત સમયની વાત કરીએ તો બે-ચાર મેસેજ વાંચીને લોકો એમ માનતાં થઈ જાય છે કે રશિયા અને યુક્રેનના યુદ્ધ બાબતે તે બધું જ જાણે છે, અને તે વિશે અભિપ્રાય આપવા પણ સક્ષમ છે. પણ આમ નથી હોતું. દુનિયાની વાતમાં પણ જટિલતા પૂર્વક ઘણાં પરિમાણો સમાયેલાં હોય છે. ગીતા તો આધ્યાત્મના ક્ષેત્રની અભૂતપૂર્વ ઘટના છે. તેનું ઊંડાણ, તેનો વ્યાપ, તેની પવિત્રતા, તેની સત્યનિષ્ઠા, તેનું તાત્પર્ય, તેની ગંભીરતા અને તેની વાસ્તવિકતા એમ સહજમાં સમજમાં આવે તેમ નથી. જ્યારે એમ કહેવાતું હોય કે ગીતાના મહાત્મ્યને અર્જુન, વેદવ્યાસ, શુકદેવ, યાજ્ઞવલ્ક્ય અને જનક પણ કંઈક જ જાણે છે ત્યાં માત્ર ચાર શ્લોક જાણનાર વ્યક્તિ ગીતાને તો કઈ રીતે જાણી શકે, પામી શકે.

ઉપર છેલ્લી માહિતીને જ્ઞાન સમજી લેવામાં આવે છે, અને તે પ્રમાણેનો વ્યવહાર પણ કરાય છે. પરિસ્થિતિની ગંભીરતા સમજવાની જરૂર છે. કેટલીક સામાજિક બાબતો માટે આ પરિસ્થિતિ વિશે મોટાં પ્રશ્નો ન હોય, પરંતુ જ્યાં શાસ્ત્રની વાત આવે ત્યાં ગંભીરતાની આવશ્યકતા છે. સમાજ સંસ્કૃતિથી દૂર થતો રહ્યો છે. વેદ, ગીતા કે ઉપનિષદના નામે ગમે તે વાતો 'વહેતી' મૂકી દેવાય છે. આ પ્રકારની વાતો કરવી હવે ફેશન બની ગઈ છે. પોતાની જાતને અમુક રીતે સ્થાપિત કરવા અમુક પ્રકારનાં 'શબ્દો' વાપરવાં લોકોને હવે વધુ ગમે છે. ઊંડાણમાં જવું નથી અને કિનારે બેસીને છબ-છબિયાં કરવાં છે.

બે-ચાર શ્લોક જાણી લેવાથી વ્યક્તિ જે તે શાસ્ત્રનો જાણકાર નથી બની જતો. વળી ગીતા ઘરના પૂજાસ્થાનમાં મૂકી રાખવા માટે ખરીદેલું એક પુસ્તક માત્ર નથી. ગીતા વિશેની વાતો એ ફેશનનો વિષય પણ નથી. પોતાની સ્થિતિ ગંભીરતાથી પોતે જ સમજવાની છે. ■

## ગીતાએ એક નવો જ સંન્યાસ ઊભો કર્યો છે

માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



ભગવાન શ્રીકૃષ્ણના વચનામૃત,અધરામૃત જે કહો તે, જેમાં ગ્રંથસ્થ થયા છે એવા પરમ પાવન સદ્ગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ને પ્રણામ. આમ તો ગીતાજયંતીનો એક વિશેષ આનંદ આપણને હોય જ છે. પણ એક દિવસ હું મોડો આવ્યો તોયે ખબર નહીં પણ કંઈક વિશેષ આનંદ આવ્યો છે.

ગીતાના સંદેશની વાત અહીંથી કહેવાની હોય છે. કોઈપણ નિર્ણય યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિના કહેવાથી, પરમ યોગ્યના ચરણમાં સ્થાપવાનો ગીતાનો એક મહિમાવંત સંદેશ છે. કોઈપણ નિર્ણય કોઈ એવી યોગ્ય વ્યક્તિના કહેવાથી અને એ પરમ યોગ્ય વ્યક્તિના ચરણમાં એ નિર્ણયને સ્થાપિત કરી દેવો. ડામાડોળ થયા વગર તમામ ભટકનને મૂકી દઈને એવો એક નિર્ણય કરી લેવો બાપ, એને ગીતાના આધારે, સદ્ગુરુની કૃપાના આધારે, સંતો અને વિદ્વાનો પાસેથી સાંભળ્યું હોય અને ગ્રંથ અવલોકન કર્યું હોય એના આધારે અને કંઈક અનુભવના આધારે મોરારિબાપુ એમ માને છે કે, એ ગીતાનો એક મહત્ત્વનો સંદેશ છે.

ગીતાએ ઘણી વ્યાખ્યાઓ આપી. ગીતાની એક વ્યાખ્યા મને બહુ ગમે, હું અવારનવાર કહું છું કથાઓમાં કે, ગીતાએ એક નવો સંન્યાસ ઊભો કર્યો. આપણે ત્યાં સંન્યાસના ઘણા પ્રકાર, એને બધા ને એક વિશિષ્ટ શીલવંત નામ આપવામાં આવ્યું છે. પણ ગીતાએ એક સંન્યાસ ઉત્પન્ન કર્યો અને એ છે નિત્ય સંન્યાસ. જે સાધકને કોઈ કામના ન હોય અને કોઈના તરફ દ્વેષ ન હોય એવો સાધક નિત્ય સંન્યાસી છે.

ज्ञेय स नित्य सन्यासी यो न द्वेष्टि न कांक्षति।

હાફ પેન્ટ ભલે પહેર્યું હોય ,પેન્ટ શર્ટ ભલે પહેર્યું હોય.. ભગવા ભલે ન હોય સફેદ હોય, જે રંગના હોય તે પણ આપણે આપણી જાતને પૂછીએ કારણ કે, મારી દૃષ્ટિમાં રામાયણે ત્રણ પ્રકારના જીવોની ચર્ચા કરી છે. એ ત્રણેય દર્શન પ્રદ્ધતિ બીલગ છે.

बिषई साधक सिद्ध सयाने। त्रिबिध जिव जग बेद बखाने।।

તો બાપ, ત્રણ પ્રકારના જીવોની શ્રેણી 'રામચરિતમાનસે' કહી છે. એમાં આપણે બધા આવતા હોઈએ મોટે ભાગે. એક વિષયી,બીજા સાધક અને બહુ જ ઉપર એ સિદ્ધ. આ ત્રણેયના દર્શનની રીત જુદી છે. પોતાની છાયામાં પોતાને માપે એ વિષયી છે કે, મારો પડછાયો કેટલો લાંબો? એમ પોતાના વ્યક્તિત્વની વાતો પોતે જ કરે. એનો નિર્ણય પોતે લઇ લે, સમાજમાં એ રીતે પોતાનું વ્યક્તિત્વ સ્થાપવાનો બહુ જ કુનેહપૂર્વક પ્રયાસ કરે એ વિષય દર્શન છે. જે છાયામાં પોતાને માપે.

ખલીલ જિબ્રાનની પેલી લોમડીની વાત. એ પોતાનો પડછાયો જોઇને વારંવાર વિચાર કરે છે મારે તો આટલો ખોરાક જોશે ને મારે તો આટલો બધો ખોરાક જોશે. આખરે સૂરજ માથે આવ્યો ને છાયાઓ સમાપ્ત થઈ ત્યારે એને એમ થયું કે મારે કાંઈ આટલું બધું જોતું નથી.

આ છાયામાં આપણે જયારે આપણી જાતને માપીએ છીએ તો બાપ, મોટેભાગે પડછાયામાં આપણે આપણું દર્શન કરીએ છીએ. પણ જે સાધક છે એ પડછાયામાં પોતાને માપતો નથી પણ એ દર્પણમાં પોતાને જુએ છે.

પોતાના મનરૂપી દર્પણમાં એ પોતાને જુએ છે, અથવા તો સ્થૂળરૂપે પોતાને જુએ છે કે હું કેવો છું? પણ દર્પણેય ક્યાં સાચું દેખાડે છે !બગડી ગયું હોય, ધૂળધુસરિત હોય, અથવા તો ઘણા એવાંય દર્પણ આવે કે આપણા મોઢા બહુ લાંબા દેખાડે. આપણે હોઈએ બરાબર ઊંચા પણ આપણને બહુ ઠીંગણા દેખાડે. આપણને બહુ જ ઊંચા દેખાડે, આપણને બહુ જ ફૂલેલા દેખાડે. આપણા ચહેરા કદાચ વિકૃત પણ દેખાડે. આવાં દર્પણો પણ આપણે જોયા છે. એટલે દર્પણ ઉપર પણ બહુ ભરોસો નથી મૂકી શકાતો. આપણું મન દર્પણ કહીએ તો, આપણું મન એ ક્યાં સાચું દર્શન કરાવે છે સાહેબ? ક્યારેક મન આપણને સંતોષ આપી દે કે, નહીં નહીં ભાઈ તું તો મહાન છે! પણ બહુ ભરોસો ન કરાય સાહેબ. અંગદ જ્યારે રાવણને એમ કહે છે કે, તું કયો રાવણ? મારા પિતાએ કાંખમાં દબાવ્યો એ તું? ધનુષયજ્ઞમાં મુખભર પડ્યો એ તું? તું કયો રાવણ છે એ તો કહે મને! બલિરાજાને જીતવા પાતાળમાં ગયો અને બાળકોની સાથે એને બાંધી દીધો, બાળકોનું રમકડું બનાવી દીધો એ તું રાવણ? પણ બહુ વિચારવા જેવું વક્તવ્ય રાવણે આપ્યું કે,અંગદ, હે વાનર, હું કયો રાવણ છું એ બીજાની સાથે, બીજાના અભિપ્રાય ઉપર નક્કી ન કર. હું કયો રાવણ છું એ હું જ કહીં શકું. રામ પણ કોણ છે એ રામ જ કહીં શકે.

ત્રીજું દર્શન છે તે છે આત્મદર્શન. જે સિદ્ધ લોકો કરતા હોય છે. એને જે દેખાય છે. તો, મારે જે કહેવું છે તે એ છે કે, આપણે યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિની પાસે આખરી નિર્ણય કરી શકીએ છીએ. એ આપણે નથી કરી શકતા અને પરિણામે ભગવાન કૃષ્ણ મને ને તમને જે સન્માન આપવા માગે છે, એક જીવનો આદર કરવા પ્રભુ માગે છે, પછી એને પીડા થાય છે કે મારે આને સન્માન આપવું છે પણ આ આટલી વસ્તુ કરી શકતો નથી. એટલે સંન્યાસીની વ્યાખ્યા સરસ આપી કે, જેને કોઈ આકાંક્ષા નથી, કોઈનો એ દ્વેષ કરતો નથી એ સંન્યાસી. કાયમનો સંન્યાસી.

એ વ્યક્તિને તમે સાધુ કહીં શકો. ભલે ગમે તે કપડાંમાં હોય, ગમે તે વર્ણ હોય, ગમે તે સાધના પદ્ધતિમાં એ જીવતો હોય, ગમે તે વ્યવસાયમાં હોય, ગમે તે દેશમાં હોય, પાતાળમાં હોય, આકાશમાં હોય, પૃથ્વી પર હોય કે બ્રહ્માંડોની અનંત શૃંખલામાં ગમે ત્યાં હોય, પણ એ સાધુ કહેડાવવાને યોગ્ય છે. આવી એક સાધુની વ્યાખ્યા ભગવદ્ ગીતાકારે આપી. અને એ મને બહુ ગમે છે.

- સંકલન :જયદેવ માંકડ ■

## ડરીશ નહીં, પાંચાલી! ગોવિંદ આવી ગયા છે!

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

'હવે તો બસ ને! હવે તો દ્યૂતક્રીડા બંધ થવી જોઈએ ને! ના, બંધ નહીં થાય! બેબાળકળો બની ગયેલો આ મૂર્ખ યુધિષ્ઠિર જુગારમાં તેને... પાંચાલીને પણ હારી જશે!'

'કોઈ અટકાવશે આ કપટદ્યૂતને ? ના, કોઈ નહીં અટકાવે. વિદુર પ્રયત્ન કરશે, પરંતુ વિદુરનું કોણ માને છે?'

'દારૂક! રથનો વેગ બરાબર છે ને? હસ્તિનાપુર હવે કેટલું દૂર છે?'

'પ્રભુ ! રથનો વેગ બરાબર છે અને હસ્તિનાપુર તો હવે સામે જ દેખાય છે!'

હસ્તિનાપુરમાં શું છે? કેમ આજે પ્રભુ હસ્તિનાપુર પહોંચવા માટે આટલા આતુર બની ગયા છે?

હા, હસ્તિનાપુરમાં કાંઈક એવું બની રહ્યું છે કે સદા ધીર અને સ્થિર પ્રભુ આજે અતિઆતુર બની ગયા છે. કોઈક પ્રભુને પોકારી રહ્યું છે- આર્તભાવે પોકારી રહ્યું છે!

હસ્તિનાપુરમાં આમ છે :

પાંડવોને અર્ધભાગરૂપે આપેલું ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય કોઈ પણ ભોગે પાછું હડપી લેવાની દુર્યોધનની આકરી દાનત છે, પરંતુ તેમ બને કેવી રીતે ? માત્ર રાજ્ય હડપ કરી લેવા માટે જ લશ્કરી આક્રમણને કોઈ સંમતિ ન જ આપે અને આપે તોપણ પાંડવોને યુદ્ધમાં હરાવવાનું કાર્ય સરળ નથી, તો ઉપાય શો?

દુર્યોધનના કાયમી સલાહકાર અને કપટદ્યૂતના અઠંગ ખેલાડી શકુનિએ દુર્યોધનને સલાહ આપી :

'દુર્યોધન ! જેમને યુદ્ધના મેદાનમાં ન હરાવી શકાય, તેમને દ્યૂતક્રીડામાં હરાવી શકાય. યુધિષ્ઠિરને દ્યૂતક્રીડા માટે નિમંત્રણ મોકલો. કોઈ ક્ષત્રિય રાજા યુદ્ધ અને દ્યૂતનું નિમંત્રણ પાછું ન ઠેલી શકે - આ નિયમની આણ આપીશું. યુધિષ્ઠિરને દ્યૂતક્રીડામાં બહુ ગતાગમ નથી અને છતાં તેઓ પોતાને દ્યૂતક્રીડાના કુશળ ખેલાડી માને છે. તું પાસા ફેંકવાનું કામ તારા વતી મને સોંપજે, પછીનું કામ મારું. આપણે કપટદ્યૂત દ્વારા પાંડવો પાસેથી બધું જ આંચકી લઈશું - રાજ્ય-સહિત... અને બીજું પણ ઘણું !'

તદનુસાર યુધિષ્ઠિરને દ્યૂતક્રીડા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું. પાંડવો હસ્તિનાપુર આવ્યા.

દ્યૂતક્રીડાનો પ્રારંભ થયો. સત્યનિષ્ઠ અને સરળ યુધિષ્ઠિર એક પછી એક દાવ હારતા ગયા અને કપટદ્યૂતનો અઠંગ ખેલાડી શકુનિ દુર્યોધન માટે એક પછી એક દાવ જીતતો ગયો. યુધિષ્ઠિર બધું જ હારી ગયા. રથ, ઘોડા, હાથી, સુવર્ણ, હીરા, મોતી, દાસ-દાસીઓ અને આખરે સંપૂર્ણ રાજ્ય પણ યુધિષ્ઠિર હારી ગયા અને દુર્યોધન માટે શકુનિએ જીતી લીધું. જે કાર્ય યુદ્ધ દ્વારા અશક્ય હતું તે કપટદ્યૂતથી શક્ય બની ગયું.

દ્યૂતક્રીડા અહીં વિરામ પામવી જોઈએ, પરંતુ તેમ ન થયું. શિયાળ જેવા લુચ્ચા અને વરુ જેવા દુષ્ટ શકુનિએ દુષ્ટતાની હદ વટાવી અને કહ્યું :

'ધર્મરાજ યુધિષ્ઠિર! નાના ભાઈઓ તો વડીલબંધુની મિલકત જ ગણાય. આપ નકુલને દાવમાં મૂકો. આપને જીતવાની તક મળશે !'

અને એમ નકુલ જુગારના દાવમાં મુકાયા. યુધિષ્ઠિર હારી ગયા અને નકુલ દાસ બન્યા. સભામાં હાહાકાર મચી ગયો, પરંતુ સભાના આ હાહાકારને આ જુગારીઓએ લક્ષમાં જ ન લીધો.

અને પછી તો તે જ રીતે સહદેવ, અર્જુન, ભીમ અને ધર્મરાજ યુધિષ્ઠિર પણ દ્યૂતક્રીડામાં હરાઈને દાસ બન્યા.

હવે યુધિષ્ઠિર પાસે દાવમાં મૂકવા માટે કશું જ નથી.

'અરે, ધર્મરાજ! નથી શા માટે? આપની પાસે અણમોલ ધન જેવી પાંચાલી છે! તમે જીતશો તો તમને બધું પાછું મળશે. કરો હિંમત! મૂકો પાંચાલીને દાવમાં !'

તેમ જ થયું અને મૂર્ખ યુધિષ્ઠિર પાંચાલીને પણ હારી ગયા !

આ દુષ્ટ રમતને રોકવાનો કોઈએ પ્રયત્ન ન કર્યો? પ્રયત્ન કર્યો વિદુરજીએ, પરંતુ તેમની વાત કોઈએ લક્ષમાં લીધી નહીં. ઉદ્ધત અને મદાંધ દુર્યોધને તેમને ચૂપ કરી દીધા.

દુર્યોધને ત્રાડ નાખી :

'દુઃશાસન! પાંચલીને અહીં હાજર કર! ન માને તો કેશથી પકડીને ઘસડતો-ઘસડતો અહીં લઈ આવ!'

ફરી એક વાર સભામાં સન્નાટો અને હાહાકાર! પણ કોઈ કાંઈ બોલતું નથી. સૌ આવું અકળાવી મૂકે તેવું મૌન ધારણ કરીને કેમ બેઠા છે? હા, એક માનવી વિરોધ કરે છે. કૌરવોનો સૌથી નાનો ભાઈ વિકર્ણ! પણ તેના વિરોધને કોણ ગાંઠે? વિકર્ણને તો ચૂપ રહેવાનો આદેશ મળ્યો અને ઠપકો પણ! આખરે આવા ઘોર અસત્યાચરણના મૂક સાક્ષી બનવાને બદલે વિકર્ણ સભાનો ત્યાગ કરીને ચાલ્યો ગયો.

હવે માત્ર કુરુસભાએ જ નહીં, પરંતુ સમગ્ર માનવસમાજે એક કારમું દૃશ્ય જોવું પડે છે. દુષ્ટ દુઃશાસન મહારાજ પાંડુની પુત્રવધૂ અને પાંચાલનરેશ દ્રુપદની કન્યા યાજ્ઞસેની દ્રૌપદીને કેશ પકડી ઘસડતો-ઘસડતો રાજસભામાં લઈ આવે છે.

કોઈ નકારમાં મસ્તક હલાવે છે અને કોઈ આંખો મીંચી જાય છે, પરંતુ કોઈ કશું જ બોલતું નથી. હા દુર્યોધનની ચંડાળચોકડી તાળીઓ વગાડતાં-વગાડતાં ખડખડાટ હસે છે. કેવું હીન હાસ્ય! કેવું બિહામણું આસુરી હાસ્ય! રે કુંતીપુત્ર કર્ણ! તું પણ તેમની સાથે ભળી ગયો?

પાંચાલી આક્રંદ કરે છે, કરગરે છે, હાથ જોડીને કાકલૂદી કરે છે, પરંતુ કોઈ સાંભળતું નથી અને સાંભળે છે તો અવશ બનીને મૂક રહે છે!

દુર્યોધન ફરીથી ત્રાડ મારે છે :

'દુઃશાસન! પાંચાલીને નિર્વસ્ત્ર કર! આવી સુંદર સ્ત્રીનું સૌંદર્ય સભા ભલે જોઈ લે! અને દાસીને શી લજ્જા અને દાસીને શું ચારિત્ર્ય!'

વિદુરજી કાને હાથ દઈ દે છે, પરંતુ કાંઈ બોલી શકતું નથી!

દ્રૌપદી વસ્ત્ર સંભાળતી, હાથ જોડીને કરગરે છે :

'મને ન્યાય આપો!'

પોતાની જાતને હારી ગયા પછી ધર્મરાજ યુધિષ્ઠિર મને દાવમાં મૂકી શકે?

જુગારમાં જિતાયેલી સ્ત્રીને પણ ભરસભામાં નિર્વસ્ત્ર કરી શકાય?

દ્યૂતક્રીડાનો એવો કોઈ નિયમ છે?

મને ન્યાય આપો, પિતામહ ! મને ન્યાય આપો !''

પિતામહ ભીષ્મ પથ્થરનું પૂતળું બની ગયા!

'મને ન્યાપ આપો. મહારાજ! મને ન્યાય આપો!'

મહારાજ ધૃતરાષ્ટ્ર આંખો પટપટાવીને ચૂપ જ રહ્યા.

'મને ન્યાય આપો, વિદુરકાકા!'

વિદુરજીને થયુંઃ ધરતી માર્ગ આપે તો સમાઈ જઉં! પણ મૌન-અકળ મૌન!'

'મને ન્યાય આપો, ગુરુ દ્રોણચાર્ય!'

એ જ પથ્થર જેવી શાંતિ!

'મને ન્યાય આપો. આચાર્ય કૃપાચાર્ય! મને ન્યાય આપો!'

મસ્તક નકારમાં હલાવવા સિવાય તેઓ કાંઈ જ ન કરી શક્યા.

પાંચાલી! તારા પાંચ સમર્થ વીર પતિ અહીં છે. કોઈ તને બચાવી શકે તેમ નથી ને!

પિતામહ ભીષ્મ, મહારાજ ધૃતરાષ્ટ્ર, આચાર્ય દ્રોણાચાર્ય, ધર્મજ્ઞ ધર્મનિષ્ઠા વિદુરજી, આચાર્ય કૃપાચાર્ય - કોઈ તને બચાવી શકે તેમ નથી ને? ના હવે અહીં મને કોઈ બચાવી શકે તેમ નથી.

ભગવાન શ્રીકૃષ્ણનો રથ હસ્તિનાપુરમાં પ્રવેશ કરે છે, હસ્તિનાપુરમાં રાજપથ પર રથ પૂરપાટ દોડી રહ્યા છે. કોઈક કૃષ્ણભક્ત ઓળખી ગયા : અરે ! આ તો ભગવાન શ્રીકૃષ્ણ છે! હંમેશાં ધીમી ગતિથી ચાલનાર અને સૌના નમસ્કાર સ્મિતપૂર્વક ઝીલતાં-ઝીલતાં ચાલનાર ભગવાન આટલી તીવ્ર ગતિથી કેમ રથ દોડાવી રહ્યા છે! હસ્તિનાપુરના નગરજનો ઝડપથી ખસીને ભગવાનના રથને માર્ગ આપી રહ્યા છે.

ભગવાનનો રથ રાજમહેલોના વિશાળ પ્રાંગણમાં પ્રવેશ કરી ચૂક્યો છે.

'દારૂક! રથને રાજસભાના દ્વારા સુધી લઈ લે !'

'જી, પ્રભુ!'

દ્રૌપદી! યાજ્ઞસેની! પાંચાલી! હવે તને કોઈ સહાય કરી શકે તેમ નથી ને! ના, કોઈ જ નહીં! અને કોઈ સહાય ન કરે ત્યારે કોણ સહાય કરે છે?

બધા જ આધાર તૂટી જાય ત્યારે નિરાધારનો આધાર કોણ બને છે?

સર્વાધાર ગોવિંદ! શ્રીકૃષ્ણ! અને દ્રૌપદી આર્તનાદ કરે છે :

'હે, ગો...'

ભગવાન શ્રીકૃષ્ણ રાજસભાના પ્રથમ પગથિયા પર પહોંચી ચૂક્યા છે અને ઝડપથી- અતિ ઝડપથી પગથિયાં ચડી રહ્યા છે. અરે! પગથિયાં કૂદી રહ્યા છે!

દ્રૌપદીનો આર્તનાદ પરિપૂર્ણ બને છે :

'... વિંદ !'

ને શ્રીકૃષ્ણ રાજસભાના દ્વારમાં પ્રવેશી ચૂક્યા છે.

ડરીશ નહીં, પાંચાલી! ગોવિંદ આવી ગયા છે!

રાજસભાનો ખંડ તેજથી ભરાઈ ગયો. દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચવા માટે ઉદ્યત થયેલો દુઃશાસન વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ ધરતી પર પછડાઈને દૂરદૂર ફેંકાઈ ગયો.

દ્રૌપદી જુએ છે : સામે જ ગોવિંદ ઊભા છે!

આર્તનાદ હર્ષોલ્લાસના ઉદ્ગારમાં બદલાઈ ગયો :

'આવી ગયા, ગોવિંદ! આવી ગયા, બંધુ! આવી ગયા, મારા નાથ! આવી ગયા, અશરણશરણ!' (ક્રમશઃ) ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# ગીતાની કેટલીક વાતો



ગીતાની કેટલીક વાતો અનેરી છે. અહીં કેટલીક વાતો સરળતાથી સહજતામાં કહેવાઈ ગઈ છે. ક્યારેક તો આ વાત એટલી સૂક્ષ્મ અને શાંત હોય છે કે નજરે પણ ન ચડે - પણ સંદેશો પહોંચી જાય. જેમ કે ગીતાના પહેલા અધ્યાયમાં દુર્યોધન ૩જા શ્લોકથી શરૂ કરીને ૧૧મા શ્લોક સુધી બોલે છે છતાં પણ તેના વક્તવ્ય આગળ દુર્યોધન ઉવાચ એમ નથી કહેવાયું. શાસ્ત્રમાં કોને મહત્ત્વ અપાય અને કોના નામનો ઉલ્લેખ હોવો જોઈએ તે બાબત આ પરિપ્રેક્ષ્યમાં સ્પષ્ટ થાય છે.

એ પણ સમજવા જેવી વાત છે કે, શ્રીકૃષ્ણ તો ત્રિકાળ જ્ઞાની હતા. તેઓ અર્જુનના સારા મિત્ર પણ હતા. તેથી તેમને ખબર તો પડી જ ગઈ હશે કે અર્જુન યુદ્ધના પ્રથમ દિવસે કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા કરશે. તો પછી શ્રીકૃષ્ણએ અર્જુનને પહેલેથી જ સામે બેસાડીને ગીતા જ્ઞાન કેમ નહોતું આપ્યું. જો ગીતા જ્ઞાન પહેલેથી અપાયું હોત તો કદાચ તેને ૭૦૦ શ્લોકમાં સીમિત કરવાની જરૂરિયાતના રહેત. તેઓ કદાચ અર્જુનને સવિસ્તાર કેટલીક વાતો સમજાવી શક્યા હોત.ગીતાનું જ્ઞાન પહેલેથી જ અર્જુનને કેમ સમજાવી ન દીધું. તેનો જવાબ પણ ગીતામાંથી જ મળે છે. ગીતામાં જ સાંખ્યદર્શનનો સિદ્ધાંત ટાંકીને શ્રીકૃષ્ણ જણાવે છે કે કોઈપણ કાર્યની સફળતા કે નિષ્ફળતા માટે અધિષ્ઠાન - સમય અને સ્થળ - કર્તા, જુદાં જુદાં સાધનો, જુદી જુદી ક્રિયાઓ અને દૈવ, આ પાંચ પરિબળો નિર્ણાયક રહે છે. તેથી એમ કહી શકાય કે અર્જુનને ગીતા ત્યારે જ પચાવી શકે કે જ્યારે આ પાંચ બાબતો વ્યવસ્થિત રીતના ગોઠવાઈ હોય.

બધા જાણે છે કે નારાયણના - શ્રી વિષ્ણુના દસ અવતાર છે, તેમાં કૃષ્ણાવતાર આઠમો અવતાર છે. કેટલીક વિચારધારા પ્રમાણે શ્રી વિષ્ણુના ચોવીસ અવતાર છે. સાથે સાથે ગીતામાં ઈશ્વર એમ જણાવે છે કે બહુની મે વ્યતીતાની અર્થાત મારા અનેક જન્મો થઈ ચૂક્યા છે. દર્શાવતારનો સિદ્ધાંત સમજીએ તો શ્રીકૃષ્ણના આ પહેલાં આઠ જ અવતાર થઈ ચૂક્યા છે. તો પછી અનેક જન્મની વાત સમજવામાં કોઈકને અઘરી છે. એમ કહેવાય છે કે દરેક કલ્પમાં શ્રીકૃષ્ણ પણ અવતાર લે છે અને શ્રીરામ પણ. દરેક કલ્પમાં તેઓ ધર્મની સ્થાપના માટે પ્રયત્નશીલ રહે છે. જો આ બધાનો સરવાળો થાય તો ચોક્કસ શ્રી વિષ્ણુ દ્વારા અનેકવાર અવતાર ધારણ કરાયો છે.

ગીતાના અભ્યાસુ ખબર હોય છે કે શ્રીકૃષ્ણએ કેટલીક વાતો જ્ઞાની પર તો કેટલીક વાતો શાસ્ત્ર પર છોડી છે - ક્યાંક ગુરૂનો ઉલ્લેખ થાય છે તો ક્યાંક સાંખ્ય દર્શનનો. કાર્યની સફળતા નિષ્ફળતાની વાત માટે પણ શ્રીકૃષ્ણ સાંખ્ય દર્શન પર વાત છોડે છે. આની પાછળ શ્રીકૃષ્ણ બે સંદેશા પહોંચાડવા માગે છે. એક, ગીતાની આગળ પણ અભ્યાસ ચાલુ રહેવો જોઈએ અને બીજું, બીજા મહાનુભાવો દ્વારા સ્થાપિત થયેલી વાતો પણ એટલી જ અગત્યની છે.

ગીતાની મજા એ છે કે અન્ય પ્રશ્નોના જવાબ તો ગીતામાંથી મળી જ રહે છે, પણ ગીતામાં જે પ્રશ્નો ઊભા થાય તેનો જવાબ પણ ગીતામાં સમાયેલો જ હોય છે. ગીતામાં એક સ્થળે જણાવાયું છે કે સમત્વ એ જ યોગ છે અને સાથે સાથે અન્ય સ્થળે એમ પણ જણાવાયું છે કે કર્મમાં કુશળતા એ યોગ છે. કેટલાક લોકો આ બે બાબતને વિરોધી સમજી શકે - ભિન્ન તો સમજી જ શકે. અહીંયા સમત્વ અને કુશળતા વચ્ચેની સંલગ્નતા સમજવી જરૂરી છે. સમત્વ સ્થાપિત કરવા માટેની કુશળતા અને કુશળતા પ્રાપ્ત થયા બાદ જરૂરી સમત્વનો ભાવ - આ બંને એકબીજાને અનુસરે છે. વાસ્તવમાં જો સમત્વની સ્થિતિ પ્રાપ્ત કરી હોય તો ચોક્કસ પ્રકારની કુશળતા આપમેળે પ્રગટ થાય, અને જો વ્યક્તિ ચોક્કસ બાબતોમાં કુશળતા પ્રાપ્ત કરે તો સમત્વનો ભાવ ચોક્કસ પામી શકે.

ગીતા સહજતાથી ગૂઢ આધ્યાત્મિક સિદ્ધાંત સ્થાપિત કરી શકે છે. ત્રીજા અધ્યાયમાં જણાવ્યું છે કે તત્ત્વને જાણનાર વ્યક્તિ - તત્ત્વવેત્તા - પ્રત્યેક તત્ત્વના ગુણ અને તેને આધારિત કર્મને વ્યવસ્થિત રીતે જાણે છે. તેથી સંસારના વ્યવહારમાં, એક ગુણ બીજા ગુણમાં પ્રવૃત્ત થાય છે, તેમ માનીને કોઈ પણ કાર્યમાં તેઓ આસક્ત થતા નથી. અહીં પ્રશ્ન એ થાય કે આ બાબત માન્યતા છે કે જ્ઞાન. અહીં મૂંઝવણ એ થાય કે આ બાબતને વ્યક્તિગત અભિપ્રાય તરીકે લઈ શકાય કે સંસારના સત્ય તરીકે. આનો જવાબ પણ ગીતામાં જ અપાઈ ગયો છે. જ્યારે શ્રીકૃષ્ણ સ્વયં કહે છે કે જે અનાદિ છે, જે બ્રહ્મ છે તેને નથી સત કહી શકાતું કે નથી અસત કહી શકાતું. અર્થાત સત અને અસતની ધારણાનો એક સાથે છેદ ઉડાડી દેવાય છે. જો સત અને અસત માટે આટલું સ્પષ્ટ વિધાન થઈ શકતું હોય તો એક ગુણના બીજા ગુણ સાથે પ્રવૃત્તિ થવાની ઘટના તો સંદર્ભિક અને સંજોગિક ઘટના જ બની રહે.

કેટલાક એ પણ પ્રશ્નો ઊભો કરતા હોય છે કે સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત તથા ભક્તના ગુણધર્મો લગભગ સમાન છે. તો એ દરેકને અલગ અલગ વર્ણવવાની જરૂરિયાત ક્યાંથી ઊભી થઈ. જરૂરિયાત છે. જરૂરી નથી કે સ્થિતપ્રજ્ઞ ભક્ત હોય, ભક્ત ગુણાતીત હોય કે ગુણાતીત સ્થિત પ્રજ્ઞા હોય - હોવાની સંભાવના છે પણ હોય તે જરૂરી નથી. તેવા સંજોગોમાં દરેકને પોતાની ઓળખ મળી રહે તે ઇચ્છનીય છે. સ્થિતપ્રજ્ઞને ખબર પડવી જોઈએ પોતે કેવા પ્રકારની ભૂમિકામાં છે. ગુણાતીતને એ સમજમાં આવવું જોઈએ કે વાસ્તવમાં ગુણોથી પર થવું એટલે શું. ભક્તએ એનું ધ્યાન રાખવું પડે કે કેવા પ્રકારના ભક્ત ઈશ્વરને વધુ પ્રિય છે. અહીં સામાન્ય બાબતો પણ છે અને વિશેષ બાબતો પણ. સામાન્ય બાબતો સર્વ સ્વીકૃત હોઈ શકે પણ વિશેષ બાબતો પર વધુ ધ્યાન આપવું જરૂરી બને.

ગીતા વિશે જેટલી વાત થઈ શકે તેટલી ઓછી છે. ઉપનિષદોનો તે નીચોડ તો છે જ પણ સાથે સાથે સનાતનની સંસ્કૃતિના દરેક દર્શનની કોઈને કોઈ વાત તેમાં સમાવાયેલી છે. આ એક ટૂંકમાં કહેવાયેલો સંપૂર્ણ ગ્રંથ છે. એમ કહેવાય છે કે યુદ્ધ ભૂમિની પૃષ્ઠ ભૂમિકામાં વર્ણવાયેલ આ સત્ય છે, પરંતુ એક વિચારધારા પ્રમાણે સમગ્ર માનવજાત માટે સર્વસ્થાને, સર્વ સમયે, યથાર્થ કહી શકાય આ તેવું આ શાસ્ત્ર વિધાન છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# સાચું દાન



ગત અંકમાં તપ વિષયક સમજૂતી આપીને હવે ભગવાન કૃષ્ણ દાનનું વિશ્લેષણ કરે છે.

દાન એ ભારતીય સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે દાનના મહત્ત્વ અને તેના ત્રણ પ્રકારોનું વિભાજન કરીને માનવ જીવનની સાચી દિશા દર્શાવી છે. દાન માત્ર સહાય નથી, પણ તે એક સાધના છે જેમાં આપનારનું હૃદય, ભાવના અને નિષ્કપટતાનું મૂલ્ય હોય છે. એક સાચું દાન કેટલાંય જીવનોને બદલી શકે છે અને આપનારને આંતરિક શાંતિ તથા આધ્યાત્મિક ઉત્તમતા તરફ લઈ જઈ શકે છે.

ભગવદ્ ગીતાના ૧૭મા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ દાનના જે ત્રણ પ્રકારોનો ઉલ્લેખ કરે છે, તે છે- સાત્ત્વિક, રાજસ અને તામસ દાન. સાત્ત્વિક દાન તે છે, જે યોગ્ય સ્થાન, યોગ્ય વ્યક્તિને, યોગ્ય સમયે, ફળની આશા વગર અને શ્રદ્ધાપૂર્વક આપવામાં આવે છે. આવું દાન આપનારના ચિત્તને શુદ્ધ કરે છે અને ભગવાન તથા સત્પુરુષોનું આશીર્વાદનું પાત્ર બને છે. આમાં કોઈ ભિક્ષુકને નિઃસ્વાર્થપણે ભોજન જ આપવું નહીં, પણ કોઈ પણ દુઃખી, દર્દી કે જરૂરિયાતવાળી વ્યક્તિની અપેક્ષા વગર મદદ કરવી તે સાત્ત્વિક દાન છે.

રાજસ દાન તે છે, જે સ્વાર્થ, ફળની અપેક્ષા કે પોતાના લાભ માટે આપવામાં આવે છે. એવા દાનમાં વ્યક્તિ દાન તો આપે છે, પણ તેમાં વ્યક્તિગત પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ કે ઓળખ મેળવવાનું લક્ષ્ય છુપાયેલું હોય છે. જેમ કે કોઈ નાની મદદ આપે અને તરત સોશ્યલ મીડિયામાં ફોટા નાખે કે સમાચાર કરાવેતે રાજસ સ્વભાવ દર્શાવે છે. આવી ક્રિયાથી દાનની ગરિમા ઘટી જાય છે.

તામસ દાનમાં તો અયોગ્ય દાન જ નહિ, પણ અનાદરપૂર્વક, અવ્યવસ્થિત રીતે અથવા અયોગ્ય વ્યક્તિને આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, વ્યસનીને પૈસા આપવા કે અયોગ્ય સમયે આપેલી કુટિલ સહાય, જે ક્યારેય લાભદાયક સાબિત થતી નથી તે તામસ દાન છે. તામસ દાન આપનારના અજ્ઞાન, દુર્બળતા અને અવિવેકને દર્શાવે છે.

શાસ્ત્રોમાં કહેવામાં આવે છે કે 'સહજ ભાવથી આપેલું દાન અમૃત સમાન છે.' દાનમાં માત્ર પદાર્થ નથી, પણ પોતાનું 'હૃદય' પણ જોડાવું જોઈએ. એવું દાન જે બીજાને ઉદ્ધાર કરે અને આપનારને પણ વિમલ બનાવે તે જ સાચું દાન છે. શાસ્ત્રો કહે છે કે દાન તે ત્યારે શ્રેષ્ઠ બને છે, જ્યારે તે ધર્મની સાથે, નિઃસ્વાર્થપણે અને શ્રદ્ધા સાથે આપવામાં આવે.

મહાભારતમાં એક પ્રસિદ્ધ દાન નોંધાયું છે સૂર્યપુત્ર કર્ણનું દાન. કર્ણ દાનવીર તરીકે જાણીતો હતો અને તેનું સમગ્ર જીવન દાન માટે સમર્પિત હતું. પણ એક કાલજયી પ્રસંગ એવો છે, જ્યાં તેણે દાનના સ્તરને અતિ ઊંચાણે લઈ જતું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

યુદ્ધની પૂર્વસંધ્યાએ, ઇન્દ્રદેવે પોતાનું સ્વરૂપ બદલીને કર્ણ પાસે ભિક્ષા માગવા આવ્યા. કર્ણ જાણતો હતો કે આ ઇન્દ્ર છે અને તે તેનું કવચ અને કુંડળ, ભિક્ષામાં માગવા આવ્યો છે. આ જ વસ્તુઓ કર્ણની રક્ષણ કવચ હતી અને જેને લઈને તે જન્મથી અજેય હતો. ભલે સામે મૃત્યુનું સંકટ હતું, છતાંય, કર્ણે એક ક્ષણ પણ વિલંબ ન કરતાં પોતાનાં કવચ અને કુંડળ ઉતારીને આપી દીધાં. આવું ઉદાત્ત ભાવનાવાળું દાન સાત્ત્વિક દાનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, જ્યાં દાતા પાસે ફળની કોઈ આશા ન હોય, જ્યાં પરોપકારની ભાવના જ પ્રમુખ હોય અને સાથે માત્ર શ્રદ્ધા અને કરુણાનું જ ઝરણું વહેતું હોય!

સ્પષ્ટ છે કે દાન કોઈ ક્રિયામાત્ર નથી, પણ એક મહાન ઉપકારી કૃત્ય છે જે માત્ર લેનારના જીવનને નથી બદલતું, પણ આપનારને પણ અમરતા આપી જાય છે.

મહંત સ્વામી મહારાજ કહે છે - આજના સમયમાં આપણું દાન માત્ર નાણાં પૂરતું ન હોવું જોઈએ. સમય, જ્ઞાન, શક્તિ, સહાનુભૂતિ, પણ મહાન દાનરૂપ છે. જો કોઈ શિક્ષક કોઈ વિદ્યાર્થીને નિઃશુલ્ક તાલીમ આપે, તો એ પણ સર્વોચ્ચ દાન છે. કોઈ દર્દીને જરૂરિયાતનું રક્ત આપવું કે વૃદ્ધ માતા-પિતાની સેવા કરવીએ પણ ભવ્ય દાન છે. જો આ દાન શ્રદ્ધા અને વિવેકપૂર્વક આપવામાં આવે, તો તે આપનારને પણ મોટી પદવી આપે છે.

આમ, દાન એ મહાન મૂલ્ય છે, સામાજિક ઉત્તરદાયિત્વ છે. જો તે ગુરુની આજ્ઞાથી કરવામાં આવે તો તે દાન ત્રણેય ગુણોથી પર થઈ વિકારોથી મુક્ત થવાનો સુગમ માર્ગ છે. આપણે પણ ભગવદ્ગીતાના દાનની ભાવનાને સમજીએ અને જીવનમાં ઉતારીએ, તો એક એવા સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ થશે જ્યાં લોકો પરસ્પર પ્રીતથી સદા યુક્ત રહેશે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# આરાધકને વરદાન આપવા સિવાય આરાધ્ય પાસે કોઈ માર્ગ હોતો નથી



ભગવાન શિવના આશીર્વાદ લઈ અસુરગુરુ શુક્રાચાર્ય તુરત નરકલોક પહોંચે છે. તેઓ જુએ છે કે મહાકાય નરકાસુર સૂતેલો છે. તેઓ તેને જગાડવાની કોશિષ કરે છે પણ નરકાસુરને તેની કોઈ અસર થતી નથી. શુક્રાચાર્ય પોતાની જળવિદ્યાથી અસંખ્ય સૈનિકોને ઉત્પન્ન કરે છે અને એ સૈનિકોને આદેશ આપે છે કે નરકાસુરને ઊઠાડવામાં આવે. સૈનિકો નરકાસુરને ઉઠાડવાની કોશિષ કરે છે પણ તેઓ નાકામ થાય છે. થાકી હારેલા શુક્રાચાર્ય નરકાસુરને તેમના કમંડળના જળથી ઉઠાડે છે. નિદ્રામાં જ નરકાસુર પૂછે છે કે તમે કોણ છો અને ફરી સૂઈ જાય છે. ક્રોધિત શુક્રાચાર્ય તેમની યોગઅગ્નિમાં નરકાસૂરને મૂકી દે છે. શુક્રાચાર્ય ફરી પોતાના આશ્રમ આવે છે અને પોતાના યજ્ઞ કુંડમાં અગ્નિનું આહ્વાન કરે છે. યજ્ઞકુંડમાં અગ્નિ પ્રજ્વલિત થતાં શુક્રાચાર્ય પોતાની મંત્રવિદ્યાથી નરકાસુરનું આહ્વાન કરે છે. અગ્નિમાં સમાયેલો નરકાસુર અગ્નિમાંથી બહાર નીકળી પૂછે છે કે, 'દૈત્યગુરુ શું ઇચ્છા છે તમારી.' નરકાસુરને પોતાની સમક્ષ જોઈ પ્રસન્ન શુક્રાચાર્ય કહે છે, 'મારા અસંખ્ય પ્રયાસોથી તમે પૂર્ણ રૂપે જાગી ગયા છો. તમે એક મહાબલી, મહાપરાક્રમી અને મહાન યોદ્ધા છો. તમને મહાન માતા અદિતીના સૌગદ છે તમે દૈત્ય સંસ્કૃતિનું ઉત્થાન કરો.' માતા અદિતીનું નામ સાંભળતાં જ નરકાસુર કહે છે, 'માતા અદિતીના નામ પર હું કંઈ પણ કરવા તૈયાર છું, કહો ગુરુદેવ.' શુક્રાચાર્ય તેને કહે છે 'હવે તમે પૂર્ણ રૂપે જાગૃત છો, હવે તમે એવાં કાર્ય કરો કે ત્રણેય લોક પર અસુર સામ્રાજયનો જયજયકાર થાય અને દૈત્ય શત્રુઓનો વિનાશ થાય. નરકાસુર કહે છે, 'તમારી ઇચ્છાઓ પૂર્ણ કરવા હવે મારે શું કરવું જોઈએ તેના જવાબમાં શુક્રાચાર્ય કહે છે કે, નરકાસુર તમે તપસ્યા કરો અને ત્રિદેવોને પ્રસન્ન કરો. ત્રિદેવ એટલે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી, વિષ્ણુજી સૃષ્ટિના પાલક છે અને મહેશ સૃષ્ટિના સંહારક છે. આ શક્તિઓને તપસ્યાથી પ્રસન્ન કરી તમે ઇચ્છિત વરદાન મેળવી શકો છો. તમારા પિતા અને દાદાશ્રીએ પણ ઇચ્છિત વરદાન મેળવ્યા હતા. મેં ચિંધેલા માર્ગ પર ચાલશો તો, અથાગ શરીરના સ્વામી નરકાસુર તમે વરદાન મેળવી ત્રણેય લોકો પર રાજ કરશો. તમારે બ્રહ્માજીની આરાધના કરી ચારેય વેદનું જ્ઞાન અને ત્રિદેવ વધ ન કરી શકે એવું વરદાન માંગવું. તમારા પિતાએ પણ મારી વાત ન માનતાં પોતાને ગમતાં વરદાન માગી પોતાના પતનનો માર્ગ નિશ્ચિત કર્યો હતો.

***

નરકાસુરઃ 'નહીં ગુરુદેવ... તમારી ઇચ્છા મુજબ હું બ્રહ્માજીને પ્રસન્ન કરી તમે કહેલું વરદાન જ માગીશ.'

શુક્રાચાર્યઃ 'બ્રહ્મદેવ તમને સહેલાઈથી વેદ નહીં આપે, તમને ભરમાવી અન્ય વરદાન આપવાની પણ કોશિષ કરશે.'

નરકાસુરઃ 'ગુરુદેવ તમારું માર્ગદર્શન મને યોગ્ય સમયે મળ્યું છે, હું તેમની કોઈપણ યોજનામાં નહીં ફસાઉં.'

શુક્રાચાર્યઃ 'નરકાસુર મને આશંકા છે કે દેવોનો રાજા ઈન્દ્ર તમારી તપસ્યા ભંગ કરાવી શકે છે એટલે હું તમને એક સુરક્ષા કવચ બનાવી આપું છું જે અગ્નિનું હશે અને કોઈને દશ્યમાન પણ નહીં થાય, જેથી કોઈપણ દેવતા એ સુરક્ષા કવચને તોડીને તમારી તપસ્યા ભંગ ન કરાવી શકે.'

અસુરગુરુ શુક્રાચાર્યના આશીર્વાદ લઈ નરકાસૂર તપસ્યા કરવા નીકળી પડે છે. થોડા જ સમયમાં તે એક વનમાં પહોંચી એક પગે ઊભો રહી તપસ્યા કરવા લાગ્યો. નરકાસુરને તપસ્યા કરતો જોઈ દેવરાજ ઇન્દ્ર ભયભીત થઇ જાય છે.

દેવરાજ ઈન્દ્ર તુરંત સર્વ દેવગણોને બોલાવે છે. તેમની આજ્ઞાથી પવનદેવ, અગ્નિદેવ, વરુણદેવ અને અન્ય દેવો ઉપસ્થિત થાય છે.

પવનદેવઃ 'દેવરાજ અમે તમારી પાસે આવી જ રહ્યા હતા. હવે આ નરકાસુર કેમ તપસ્યા કરવા માંડયો છે એ સમજવું જરૂરી છે.'

દેવરાજ ઇન્દ્રઃ 'હું જોઈ રહ્યો છું કે આ નરકાસુર બ્રહ્માજીની તપસ્યા કરી રહ્યો છે. આની તપસ્યાનો અંત કરવો આવશ્યક છે. જાઓ દેવતાઓ નરકાસુરની તપસ્યાનો અંત લાવો.'

અગ્નિદેવઃ 'દેવરાજ શુક્રચાર્ય દ્વારા નરકાસુરને તેની આસપાસ અદૃશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું છે. તેને તોડવું અશક્ય છે.'

દેવરાજ ઇન્દ્રઃ 'તો આનો ઉપાય શું?'

અગ્નિદેવઃ 'નરકાસુર બ્રહ્માજીની તપસ્યા કરી રહ્યો છે આપણે તેમની શરણે જ જવું જોઈએ.'

સમસ્ત દેવગણ સહિત દેવરાજ ઇન્દ્ર બ્રહ્મલોક પહોંચે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'બ્રહ્મદેવની જય હો. પરમપિતા તમે જ જુઓ શુક્રાચાર્ય ફરી કાર્યાન્વિત થઈ ગયા છે, તેમણે નરકાસુરને જગાડી અદૃશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરી તપસ્યા માટે પ્રેરિત કર્યો છે.'

બ્રહ્મદેવઃ 'દેવગણો અગાઉ પણ તમે આજ પ્રશ્ન લઈ અહીં ઉપસ્થિત થયા હતાં, તમને મેં કહ્યું હતું કે, મારા હાથ બંધાયેલા છે. આરાધકની ભક્તિ અને પ્રેમ સામે આરાધ્યએ નમતું જોખવું પડે છે. આરાધકને વરદાન આપવા સિવાય આરાધ્ય પાસે કોઈ માર્ગ હોતો નથી. સમયની રાહ જુઓ બધુ સમુંસૂતરું થશે.'

બ્રહ્માજી પાસેથી દેવગણોને યોગ્ય ખાતરી ન મળતાં ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર દેવગણોને કહે છે કે, ચાલો આપણે ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે જઈએ. તેઓ કોઈક માર્ગ જરૂર દાખવશે. સમસ્ત દેવગણ શ્રીહરિ વિષ્ણુ પાસે પહોંચે છે.

દેવરાજ ઈન્દ્રઃ 'ભગવાન શ્રીહરિ વિષ્ણુની જય હો. અસુર ગુરુ શુક્રાચાર્ય ફરી કાર્યાન્વિત થઈ ગયા છે, તેમણે નરકાસુરને જગાડી અદૃશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરી તપસ્યા માટે પ્રેરિત કર્યો છે. શુક્રાચાર્યની મહેચ્છા શું હશે એ સમજ પડતી નથી. તમે જ માર્ગદર્શન કરો, જેથી દેવગણો પર આવેલા સંકટને દૂર કરી શકાય.' (ક્રમશઃ) ■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# આ મંદિરમાં કેમ ચઢાવાય છે હાથકડીઓ?



પ્રસિદ્ધ શાયર જલન માતરી પોતાના એક શેરમાં જે વાત કરે છે તે અત્યંત પ્રસિદ્ધ થઇ છે, 'શ્રદ્ધાનો હો વિષય હોય તો પુરાવાની શી જરૂર?'. વાત સાચી છે. કેટલીક વાત માટે પુરાવાની નહીં માત્ર હૃદયના અનુભવની જરૂર પડે છે. હવા દેખાતી નથી, પણ છે તેનો અનુભવ વિવિધ રીતે આપણને થાય છે. ઈશ્વર પણ પ્રત્યક્ષ નથી, પણ તેનો અનુભવ પણ શ્રદ્ધાવાનને વિવિધ રૂપે થાય જ છે. આ અનુભવ ઊંડી આસ્થાના બીજ રોપે છે. તેથી જ ભક્તને એ શ્રદ્ધા હોય છે કે ઈશ્વર તેની અડચણો દૂર કરશે જ. ભક્તની ભક્તિ આપણને ક્યારેક આશ્ચર્યજનક અને ક્યારેક વિચિત્ર લાગી શકે, તેમ છતાં તેના માટે તો એ ઈશ્વર સુધી પહોંચવાનો તેની સાથે સંવાદ સાધવાનો, ઈશ્વરનો ઉપકાર માનવાનો એક રસ્તો જ હોય છે. એક એવું મંદિર છે જ્યાં ભક્તો હાથકડી ઈશ્વરના ચરણે અર્પણ કરીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. કેમ? ચાલો જાણીએ.

રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના જોલર ગ્રામ પંચાયતમાં દેવાક માતાનું એક પ્રાચીન મંદિર છે. આ એ જ મંદિર છે જ્યાં ભક્તો દૂર-દૂરથી દેવીને હાથકડી અને સાંકળો ચઢાવવા આવે છે. બેડીઓ અને હાથકડી ચઢાવવાની કથા પણ ખૂબ જ રસપ્રદ છે. ભારતમાં એક સમયે અનેક જંગલોમાં ડાકુઓ વસવાટ કરતા હતા. સમાજમાં થયેલા અન્યાય સામે લડત ચલાવવા તેઓ સમાજનો ત્યાગ કરીને, હથિયાર ઉપાડીને જંગલો અને કોતરોમાં રહેતા. એવી માન્યતા છે કે માલવાના જંગલો પર પણ એક સમયે ડાકુઓનું શાસન હતું. ડાકુઓ દેવાક માતાના આ મંદિરે દર્શન કરવા આવતા હતા. પોતાને થયેલા અન્યાય સામે ચલાવેલી લડતમાં તેમને સફળતા મળે તેને માટે તેઓ અહીં પ્રાર્થના કરતા અને દેવીની માનતા માનતા. તેઓ એવી માનતા લેતા કે જો પોલીસની ચુંગાલથી તેઓ આબાદ બચી જશે તો દેવીના ચરણે હાથકડી અર્પણ કરશે. ચમત્કારિક વાત એ હતી કે તેમની આ માનતા સફળ પણ થતી હતી. તેથી દેવીને આપેલા વચન મુજબ તેઓ દેવાક માતાના ચરણે હાથકડી કે સાંકળ અર્પણ કરતા હતા.

આ પ્રથાની શરૂઆત વિશે સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, એક પ્રખ્યાત ડાકુ પૃથ્વી રાણાએ જેલમાં દેવાક માતાની પ્રતિજ્ઞા લીધી હતી કે જો તે જેલ તોડીને ભાગી જવામાં સફળ થશે, તો તે સીધો અહીં દર્શન કરવા આવશે. થોડા સમય પછી, તેની સાંકળો તૂટી ગઈ અને તે જેલમાંથી ભાગી જવામાં સફળ રહ્યો. અહીં આવીને તેણે પોતાની હાથકડી માતાના ચરણોમાં અર્પણ કરી. ત્યારથી આ પરંપરાની શરૂઆત થઇ છે.

મંદિરમાં એક ૨૦૦ વર્ષ જૂનું ત્રિશૂળ સ્થાપિત છે. જેમની માનતા પુરી થાય તે આ ત્રિશૂળ પર જ હાથકડીઓ ચઢાવે છે. એવું કહેવાય છે કે તેમાંની કેટલીક હાથકડીઓ તો લગભગ દોઢસો થી બસ્સો વર્ષ જૂની છે. હાથકડીઓની બનાવટ અને સ્થિતિ જોઈને આપણે પણ એ અંદાજ લગાવી શકીએ કે કદાચ ખરેખર એ હાથકડીઓ એટલી પુરાતન હોઈ શકે.

અહીં આસપાસ ઘટાટોપ જંગલ છે. વચ્ચે લગભગ ૫૦૦ મીટરનો ચઢાણવાળો વિસ્તાર છે, જેના ઉપર દેવાક માતાનું મંદિર છે. અહીં દેવી મહાકાળીના સ્વરૂપમાં બિરાજમાન છે. આ જંગલ ઘણું સમૃદ્ધ ગણાય છે, કેમકે અહીં સાગ-સીસમ સહિત અનેક પ્રજાતિઓના વૃક્ષો જોવા મળે છે. અહીંયા જોકે, વૃક્ષો કાપવા પર પ્રતિબંધ છે. એવું પણ કહેવાય છે કે દેવીને પ્રસન્ન કરવા ડાકુઓ અહીં પશુબલિ પણ ચઢાવતા હતા. પણ એ પ્રથા પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. અહીં એક પરિક્રમા માર્ગ પણ બનાવવામાં આવ્યો છે. લોકોમાં એવી શ્રદ્ધા છે કે, શારીરિક તકલીફોથી પીડાતા રોગીઓ અહીં પરિક્રમા કરે તો તેમને રોગમાં રાહત મળે છે. તેથી અહીં નવરાત્રી અને અન્ય તહેવારોમાં પરિક્રમા કરવા આવતા ભક્તોની ભારે ભીડ પણ જોવા મળે છે.

હવે જોકે, ડાકુઓ અને લૂંટારા પહેલાની જેમ જંગલોમાં નથી રહેતા. હા, સદીઓથી ચાલતી પરંપરા આજે બદલાયેલા સ્વરૂપ સાથે કાયમ છે. પરંતુ ત્યારથી પ્રસિદ્ધ થયેલા આ મંદિરમાં આજે પણ લોકો તેમના પરિવારના સભ્યોને જેલમાંથી મુક્ત કરવા માટે હાથકડી અને સાંકળો ચઢાવવા આવે છે. હવે લોકો કોર્ટકચેરીના દાવપેચથી બચવા પણ માનતા માને છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# પરબધામનું મૂળ પ્રાચીન સ્થાનક



પહેલાંના પ્રાચીન સમયની જસા, વોળદાન અને એમનાં શિષ્યા અમૂલાંબાઈની સમાધી/આરામગાહો મૂળ એ સ્થાનકમાં હતી. મૂળ સરભંગ ઋષિનો આશ્રમ તથા દતાત્રેય મહારાજનો ધૂણો એ જગ્યાએ હતાં એ પછી ડાડા મેકરણ કાપડી (ઈ.સ.૧૬૬૯ થી ઈ.સ.૧૭૩૦) એ પૂરાંબાર વર્ષ સુધી ધુણો ચેતવીને આ સ્થાને બાર વર્ષાના એક તપની સાધના કરેલી.ઈ.સ.૧૭૩૦ વિ.સં.૧૭૮૬માં મેકરણડાડાએ જીવંત સમાધિ કચ્છમાં લીધેલી.

મેકરણડાડાની વિદાય પછી છ વરસે દેવીદાસનો જન્મ મેકરણડાડાનો જન્મ ઈ.સ.૧૬૬૯ કે ઈ.સ. ૧૬૬૭માં, વિ.સં. ૧૭૨૩ અથવા વિ.સં. ૧૭૨૫ વિજયા દશમીના દિવસે. કચ્છના નાની ખોંભડી ગામે. ભટ્ટી રજપૂત હરધોળજીને ત્યાં પબાબાઈની કૂખે. મોટાભાઈ : પતોજી. ગુરુ : ગાંગોજી કાપડી. ૧૦ વરસની અથવા તો બાર વરસની ઉંમરે વિ.સં.૧૭૩૫ ઈ.સ.૧૬૭૯માં આસો વદ ૧૩ ધન તેરસના દિવસે. દીક્ષા લીધી. સૌથી પહેલાં સૌરાષ્ટ્રના શરભંગઋષિના આશ્રમ (પરબ)નો ધૂણો તેર કે પંદર વરસની ઉંમરે વિ.સં.૧૭૩૭ ઈ.સ. ૧૬૮૧ માં ચેતાવ્યો. ત્યાં બાર વરસ રહ્યા. ઈ.સ.૧૬૯૩ સુધી. ત્યાંથી ધ્રંગ ગયા અને ઈ.સ.૧૬૯૪થી ૧૭૦૬ સુધી બાર વરસનું તપ કર્યું. એ પછી ઈ.સ.૧૭૦૬ થી ૧૭૧૮ લોડાઈ ગામે ધૂણો અને ત્યારબાદ ઈ.સ.૧૭૧૮થી ૧૭૩૦ સુધી જંગીમાં રહ્યા તથા ૧૭૩૦ ઈ.સ.માં જીવતાં સમાધિ લીધી..

દેવીદાસજીએ સરભંગ ઋષિના આશ્રમનું સ્થાનક ચેતાવ્યું અને પોતાના સ્વજનો નાનાભાઈ માંડણ ભગત, કરમશી ભગત તથા રૂડાભગતને ભક્તિના રંગે રંગ્યા.

ઈ.સ. ૧૭૭૨ વિ.સં.૧૮૨૮ માં અનુમાનથી અમરબાઈએ પરબમાં આવીને દેવીદાસજી પાસે દીક્ષા લીધી હશે. એ સમયે એમની ઉંમર ૧૭ કે ૧૮ વરસની હોય.. એ મુજબ એમનો જન્મ ઈ.સ.૧૭૫૪ આસપાસ થયો હોવાનો સંભવ છે. એ મુજબ ૨૯ વરસની ઉંમરે દેવીદાસજી સાથે વિ.સં.૧૮૩૯ ઈ.સ.૧૭૮૩માં અષાઢી બીજના દિવસે જીવતાં સમાધિ લીધી હોય. સંત દેવીદાસ સમાધિ અષાઢી બીજના દિવસે અમરબાઈ સાથે સમાધિ લીધી.એમ સર્વત્ર સ્વીકારાયું છે.

સંત દેવીદાસજીના ગુરુ તરીકે બિલખા રામનાથ સ્થાનકના જેરામભારથી કે જયરામગિરિનાં નામો નોંધાયા છે. દેવીદાસજી ઉપર ગધેસંગના ડુંગર ઉપર રહેતા સૂફી ફકીર સાંઈ નૂરશાહની અમીનજર હતી. જેરામ ભારથીના બે શિષ્યો થયા, એક દેવીદાસ-પરબ અને બીજા નારણદાસ. જેમણે ખાખીજાળિયામાં અન્નક્ષેત્ર-જગ્યા બાંધેલી. દેવીદાસજીએ જીવનભર પરબ ધામમાં રક્તપિત્તિયાઓની સેવા કરેલી. એમના મુખ્ય શિષ્યો બે. શાદુળભગત ખુમાણ અને આહિર કન્યા અમરબાઈ. જે શાખાના મછોયા આહિરનાં દીકરી હતાં અને શોભાવડલા ગામનાં ભાણેજ હતાં. પિઠડિયા ગામે સાસરે જતાં રસ્તામાં પર બની જગ્યામાં રક્તપિત્તિયાઓની સેવા કરતા સંત દેવીદાસને જોઈને અંતરમાં ભક્તિભાવ જાગ્યો અને વૈરાગ્યવૃત્તિ પ્રબળ બનતાં સંસાર ત્યાગ કર્યો. એમના વિશે અનેક ચમત્કારો નોંધાયા છે.

*કોણ તો જાણે, બીજું કોણ તો જાણે, મારી હાલ રે ફકીરી*
*દેવાંગી વિનાનું બીજું કોણ તો જાણે...*
*માલમી વિનાનું બીજું કોણ તો જાણે... -મારી હાલ રે ફકીરી...*
*જળની માછલિયું અમે પવને સંચરિયું રે,*
*ખરી રે વરતી રે મારી લગી રે ન ડોલે... -મારી હાલ રે ફકીરી...*
*કાચનાં મોતીડાં અમે હીરા કરી જાણશું રે,*
*અઢારે વરણમાં મારો હીરલો ફરે... -મારી હાલ રે ફકીરી...*
*ચોરાશી સિદ્દઘની ધૂણી પરબે બિરાજે રે,*
*સમરથ પુરુષ ભેળા રાસ રમે... -મારી હાલ રે ફકીરી..*
*પરબે જાઉં તો પીર શાદલ મળિયા રે,*
*શાદલ મળ્યેથી મારાં નેણલાં ઠરે... -મારી હાલ રે ફકીરી..*
*ભગતિનો મારગ ઓલ્યા નુગરા શું જાણે રે,*
*સમજ્યા વિનાના ઈ તો નોખાં નોખાં તાણે... -મારી હાલ રે ફકીરી...*
*દેવાંગી પ્રતાપે સતી અમરબાઈ બોલ્યાં રે,*
*સમરથ સેવે તો રૂડી સાનું મળે...-મારી હાલ રે ફકીરી..*

(સંતકવયિત્રી અમરબાઈ રચિત આ રચનામાં એક અદ્દભુત કલ્પન મળ્યું છે- 'જળની માછલિયું અમે પવને સંચરિયું...' આ પંક્તિ વિશે વિદ્વાનો વિસ્તારથી ભાષ્ય કરી શકે. સંત દેવીદાસજી માટે આ પરંપરાના લગભગ તમામ સર્જકો દેવંગી, દેવાંગી જેવા શબ્દપ્રયોગો તથા શાદુળ ભગત માટે શાદલ કે સાદલ જેવા શબ્દ પ્રયોગો કરે છે. માલમી એટલે મરમી-જાણકાર.) ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# વેલનાથ ચરણે જસોમાનો આરાધ

વેલનાથ જીવનની સાથે સંકળાયેલી કંઈકેટલીય દંતકથાઓ ભજનોમાં નિરૂપાયેલી જોવા-સાંભળવા મળે છે. એક માન્યતા પ્રમાણે જસમતથી વિદાય થઈને વાઘનાથને ગુરુ ધારીને ગિરનારમાં જ સાધનામાં રત વેલાબાવાએ જૂનાગઢમાં ગૃહસ્થજીવન પણ આરંભેલું. જસોમા અને મીણલમા એમ બે સ્ત્રીઓ હતી. વેલનાથ ગૌસેવા કરે, સાધના કરે અને ગૃહસ્થજીવન વ્યતીત કરે, શિષ્યોને પ્રબોધે. ગિરનારની આસપાસના પ્રદેશમાં પણ ભારે મોટો પ્રભાવ. એક વખત કોઈ સંતમંડળી અને સમાજની યાત્રા મંડળી ગિરનારની પરિક્રમાએ નીકળેલી. રસ્તામાં જય ગિરનારી - જય વેલનાથ એમ બોલે. આવો જય વેલનાથના નામનો અહાલેક સાંભળીને જોગીની જમાત ગુસ્સે થઈ ઊઠી. નવ નાથમાં આ દશમો વેલનાથ વળી કોણ છે ? અને ક્યાંથી ભળ્યો ? મંડળીએ જવાબ આપ્યો. જૂનાગઢમાં જ વસે છે, બાપજી. જોગીઓ તો ભારે ગુસ્સે થયા. ચીપિયા ખખડાવતા વેલાબાવા પાસે પહોંચ્યા અને કહે કે તું વેલનાથ સંસારસુખને ભોગવનારો, નાથ કહેવડાવે છે વેલાબાવો કહે, ના, બાપજી મને તો કંઈ ખબર નથી હું તો નાથના પગની રજોટી છું. મારાથી થાય ઈ ટેલ કરું છું.

ખાખીઓ કહે છે તું ઢોંગી છે ચાલ દત્તની ટૂકે, ત્યાં તારી ખબર લેશું. કહીને ચીપિયા અને ટોકરાથી પ્રહાર કરવા લાગ્યા. બંને સ્ત્રીઓ આડા ઘા ઝીલે. ચાલતાં ચાલતાં ગિરનાર દરવાજે પહોંચ્યા, ત્યાં વાણિયાના જુવાનજોધ પુત્રનું શબ. વાણિયો વેલનાથના પગમાં પડયો અને કહેવા લાગ્યો, બાપજી મારી આંધળાની એક આંખ હતી એ ગઈ. તમે એને હાથ અડાડો. વેલાબાવાએ કપાળે હાથ મૂક્યો. માથે હાથ ફેરવ્યો અને છોકરો આળસ મરડીને ઊભો થયો. પણ ખાખીઓની જમાતની બીકે પછીથી વેલનાથે હડી કાઢીને દોટ મૂકી. ભૈરવનાથની ટૂકે ચઢી ગયા. પાછળ જસોમા અને મીણલમા પણ દોડયાં.

ભૈરવનાથની એક ટૂકની તિરાડમાં ઊતરી ગયા. પાછળ મીણલમા પણ ઊતરી ગયાં, પરંતુ જસોમાને થોડું છેટું રહી ગયું. પોતાના નાથને શોધતાં રહ્યાં અને આમતેમ ફાંફાં માતાં ભટકતાં રહ્યાં. તિરાડની બહાર મીણલમાની સાડીનો છેડો રહી ગયેલો એને ફરફરતો જોઈને ત્યાં ટૂકે પહોંચ્યાં. જેની સાથે સહજીવન હતું, સેવા-સાધના થતી હતી એમાં વિખૂટું પડવાનું આવ્યું. આ વિરહ અને તપ પછી વાણી દ્વારા પ્રગટયાં. જસોમાએ ગાયેલું ભજન આજે પણ પરંપરામાં જીવંત છે. કહેવાય છે કે જસોમાની વાણી સાંભળીને વિદાય થયેલા વેલનાથ મધરાતે બહાર આવેલા અને જસોમાને પણ ભૈરવનાથની ટૂકે પોતાની સાથ સમાવી સાથે લીધેલાં. જસોમાના ભજનમાંનો આર્તનાદ એવો છે કે વેલનાથને બહાર આવવું પડે છે, વહાલાનો વિયોગ દૂર કરવા માટે સમર્થ નીવડેલી વાણીનો ભારે મોટો મહિમા હોય એ સ્વાભાવિક છે. જસોમાની એ વિરહની વેદનશીલતાને પ્રગટાવતી પહેલવારકી વાણીને જોઈએ :



*અમસું ગરનારી અંતર કર્યો વાલે*
*અંતર કર્યો રે ..ટેક.*

*પડદા-પોસંગી વેલો રમવા ગિયો,*
*હો...રમવા ગયો, ખાવંદતો રિયો રે*
*ભોળવીને ભૂલવાડી ગિયો રે... ..અમસું..૧*

*હો...સગડ હોય તો, ધણીના, સગડ કઢાવું રે,*
*સગડ કઢાવું રે,*
*ત્રણે ભુવનમાંથી બાળુડાને લાવું... .. અમસું..૨*

*હો...થડ રે વાઢીને ધણી, પીંછાં દઈ ગિયો રે,*
*પીંછા દઈ ગિયો રે,*
*રસ પવનમાં ગેબી રમવા ગિયો... ..અમસું..૩*

*હો...ગનાનની ગોળી ને, મેરુનો રવાયો રે,*
*મેરુનો રવાયો રે,*
*નખશિખ નેતરાં લઉ તાણી... ..અમસું..૪*
*હો...મથણાં મથી, દીનાનાથને બોલાવું રે,*
*નાથને બોલાવું રે,*
*ત્રણે ભુવનમાંથી બાળુડાને લાવું... . અમસું..૫*
*હો...વેલનાથ ચરણે, બોલ્યાં રે જસોમા*
*બોલ્યાં રે જસોમા,*
*અખંડ ચૂડો મારે વેલનાથ ધણી... .. અમસું..૬*

જસોમા આર્તનાદે ગાય છે કે હે ગિરનારી સંત વેલનાથ તમે મારાથી અંતર રાખ્યું. પડદો રાખીને - મને દૂર રાખીને મારો સ્વામી અનંતની રમતમાં, લીલામાં રમવા નીકળી ગયો. મારો ખાવંદ જતો રહ્યો. મને ભોળવીને મારો વાલો મને ભૂલી પાડીને જતો રહ્યો. જો એનાં પગલાંને શોધવાની સગવડ હોય તો ત્રણે લોકમાંથી એના સગડ શોધી કાઢીને એને મળું. મારો સ્વામીનાથ થડ વાઢીને એનાં પીંછાં-આંકડા મને આપી ગયો અને પોતે તો કોઈ ગેબી રમત રમવા નીસરી ગયા. અહીં રસપવનમાં ગેબી રમવા ગયાની કાવ્યાત્મક્તા ધ્યાન ખેંચે છે તો ખાવંદ શબ્દ ઈસ્લામિક અસર દર્શાવે છે.

જ્ઞાનની ગોળીમાં પરમતત્ત્વને રવાયો લઈને એ જે અચલ અટલ છે એ મેરુનો રવાયા દ્વારા નખશિખ નેતરા તાણીને એને મથીશ. હું મંથન કરીને મથીને કોઈ પણ રીતે દીનાનાથને શોધીને બોલાવીને અને ત્રણે ભુવનમાંથી બોલાવી લાવીશ. વેલનાથને ચરણે બેસીને જસોમા બોલે છે. ગાય છે મારો અખંડચૂડલો તો વહાલો વેલનાથ છે. જે અમરત્ત્વને પામેલો છે. આમ એ ખરા અર્થમાં અમર અને અવિનાશી છે.

અહીં જસોમાનો વલવલાટ-વિરહ ભજનવાણી દ્વારા પ્રગટ થયો છે. એમની આ આરાધ સાંભળીને વેલનાથને પ્રગટ થવું પડયું અને પોતાનામાં સમાવી લીધાં. આરાધનો પ્રભાવ અજીબોગરીબ છે. આરાધનો ઢંગ અને આરાધનાં વચનો સમાધિમાં સૂતેલાને જાગ્રત કરે છે, વિખૂટા પડી ગયેલાને ગળે વળગાડે છે, જોડે છે. આરાધના ક્યારેક ખાલી ગઈ નહોય હોય એવાં ઉદાહરણો છે. આરાધનામાં કસોટી થાય, પણ આરાધનાગાન-ભજનવાણી ખાલી ગયાનું કોઈ ઉદાહરણ મળતું નથી કે પ્રાપ્ત થયેલું જણાતું નથી.

આરાધ ઢંગ પણ ભારે હૃદયપૂર્વક છે. એમાં ભાવક તણાય છે. જાણે કે આરાધગાને ગત્યગંગા પ્રગટે છે અને એ ભાવગંગામાં ભાવકને, ભજનિકને પણ તણાવાની અનુભૂતિ થાય છે. આવી અનુભૂતિમાં એક વખત સંગાથ સાંપડેલો ભાયાણીસાહેબનો નંદિગ્રામમાં એક સંધ્યાએ સાથે હતા.

ડો. હસુ યાજ્ઞિક, નાથાલાલ ગોહિલ, નિરંજન રાજયગુરુ અને સન્મિત્ર મનોજ રાવલ. કોઈ વનવાસી ભજનિક એક્તારાની ઝણઝણાટી સાથે રણઝણતી વાણીમાં મકરંદભાઈના ચરણે બેસીને તોળી રાણીનો આરાધ ગાઈ રહ્યો હતો અને અમે તણાયા હતા એ આરાધ ભાવપૂરમાં. ભાવઓઘમાં અંઘોળ એકસાથે કર્યાનું તીવ્ર સ્મરણ આજે પણ અકબંર છે. ભારે બળૂકી છે આરાધભજનરચના. જસોમાના આરાધ નિમિત્તે અતીતનો પણ પુનઃ સાક્ષાત્કાર થયો એના પરમાનંદ સાથે. ગિરનારી નાથસંત વેલનાથ ચરણે ભાવવંદના. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# ઊંઘતા હોઈએ તો સંસારચક્ર ભેદવાનું જ્ઞાન ક્યાંથી મળે?

ચેતના શરીરના દરેક કણમાં ફેલાયેલી છે, પરંતુ તેનો સ્રોત મસ્તકમાંથી ઉદ્ભવે છે. ધ્રુવીય ચુંબકત્વની જેમ, મગજમાં પણ આકર્ષણ અને વિકર્ષણના કેન્દ્રો હોય છે. તેઓ બ્રહ્માંડમાંથી ઘણું બધું મેળવે છે અને આપે છે. આ ક્રિયા કેન્દ્રોને રિસિવરો અને ટ્રાન્સફોર્મર્સ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આંતરિક સ્વમાં સુષુપ્ત રહેલી ક્ષમતાઓને જાગૃત કરવી અને આ વિશાળ બ્રહ્માંડમાં પથરાયેલા શક્તિશાળી ચેતન તત્ત્વોને આકર્ષિત કરીને તેમને પોતાની અંદર સમાવી લેવાના પ્રયાસો આધ્યાત્મિક સાધનાઓ દ્વારા કરવામાં આવે છે. આધ્યાત્મિક વિજ્ઞાનમાં, પ્રાણ વિદ્યાનું એક સ્વતંત્ર પ્રકરણ અને વિધાન છે. આ આધારે, આધ્યાત્મિક સાધનામાં જોડાવાથી, વ્યક્તિ પોતાની અંદર આ જીવન શક્તિનો એટલો મોટો જથ્થો એકઠો કરી શકે છે કે તેના આધારે તે ફક્ત પોતાને જ નહીં પરંતુ બીજા ઘણા લોકોને પણ લાભાન્વિત કરી શકે છે. આવો જ એક પ્રયોગ ગુરુજનોની કૃપાથી સાધકને પ્રાપ્ત થાય છે, જેને શક્તિપાત કહેવાય છે. પ્રાચીન હિન્દુ પરંપરામાં, શક્તિને હંમેશાં માતૃકા તરીકે પૂજવામાં આવી છે. તે ગતિશીલ સ્ત્રી ઊર્જા છે જે બ્રહ્માંડમાં સર્જન અને પાલનપોષણ કરવા માટે વહે છે. આશ્ચર્યજનક નથી કે, આ શક્તિ કુંડલિની સ્વરૂપે દરેક વ્યક્તિમાં રહે છે. પ્રાચીન શાસ્ત્રોમાં કુંડલિની મૂળ ચક્રના ક્ષેત્રમાં ગૂંચવાયેલા સાપના પ્રતીક રૂપે રજૂ થાય છે, જે પૃથ્વી પરના વિશ્વ સાથે આપણા જોડાણ માટે જવાબદાર છે. મોટાભાગના લોકો માટે, કુંડલિની પ્રથમ ચક્રના ક્ષેત્રમાં સુષુપ્ત રહે છે. અને તે તેમના સમગ્ર જીવન માટે આ રીતે રહે છે. પરંતુ જે લોકો જ્ઞાન પ્રાપ્તિ અને દૈવી શક્તિઓ સાથે સાચા જોડાણની શોધ કરે છે, તેમણે કુંડલિની જાગૃત કરવી પડે છે. તે પોતાની મેળે જાગૃત થઈ શકે છે, પરંતુ તે ખૂબ જ દુર્લભ છે. મોટાભાગના લોકોમાં,



તેને ચોક્કસ માધ્યમો દ્વારા જાગૃત કરવી પડે છે. અને તેમાંથી એક માધ્યમ આધ્યાત્મિક ગુરુ છે. સંસ્કૃતમાં ''પાત'' નો અર્થ પતન થાય છે. પણ શક્તિપાતમાં તેનો અર્થ થાય છે, ઉપરથી નીચે તરફ વહેવું. જે રીતે સૂર્યની ઊર્જા આકાશથી પૃથ્વી પર આવે છે, તેવી રીતે આપણાથી અધ્યાત્મની દ્રષ્ટિએ ઉચ્ચ સ્થાને પહોંચેલા ગુરુ તરફથી આપણી તરફ શક્તિનું પ્રદાન થાય છે. અંગત રીતે મારુ એવું માનવું છે કે યુદ્ધના આ સાત ચક્રો એ આપણા શરીરના રહેલા સાત ચક્રોનું જ પ્રતિનિધિત્વ કરે છે. એ રીતે આ સમગ્ર મહાભારત આપણી અંદર જ ખેલાય છે. આપણું શરીર જ કુરુક્ષેત્ર છે. આ કુરુક્ષેત્રની મધ્યમાં ઊભેલા આપણે અર્જુન છીએ અને આપણો આત્મા જ આપણા કૃષ્ણ છે! આ ભાવના કવિ સુરેશ દલાલની પંક્તિઓમાં સુંદર રીતે વ્યક્ત થઇ છે,

'તું કૌરવ તું પાંડવ મનવા તું રાવણ તું રામ,
હૈયાના આ કુરુક્ષેત્ર પર પળપળનો સંગ્રામ'

સમસ્યા એ છે કે આપણને જ્યારે આપણા આત્મા રૂપી ઈશ્વર આપણને સંસારના ચક્રો ભેદવાનો રસ્તો બતાવતા હોય છે, ત્યારે આપણે ઊંઘી રહ્યા હોઈએ છીએ, જેમ સુભદ્રા ઊંઘી ગઈ હતી. એ રીતે સુભદ્રા આપણી મનોવૃત્તિનું પ્રતીક છે. આપણું મન અધ્યાત્મ તરફ આકર્ષિત તો થાય છે, પણ જ્ઞાનની વાતોમાં પરોવાતું નથી. પરિણામ સ્વરૂપે સંસારના ચક્રોને ભેદીને આપણે મોક્ષની અંતિમ ચરણ સુધી પહોંચી શકતા નથી. પણ એવું શક્ય છે કે પ્રયત્ન કરવા છતાં, ક્યારેક સાધક માટે કોઈ એવી સ્થિતિ બાધક બની જાય છે કે સંપૂર્ણ સમર્પણ અને નિષ્ઠા, ગુરુ અને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા છતાં તે એ અવસ્થાને પ્રાપ્ત નથી કરી શકતો જેને માટે તે અવિરત સાધના કરતો હોય. આ પરિસ્થિતિમાં જ્ઞાની ગુરુ શિષ્ય પર કૃપા કરીને શક્તિપાત કરે છે, જેથી તેના માર્ગની બાધા દૂર થઇ જાય અને તે સાધનાનો બાકીનો માર્ગ સહજતાથી પાર કરી શકે. અહીં મહત્ત્વની વાત એ છે કે સહુ કોઈ શક્તિપાત પામવાના અધિકારી નથી હોતા. તેવી જ રીતે દરેક ગુરુ શક્તિપાત આપવાના અધિકારી પણ નથી હોતા. ગુરુ સમર્થ હોવા જોઈએ અને શિષ્ય લાયક હોવા જોઈએ. તેથી શક્તિપાત એ જવલ્લે બનતી ઘટના છે. હા, એવા કિસ્સાઓ પણ બન્યા છે, જેમાં કેટલાક સાધુઓએ સામૂહિક શક્તિપાતના જાહેર કાર્યક્રમ કર્યા હોય. પણ, જાણકારો અને જ્ઞાનીઓએ આવા કાર્યક્રમને અયોગ્ય કહ્યા છે. કારણકે અયોગ્ય વ્યક્તિને શક્તિપાત આપવો એ બોલચાલની ભાષામાં કહીએ તો 'વાંદરાને દારૂ પીવડાવવા' જેવું થાય! શક્તિપાત એ કોઈ જાદુનો પ્રયોગ નથી, એ તો ઊંડી આધ્યાત્મિક અનુભૂતિ છે. શક્તિપાતનો એક માત્ર હેતુ સાધકને અધ્યાત્મના માર્ગે આગળ વધારવાનો છે અને હોવો જોઈએ. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# મૃત્યુની પાર જઈ શકે એજ સંપત્તિ છે

## સંપત્તિ ફક્ત એજ છે જેને મૃત્યુ નષ્ટ ન કરી શકે. જે મૃત્યુની પાર સાથે ન જઈ શકે એ વિપત્તિ જ હોઈ શકે

એક વખત નાનક એક ગામમાં મહેમાન બનીને ગયા. એક બહુ મોટા ધનવાને તેમની પાસે આવીને કહ્યું કે,

* 'મારી પાસે બહુ સંપત્તિ છે અને મારા મરવાનો સમય નજીક આવી રહ્યો છે. મારી બધી સંપત્તિ હું ધર્મ પાછળ વાપરવા ઈચ્છું છું...!'

- નાનકે નીચેથી ઉપર સુધી તે વ્યક્તિને જોઈ અને કહ્યું,

* 'તું તો બહુ દરિદ્ર હોય એવું લાગે છે.'

* 'તારી પાસે કોઈ સંપત્તિ હોય એવું લાગતું નથી.'

- નાનકની વાત સાંભળી ધનવાને કહ્યું,

* 'હું સાદા પોષાકમાં છું એટલે તમને એવું લાગ્યું હશે. મને કોઈ એવું કામ બતાવો જેમાં હું મારી સંપત્તિ વાપરી શકું...!'

- નાનકે એક નાનકડી સોય તેને આપી કહ્યું,

* 'મૃત્યુ પછી તું આ સોય મને પરત કરી દેજે!'

- તે માણસને નવાઈ લાગી.

- પરત ફરતી વખતે તે આખા રસ્તામાં વિચારતો રહ્યો કે નાનક પાગલ થઈ ગયા છે અથવા તો તેમણે મારી સાથે મજાક કરી છે.

- આખી રાત તેણે વિચાર્યું કે આ સોયને કેવી રીતે લઈ જઈશ? પણ કોઈ ઉપાય તેને મળતો ન હતો.

- તેણે અનેક પ્રકારે મુઠ્ઠી બંધ કરવા પ્રયત્ન કર્યો પરંતુ નિષ્ફળ નીવડયું.

- ધનવાનને આખી રાત ઊંઘ ન આવી.

- તે સવારે વહેલા ઊઠી નાનક પાસે ગયો અને તેમના પગ પકડીને કહ્યું કે,

- આ સોય પાછી લઈ લો.

- હું મૃત્યુ પછી તેને પાછી આપી શકીશ નહીં!'

- નાનકે કહ્યું,

* 'માણસ મૃત્યુ પછી સોય પણ સાથે લઈ જઈ શકે તેમ નથી, તો પછી તારી



સંપત્તિનું શું થશે? એ તારી મદદ કરી શકે તેમ નથી? સોયને તારા શરીરમાં ક્યાંક છુપાવી દે...!'

- ધનવાન બોલ્યો,

* 'આ સોયને મૃત્યુની પાર લઈ જવામાં મારી સંપત્તિ મદદરૂપ બની શકે નહીં.'

'મુંબઈ સમાચાર'ની દાયકાઓ જૂની આ 'ધર્મતેજ પૂર્તિ'ના નાના મોટા સૌ વાચક શ્રદ્ધાળુ મિત્રો!

- આ વાર્તા પરથી શીખ મળે છે કે,

* સંપત્તિ ફકત એજ છે જેને મૃત્યુ નષ્ટ ન કરી શકે.

* જે મૃત્યુની પાર સાથે ન જઈ શકે એ વિપત્તિ જ હોઈ શકે છે.

* લોકો પુષ્કળ પ્રમાણમાં જમીન, મિલકત ભેગી કરે છે.

* મિલકત ભેગી કરવા આંધળી દોટ મૂકે છે.

* એ માટે ન કરવાનું પણ કરે છે.

- તમે જરા વિચારો કે મરતી વખતે એમાંથી આપણે કેટલું સાથે લઈ જઈ શકવાના છીએ?

- આ સનાતન એવા સત્યને બધા જાણે જ છે. છતાં તેને આચરણમાં, વ્યવહારમાં લાવવા તૈયાર થતા નથી. અમૃત સાધના લખે છે કે,

- 'ધર્મગુરુઓ દ્વારા આવા લોકોને શિખવાડવાનો અંદાજ અનોખો હોય છે.'

**પ્રેરણાસ્ત્રોતઃ**

* સંગ્રહશીલ માણસ ક્યારેય લોકપ્રિય બનતો નથી, ને ઉદારદિલનો માણસ ક્યારેય અપ્રિય બનતો નથી.

* જે રીતે ચંદનમાં સુગંધ રહે છે,
* શેરડીમાં રસ રહે છે
- તે રીતે
* ભક્તમાં ભગવાન રહે છે. ■

# રાંચીના રણમેદાનમાં ભારતનું જ રાજ

## સાઉથ આફ્રિકાની જોરદાર લડત એળે ગઈ: ટીમ ઈન્ડિયા ૧-૦થી આગળ



રાંચી: ભારતે અહીં સાઉથ આફ્રિકાને વન-ડે સિરીઝની ટી-૨૦ જેવી પ્રથમ રોમાંચક મૅચમાં ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ સાથે ૧૭ રનના માર્જિનથી હરાવીને ૧-૦થી સરસાઈ લીધી હતી. સાઉથ આફ્રિકાના સાત પ્લેયરે બૅટિંગમાં જોરદાર લડત આપીને ભારતીયોના શ્વાસ અધ્ધર કરી નાખ્યા હતા, પણ ભારતીય બોલર્સે સમયાંતરે વિકેટો અપાવીને આબરૂ સાચવી હતી. ભારતને જે સાત બૅટ્સમેને લડત આપી એમાં બ્રીટ્ઝકે (૭૨ રન), યેનસેન (૭૦ રન), કૉર્બિન (૬૭ રન), ઝોર્ઝી (૩૯ રન), બ્રેવિસ (૩૭ રન), સુબ્રયેન (૧૭ રન) અને બર્ગર (૧૭ રન)નો સમાવેશ હતો. સાઉથ આફ્રિકાની ટીમ ૩૫૦ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ૪૯.૨ ઓવરમાં ૩૩૨મા રને ઑલઆઉટ થઈ હતી. અંતિમ વિકેટ ક્રિષ્નાએ લીધી હતી જે આ દાવમાં તેની પ્રથમ વિકેટ હતી.

એ અગાઉ, કુલદીપે ચાર તેમ જ હર્ષિતે ત્રણ અને અર્શદીપે બે વિકેટ લીધી હતી. કુલદીપે બે વખત સાઉથ આફ્રિકનોની મોટી ભાગીદારી તોડી હતી. પહેલાં તો તેણે ટૉની ડિ ઝોર્ઝી (૩૯ રન)ની ચોથી વિકેટ માટેની બ્રીટ્ઝકે સાથેની ૬૬ રનની ભાગીદારી તોડી હતી. ત્યાર પછી બ્રીટ્ઝકેની બ્રેવિસ (૩૭ રન) સાથે ૫૩ રનની ભાગીદારી થઈ હતી જે હર્ષિત રાણાએ તોડી ત્યાર પછી બ્રીટ્ઝકે અને માર્કો યેનસેન વચ્ચે ૬૯ બૉલમાં ૯૭ રનની પાર્ટનરશિપ થઈ હતી જે પણ કુલદીપે જ તોડી હતી.

કુલ ૨૨૭ રનના સ્કોર પર પાંચ વિકેટ હતી, પણ કુલદીપે ત્રણ બૉલમાં બે વાર ત્રાટકીને સ્કોર ૭/૨૨૮ ઉપર લાવી દીધો હતો. કુલદીપે બ્રીટ્ઝકે અને યેનસેનને કૅચઆઉટ કરાવ્યા હતા.

એ પહેલાં, ભારતે સાઉથ આફ્રિકાને ૩૫૦ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. ભારતે બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૪૯ રન કર્યા હતા જેમાં વિરાટ કોહલી (૧૨૦ બૉલમાં સાત સિક્સર, અગિયાર ફોરની મદદથી ૧૩૫ રન), કે. એલ. રાહુલ (૫૬ બૉલમાં ત્રણ સિક્સર, બે ફોરની મદદથી ૬૦ રન), રોહિત શર્મા (૫૧ બૉલમાં ત્રણ સિક્સર, પાંચ ફોર સાથે ૫૭ રન) અને રવીન્દ્ર જાડેજા (૩૨ રન)ના સૌથી મોટા યોગદાન હતા. સાઉથ આફ્રિકાના બોલર્સમાંથી માર્કો યેનસેન, નૅન્દ્રે બર્ગર, કૉર્બિન બૉશ્ચ અને ઑટનિલ બાર્ટમૅને બે-બે વિકેટ લીધી હતી. ભારતે છેલ્લા સાત બૉલમાં ત્રણ વિકેટ (રાહુલ, જાડેજા, અર્શદીપ) ગુમાવી હતી. યશસ્વી (૧૮ રન), ગાયકવાડ (આઠ રન) અને વૉશિંગ્ટન (૧૩) મોટી ઇનિંગ્સ નહોતા રમી શક્યા. ■

# કોહલીના સેલિબ્રેશન વખતે ચાહક દોડી આવ્યો અને પગે પડ્યો



રાંચી: ભારતમાં ક્રિકેટની રમત ધર્મની જેમ પૂજાય છે અને સચિન તેન્ડુલકર તથા મહેન્દ્રસિંહ ધોની જેવા લેજન્ડને તેમના ઘણા ચાહકો ક્રિકેટના ભગવાન માનતા હોય છે અને એમાં હવે વિરાટ કોહલીનો પણ સમાવેશ થયો છે એમ કહી શકાય, કારણકે રવિવારે રાંચીમાં છગ્ગા-ચોક્કાના વરસાદ વચ્ચે બાવનમી વન-ડે સદી ફટકારનાર કોહલીને પગે લાગવા તેનો એક ચાહક સલામતી કવચ ભેદીને તેની પાસે દોડી આવ્યો હતો.

ક્રિકેટ જગતના ફિટેસ્ટ ખેલાડી કોહલીએ ૪૮મા બૉલ પર ૫૦મો રન અને ૧૦૨ નંબરના બૉલ પર ચોક્કા સાથે સેન્ચુરી પૂરી કરી હતી. સદી પૂરી થતાં જ તે હવામાં ઊંચે કૂદ્યો હતો, બૅટ તથા હેલ્મેટ તેમ જ ગ્લવ્ઝ કાઢીને નીચે રાખ્યા હતા અને ગળાના ચેઇનના લૉકેટને ચૂમી લીધું હતું તેમ જ આકાશ તરફ જોઈને ઈશ્વરને તેમ જ સ્વર્ગસ્થ પિતાને યાદ કર્યા હતા.

જોકે સ્ફૂર્તિલા કોહલીના આ સેલિબ્રેશનના રંગમાં ભંગ પાડવા તેનો જ એક ચાહક સલામતી રક્ષકોની નજર ચુકાવીને પિચ સુધી દોડી આવ્યો હતો અને કોહલીને પગે પડ્યો હતો. કોહલીએ જાતે તેને ઊભા કરવાની કોશિશ કરી હતી ત્યાં જ સિક્યૉરિટી ગાર્ડસ દોડી આવ્યા હતા.

કોહલીને તેનો કોઈ ચાહક મેદાન પર મળવા આવે કે ભેટવા આવે એવું વારંવાર બને છે. એ જોતાં, કોહલીની તેમ જ ક્રિકેટરોની સલામતી બાબતમાં ઘણા સ્ટેડિયમોમાં મોટી કચાશ છે. રાંચી કોહલીનું ફેવરિટ સ્થળ છે અને ત્યાં તેણે આ શહેરમાં ત્રીજી સદી પૂરી કર્યા બાદ જાણે કોઈ પ્રકારના સંતોષનો અહેસાસ કર્યો હોય એવો ભાવ તેના ચહેરા પર જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે તેનો ગુરુ અને ક્રિકેટ-લેજન્ડ એમએસ ધોની રાંચીનો જ રહેવાસી છે. બે દિવસ પહેલાં કોહલી ઉપરાંત રિષભ પંત અને ઋતુરાજ ગાયકવાડ જ્યારે ધોનીના ઘરે ડિનર પર ગયા હતા ત્યારની તસવીરો અને વીડિયો વાઇરલ થયા છે.

કોહલીએ રવિવારે રોહિત શર્મા (૫૧ બૉલમાં ૫૭ રન) સાથે બીજી વિકેટ માટે ૧૦૯ બૉલમાં ૧૩૬ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. ■

# વિરાટની ૮૩મી આંતરરાષ્ટ્રીય સદી, ફિફ્ટી-પ્લસની રેકૉર્ડ-બુકમાં સચિનને પાછળ રાખી દીધો



ગઈ કાલે સદી પૂરી થતાં જ વિરાટ હવામાં ઊંચે કૂદ્યો હતો તેમ જ આકાશ તરફ જોઈને ઈશ્વરને તેમ જ સ્વર્ગસ્થ પિતાને યાદ કર્યા હતા. (પીટીઆઈ)

રાંચી: વિરાટ કોહલીએ વન-ડે ફૉર્મેટમાં બાવનમી સેન્ચુરી ફટકારીને પોતાના વિશ્વવિક્રમને વધુ મજબૂત કર્યો છે અને તેણે એક રેકૉર્ડ-બુકમાં સચિન તેન્ડુલકરને પાછળ રાખી દીધો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટની ૮૩ સેન્ચુરી થઈ છે. જોકે સચિનની ૧૦૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરીના વર્લ્ડ રેકૉર્ડથી તે હજી ઘણો દૂર છે. સાઉથ આફ્રિકા સામેની પ્રથમ વન-ડેમાં બૅટિંગ મળ્યા પછી વિરાટ અને રોહિત શર્મા (૫૭ રન, ૫૧ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) વચ્ચેની બીજી વિકેટ માટેની ૧૩૬ રનની ધમાકેદાર ભાગીદારી થયા બાદ રોહિતની વિકેટ પડ્યા પછી પણ વિરાટ ધીમો નહોતો પડ્યો અને ફટકાબાજી ચાલુ જ રાખી હતી અને પોતાના ૧૨૦મા બૉલમાં તેણે ૧૩૫મા રને વિકેટ ગુમાવી હતી જેમાં સાત સિક્સર અને અગિયાર ફોર સામેલ હતી.

વિરાટની વિકેટ બાદ ભારતનો સ્કોર ૪૪મી ઓવરને અંતે ૫/૨૮૪ હતો. કૅપ્ટન કે. એલ. રાહુલ ૨૯ રને અને રવીન્દ્ર જાડેજા ચાર રને રમી રહ્યા હતા.

વિરાટે વન-ડે ફૉર્મેટમાં સૌથી વધુ વખત ફિફ્ટી-પ્લસ સ્કોર કરવાના રેકૉર્ડમાં સચિન તેન્ડુલકરને પાછળ રાખી દીધો છે. વિરાટે રવિવારે ૭૭મી વખત ફિફ્ટી-પ્લસ સ્કોર નોંધાવ્યો. સચિને ૫૮ વાર ફિફ્ટી-પ્લસ સ્કોરની સિદ્ધિ નોંધાવી હતી.

ટેસ્ટ ક્રિકેટમાં સચિન ૫૧ સેન્ચુરી સાથે વર્લ્ડ નંબર-વન છે, જ્યારે વિરાટ એમાં ૩૦ સેન્ચુરી ફટકારી શક્યો છે અને ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે.

વિરાટ હવે માત્ર વન-ડે ફૉર્મેટમાં જ રમે છે અને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપના પ્લાનમાં તે તેમ જ રોહિત શર્મા કેવી રીતે ફિટ બેસશે એના પર ક્રિકેટ બોર્ડ દ્વારા થોડા દિવસમાં ચર્ચા કરવામાં આવશે એવી સંભાવના છે. ■

# ડુ પ્લેસીએ પાકિસ્તાનમાં રમવા આઇપીએલ છોડી



નવી દિલ્હી: આગામી ૧૬મી ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાનારા ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના મિની પ્લેયર્સ-ઑક્શનમાં લગભગ કોઈ જ ફ્રૅન્ચાઇઝી નહીં ખરીદે કદાચ એવું ધારીને સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર ફાફ ડુ પ્લેસીએ આ ભારતીય ટૂર્નામેન્ટને હમણાં ગુડબાય કરી દીધી છે અને પાકિસ્તાન તરફ તેણે મીટ માંડી છે.

ડુ પ્લેસી ૧૪ વર્ષથી આઇપીએલમાં રમતો હતો, પરંતુ નિવૃત્તિ બાદ અને થોડા સમયથી ફૉર્મમાં ન હોવાથી આઇપીએલમાં તેનું વજન ઓછું થઈ ગયું હતું. એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના ચોંકાવનારા અહેવાલ મુજબ ડુ પ્લેસીએ ૧૬મી ડિસેમ્બરના આઇપીએલના ઑક્શનમાંથી નામ પાછું ખેંચી લીધું છે.

ડુ પ્લેસી ૨૦૧૦થી ૨૦૨૪ દરમ્યાન રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ, ચેન્નઈ સુપર કિંગ્સ, રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ્સ, દિલ્હી કૅપિટલ્સ સહિત કુલ ચાર ટીમ વતી રમ્યો હતો. ચેન્નઈએ પાંચમાંથી જીતેલા બે ટાઇટલ વખતે ડુ પ્લેસી એ ટીમમાં હતો. તે હવે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. ■

# રસેલે અચાનક નિવૃત્તિ લીધી, કોલકાતાનો જ પાવર-કોચ બન્યો

કોલકાતા: વેસ્ટ ઈન્ડિઝના આક્રમક બૅટ્સમેન અને પેસ બોલિંગ ઑલરાઉન્ડર આન્દ્રે રસેલને આ વખતે કોલકત્તાના ફ્રેન્ચાઇઝીએ રીટેન ન કર્યો અને હરાજી માટે છોડી દીધો એને પગલે રસેલે ખેલાડી તરીકે આઇપીએલમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. જોકે તે કોલકાતાની જ ટીમના પાવર-કોચ તરીકેની નવી જવાબદારી સંભાળશે અને ટીમના કોચિંગ સ્ટાફ હેડ-કોચ અભિષેક નાયર તેમ જ ટિમ સાઉધી, વોટ્સન અને બ્રાવો સાથે કામ કરશે. રસેલ અન્ય દેશોની લીગમાં રમતો રહેશે. ■

# રોહિત શર્મા અપશબ્દ બોલ્યો? કોના માટે? ક્રિકેટચાહકોમાં ચર્ચા

રાંચી: આંતરરાષ્ટ્રીય ક્રિકેટની એક પછી એક ફૉર્મેટમાંથી નિવૃત્તિ લેવામાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનો એકમેકને સારો સાથ મળ્યો છે અને હવે તેઓ બન્ને વન-ડે ફૉર્મેટની કરીઅર પર પણ ગમે ત્યારે પડદો પાડી દેશે એવી ઘણાની ભીતિ હશે, પણ હમણાં તેઓ ધમાકેદાર બૅટિંગની મોજ માણી જ રહ્યા છે જેની ઝલક રવિવારે રાંચીમાં સાઉથ આફ્રિકા સામેની સિરીઝની પ્રથમ વન-ડેમાં જોવા મળી જેમાં વિરાટે બાવનમી વન-ડે સદી પૂરી કરી ત્યારે ડ્રેસિંગ-રૂમની બહાર ઊભેલા રોહિતે વિરાટની આ ધમાકેદાર ઇનિંગ્સથી અતિ ઉત્સાહિત થઈને કોઈકને માટે કંઈક અપશબ્દ બોલી દીધો હોય એવું વીડિયો પરથી લાગતું હતું.

રોહિત કોઈક અપશબ્દ બોલ્યો એવું તેણે ફફડાવેલા હોઠ પરથી લાગતું હતું. રોહિત અને વિરાટ વચ્ચે બીજી વિકેટ માટે ૧૩૬ રનની ભાગીદારી થઈ હતી. ઘણા સમયથી બન્નેની કરીઅર વિશે ખૂબ ચર્ચા થઈ છે. હેડ-કોચ ગૌતમ ગંભીર સાથે વિરાટનો વર્ષોથી અણબનાવ રહ્યો છે અને તેના કોચિંગ દરમ્યાન જ તેણે પોતાની સૌથી મનપસંદ ટેસ્ટ ક્રિકેટ છોડી છે. બની શકે કે રોહિતે તેના પ્રિય મિત્ર વિરાટની બાવનમી સેન્ચુરીની સિદ્ધિ વખતે કદાચ ગંભીર પર આક્રોશ કાઢતી પ્રતિક્રિયા આપી હશે.

રોહિતની સાથે વિરાટ વિશે પણ મનાય છે કે તેઓ વન-ડેમાં અસલ ફૉર્મ બતાવીને રિટાયરમેન્ટ જાહેર કરી દેશે. જોકે ક્રિકેટ બોર્ડની ઇચ્છા તો છે કે બન્ને મહારથી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી ટીમ ઇન્ડિયા સાથે જોડાયેલા રહે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| છાંયડો | ગંભીર |
| છાકટું | વાંસો |
| છાતી | તડકો |
| છાનું | નશામુક્ત |
| છીછરું | ઉઘાડું |

### ઓળખાણ પડી?



આપણા દેશમાં વિવિધ પ્રકારના મંદિર જોવા મળે છે. અબ્રામા ગામ નજીક આવેલું તડકેશ્વર મહાદેવ મંદિર કયા જિલ્લામાં આવેલું છે?

અ) ભાવનગર બ) પંચમહાલ ક) વલસાડ ડ) સાબરકાંઠા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ વ | જો | ■ | ૩ વિ | ૪ દા | ય | ■ | ૫ ફ | ૬ રી |
| ૭ કા | લ | ■ | ૮ મ | ઘ | વા | ■ | ૯ પ | ■ | ત |
| ૧૦ ર | ણ | મે | દા | ન | ■ | ૧૧ પ | રિ | હા | સ |
| ણી | ■ | ■ | ર | ■ | ૧૨ મા | ■ | વ | ■ | ર |
| ■ | ૧૩ શ | ૧૪ મ | ■ | ૧૫ પુ | ■ | ૧૬ બ | ર્ત | ન | ■ |
| ૧૭ સ | ર | ગ | ૧૮ મ | ■ | ૧૯ સ | જ | ન | ■ | ૨૦ દા |
| ૨૧ મ | મ | ■ | ૨૨ હિ | ૨૨-અ મ | ■ | ર | ■ | ૨૩ ભા | રો |
| ય | ■ | ૨૪ ભા | મા | શા | ૨૫ હ | ■ | ૨૬ ક | સ | મ |
| ■ | ૨૭ હા | ર | ■ | ૨૮ લ | જા | મ | ણી | ■ | દા |
| ૨૯ અ | લ | વિ | દા | ■ | ર | ■ | ૩૦ કા | ય | ર |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| ■ | | ■ | ૮ | | ૯ | ■ | | ■ | |
| ૧૦ | | ■ | | ■ | | ■ | | ૧૧ | |
| ૧૨ | | ૧૩ | ■ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ■ |
| ■ | ■ | ૧૬ | | ■ | | ■ | ૧૭ | | |
| ૧૮ | | | ■ | ૧૯ | ■ | ૨૦ | | ■ | ■ |
| ■ | ■ | ૨૧ | | | | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | ■ | | ■ | | ૨૫ | ■ | | ■ |
| | ■ | ૨૬ | | ૨૭ | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | ■ | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. એકલે હાથે ઝૂઝનાર પરાક્રમી (૫)
૫. સાવકી મા (૪)
૮. સાચવણ, સંભાળ (૩)
૧૦. મુનિ, તપસ્વી, સાધુ (૨)
૧૧. હિંમત (૨)
૧૨. એક પક્ષી (૩)
૧૪. છૂટાછેડા (૩)
૧૬. વચમાં (૨)
૧૭. દૃષ્ટાંત (૩)
૧૮. હોઠ (૩)
૨૦. જન્મારો (૨)
૨૧. ઋણ, દેવું (૩)
૨૨. કૃપા, મહેરબાની (૩)
૨૪. ગરથ ---ને વિદ્યા પાઠે (૨)
૨૭. શહેર (૩)
૨૯. ઓળખ (૨)
૩૧. જંગલમાં રહેનારું પ્રાણી કે માણસ, જંગલી (૪)
૩૨. નકામું, બાતલ કરેલું (૫)

**ઊભી ચાવી**

૨. મેલું, ગંદુ (૪)
૩. પંખો (૩)
૪. લીન, આસક્ત (૨)
૬. મારગ, રસ્તો (૨)
૭. શોક, રડાકૂટ (૩)
૯. હરકત, વિઘ્ન (૪)
૧૦. વેદનો મંત્ર (૨)
૧૩. એક ખાટું ફળ (૪)
૧૫. મજબૂત, લઠ (૪)
૧૯. ખૂબસૂરત સ્ત્રી (૪)
૨૩. વહાલ, કૃપા (૪)
૨૪. અર્જુનનું ધનુષ (૩)
૨૫. આસોથી કાર્તિક માસ સુધી રહેતી ઋતુ (૩)
૨૬. ઝાળ, સખત તાપ (૨)
૨૮. ફળની અંદરનો માવો (૨)
૩૦. છેતરપિંડી, કપટ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ચૈત્રી પૂનમનો મેળો અને બહુચરાજી માતાના મંદિર માટે જાણીતું બહુચરાજી અથવા બેચરાજી ગુજરાતના કયા જિલ્લામાં છે?

અ) મહેસાણા બ) ડાંગ
ક) બોટાદ ડ) સુરેન્દ્રનગર

### માતૃભાષાની મહેક

પ્રસાદ એટલે દેવ, ગુરુ, રાજા, સ્વામી વગેરેએ પ્રસન્ન થઈને આપેલી ચીજ, નૈવેદ્યની શેષ, પ્રસાદી, દેવ, ગુરુ, ધણી વગેરેએ ભોગવેલા પદાર્થમાંથી શેષ રહેલો પદાર્થ. ભગવદ્ગોમંડલ અનુસાર પ્રસાદનો અન્ય એક અર્થ છે કાવ્યની રચનામાં રહેલું મોહક શબ્દ માધુર્ય; સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય તેવો કાવ્યનો એક ગુણ.

### ઈર્શાદ

હજાર હાથે તમે દીધું પણ ઝોળી અમારી ખાલી,
જ્ઞાન ખજાનો તમે લૂંટાવ્યો તોય અમે અજ્ઞાની.
-- સ્તવન

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલ તેજનો ભૃંગ' પંક્તિમાં ધવલ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ધજા બ) ચળકાટ ક) અસીમ ડ) શ્વેત

### સુડોકુ-૯૧૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૮ | ૬ | | ૩ | ૫ | | |
| | ૨ | ૫ | | ૮ | ૭ | | | |
| ૩ | | ૪ | ૯ | ૫ | | | | |
| ૫ | | ૭ | | ૩ | | ૯ | | |
| | | | | | | | | |
| | | ૨ | | ૬ | | ૧ | | ૩ |
| | | | | ૯ | ૨ | ૩ | | ૪ |
| | | | ૩ | ૭ | | ૮ | ૯ | |
| | | ૩ | ૧ | | ૬ | ૭ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૧ | ૪ | ૬ | ૫ | ૩ | ૨ | ૯ |
| ૬ | ૩ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ | ૪ | ૮ |
| ૪ | ૯ | ૫ | ૨ | ૮ | ૩ | ૭ | ૧ | ૬ |
| ૯ | ૧ | ૩ | ૬ | ૪ | ૮ | ૨ | ૭ | ૫ |
| ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૨ | ૮ | ૬ | ૫ | ૩ | ૭ | ૪ | ૯ | ૧ |
| ૧ | ૪ | ૭ | ૩ | ૫ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૩ | ૬ | ૯ | ૮ | ૭ | ૨ | ૧ | ૫ | ૪ |
| ૫ | ૨ | ૮ | ૯ | ૧ | ૪ | ૬ | ૩ | ૭ |

### માઈન્ડ ગેમ

એક ચોરસ વિસ્તારનું ક્ષેત્રફળ જો ૪૮૪ ચોરસ સેન્ટીમીટર હોય તો ચોરસની બાજુની લંબાઈ કેટલી થાય એ ગણતરી કરી જણાવો.

અ) ૧૨ બ) ૧૮
ક) ૨૨ ડ) ૨૪

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| છટણી | ભરતી |
| છડેચોક | છાનુંછપનું |
| છત | ખેંચ |
| છતું | ગુપ્ત |
| છાકટું | નિર્વ્યસની |

ગુજરાત મોરી મોરી રે
ભરૂચ

ઓળખાણ પડી?
કાંચનજંઘા

માઈન્ડ ગેમ
૪૨

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મનોહર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષ મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) વિપીન શાહ (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મહેશ સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) લજીતા ખોના (૧૬) ભરત કજરીયા (૧૭) કિરીટી છેડા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) કમલ માતલીયા (૨૫) અંજુ ટોલિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વીણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) અલકા વાણી (૩૦) નિતીન બજરીયા (૩૧) વિજય આસર (૩૨) પુષ્પા ખોના (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) ડો. પ્રકાશ કટકિયા (૩૭) ભામિની સંપટ (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદ્દેશી (૪૧) મહેશ દોશી (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) અરવિંદ કામદાર (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હીના દલાલ (૫૦) રમેશ દલાલ






**મેગા બ્લોકની મગજમારી...** મધ્ય રેલવેમાં બ્લોક દરમિયાન સીએસએમટી ખાતે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું, જ્યારે હાર્બર લાઈન પર ટ્રેન ફક્ત વાશી સુધી હોવાથી પનવેલ જવા માટે બસ સ્ટોપ પર લાંબી લાઈનો લાગી હતી. (અમય ખરાડે)

### મહાયુતિમાં આંતરિક અસંતોષ

# દિલ્હીની બેઠકમાં અજિત પવારના સાંસદોની ગેરહાજરીથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં લડાઈને કારણે મહાયુતિના ત્રણેય મુખ્ય ઘટકપક્ષોમાં ઘણો તણાવ છે. છેલ્લા કેટલાક દિવસોમાં એવી ઘણી ચર્ચા થઈ રહી છે કે રાજ્યમાં શાસક મહાયુતિમાં ઘણો આંતરિક તણાવ અને વિખવાદ છે. રવિવારે દિલ્હીમાં મળેલી સર્વપક્ષી બેઠકમાં મહાયુતિના ત્રણેય પક્ષો વચ્ચે આંતરિક દુશ્મનાવટ કેટલી ચરમસીમાએ પહોંચી ગઈ છે તે સ્પષ્ટ થયું હતું. શિયાળુ સત્ર પહેલા દિલ્હીમાં સર્વપક્ષી સાંસદોની બેઠક યોજાઈ હતી. એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે અજિત પવાર જૂથ અને શિંદે જૂથના ટોચના નેતાઓ આ બેઠકમાં હાજરી આપશે. જોકે, બંને પક્ષોના ટોચના નેતાઓએ દિલ્હીમાં આ બેઠકમાં ગેરહાજર રહીને ચર્ચાને વેગ આપ્યો છે. અજિત પવારના એનસીપીના પ્રફુલ્લ પટેલ કે સુનિલ તટકરેએ સર્વપક્ષી બેઠકમાં હાજરી આપી હતી. જોકે, રવિવારેની બેઠકમાં એનસીપીનો એક પણ સાંસદ હાજર રહ્યો ન હતો. બીજી તરફ, લોકસભામાં શિવસેનાના જૂથ નેતા શ્રીકાંત શિંદે આમ તો બધી જ સર્વપક્ષી બેઠકમાં હાજરી આપતા હોય છે, પરંતુ શ્રીકાંત શિંદેની જગ્યાએ નરેશ મ્હસ્કે આ બેઠકમાં હાજર રહ્યા હતા. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે મહારાષ્ટ્રમાં મહાયુતિમાં આંતરિક તણાવ આ બધા પાછળનું કારણ છે.

રાજ્યમાં મંગળવારે નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. આ ચૂંટણીઓના પરિણામો ત્રીજી ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. મહાયુતિમાં ત્રણેય પક્ષો દ્વારા જોરદાર પ્રચાર ચાલી રહ્યો છે. મહાયુતિમાં ત્રણેય પક્ષો પોતાના દમ પર નગરપાલિકા અને નગર પંચાયતની ચૂંટણી લડી રહ્યા છે. આને કારણે, સ્થાનિક સ્તરે ત્રણેય પક્ષો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. સ્થાનિક સ્તરે, ત્રણેય પક્ષો એકબીજાના કાર્યકરો અને પદાધિકારીઓ સામે લડી રહ્યા છે. ઉપરાંત, રાજ્યમાં કોનું વર્ચસ્વ છે, રાજ્યના તિજોરી પર કોનું વર્ચસ્વ છે તે અંગે ત્રણેય પક્ષોના નેતાઓ વચ્ચે મૌખિક વિવાદ ચાલી રહ્યો છે. આને કારણે, ત્રણેય પક્ષો - શિવસેના, એનસીપી અને ભાજપ - એકબીજાની વિરુદ્ધ ઉભા છે.

### નિયમોના ઉલ્લંઘન પર ચૂંટણી પંચની આકરી કાર્યવાહી

# પ્રચાર સમાપ્ત થવાના થોડા કલાકો પહેલા અનેક નગર પરિષદોની ચૂંટણીઓ મુલતવી

મુંબઈ: રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટેના 'સુપર સન્ડે'ના દિવસે મોટા એન્ટી-ક્લાઈમેક્સ વળાંક આવ્યો હતો અને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને ચિહ્ન વિતરણ કરીને કરનારી નગર પરિષદો અને નગર પંચાયતોની જાહેર કરવામાં આવેલી ચૂંટણીઓ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પગલાંને સુપ્રીમ કોર્ટના ગયા શુક્રવારે આપવામાં આવેલા ચુકાદાની અસર તરીકે જોવામાં આવી રહ્યું છે. સોમવારે રાત્રે પ્રચાર બંધ થશે તે પહેલાં ચૂંટણી પંચે મોટો નિર્ણય લઈને રાજ્યમાં કેટલીક જગ્યાની ચૂંટણીઓ ૨૦ ડિસેમ્બર પર મોકૂફ રાખી છે અને મંગળવારે થનારું મતદાન આ સ્થળો માટે રદ કરવામાં આવ્યું છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે રાજ્યની ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતો માટેનો કાર્યક્રમ ચોથી નવેમ્બર, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, ઉમેદવારી પત્રોની ચકાસણી પછી દાખલ કરાયેલી અપીલના પરિણામો બાવીસ નવેમ્બર પછી અમલમાં આવ્યા. આ કારણે, રિટર્નિંગ ઓફિસરે નિયમો મુજબ ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટે જરૂરી ત્રણ દિવસનો સમયગાળો આપ્યા વિના ઉમેદવારોને સીધા ચૂંટણી ચિહ્નો વિતરણ કર્યું હતું. કમિશને જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણી નિયમો, ૧૯૬૬ની કલમ ૧૭ (૧) (બ) ની જોગવાઈઓ હેઠળ આ કાર્યવાહી ગેરકાયદે હતી.

**કયા જિલ્લામાં કઈ નગર પરિષદની ચૂંટણીઓ મુલતવી?**

બારામતી, ફલટણ, મહાબળેશ્વર, દિગ્રસ, પાંઢરકવડા, વણી, મંગલવેઢા, કોપરગાંવ, દેવલાલી, નેવાસા, પાથરડી, ઘુગ્ગસ, અંજનગાંવ સુરજી, રેણાપુર, અંબરનાથ, મુખેડ, ધર્માબાદ, વાશિમ, રિસોડ, બાલાપુર.

# જ્યાં બોમ્બે હશે ત્યાં મુંબઈ કરાશે, સ્કૂલમાં પણ...: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: ચારકોપ વિધાનસભા મતવિસ્તારની મુલાકાત દરમિયાન શનિવારે શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ 'બોમ્બે' નામ પર ટિપ્પણી કરતી વખતે એક મોટી જાહેરાત કરી હતી.

તેમની મુલાકાત દરમિયાન પૂછવામાં આવ્યું હતું કે શું મુંબઈનો મેયર મરાઠી હશે? તેમણે કહ્યું કે મુંબઈનો મેયર હિન્દુ હશે. તો, શું આજ સુધી ચૂંટાયેલા બધા મરાઠી મેયર હિન્દુ નહોતા? અમે સાચા મરાઠી-પ્રેમી હિન્દુ છીએ. આ લોકો ધીમે ધીમે મુંબઈના મરાઠી લોકોને મારી રહ્યા છે. અમે હિન્દુ છીએ, પરંતુ અમે મહારાષ્ટ્રને તેનો ભોગ બનવા દઈશું નહીં.

આ દરમિયાન ઉદ્ધવ ઠાકરેએ જાહેરાત કરી હતી છે કે જ્યાં પણ બોમ્બે હશે ત્યાં અમે મુંબઈ કરીશું. જો કોઈ શાળાનું નામ બદલવું પડે તો તેને પણ બદલીશું, કારણ કે વડા પ્રધાન કોઈ નવી શિક્ષણ પ્રણાલી વિશે વાત કરી રહ્યા છે, તેમણે આપણને ગુલામીની માનસિકતામાં ધકેલી દીધા, એવી ટીકા કરતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે આપણે આની સામે લડવું પડશે.

# શેરદલાલનું અપહરણ કરીને ૧૦ લાખની ખંડણી માગી: પાંચ પકડાયા

મુંબઈ: મીરા રોડમાં રહેતા શેરદલાલનું બાંદ્રા વિસ્તારમાંથી અપહરણ કર્યા બાદ તેની મારપીટ કરવા અને ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગવાના આરોપસર ખાર પોલીસે પાંચ જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ વિજુ મણિકમ સ્વામી ઉર્ફે તમ્મી અન્ના, તેની બહેન જયા, તેનો પતિ સુહાસ બાગવે, પુત્ર પ્રિયાંશુ અને ડ્રાઇવર પ્રશાંત જાધવ તરીકે થઇ હતી.

ફરિયાદી શેરદલાલનું ગુરુવારે રાતે બાંદ્રા પશ્ચિમમાં પાલી નાકા ખાતે બારમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. આરોપીઓ તેને કારમાં લઇ ગયા હતા અને વિલે પાર્લેના એક ઘરમાં તેને ગોંધી રાખીને તેની મારપીટ કરાઇ હતી. તલવાર દાખવીને તેને જાનથી મારી નાખવાની ધમકી અપાઇ હતી અને બાદમાં તેની પત્ની પાસે ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી.

ફરિયાદીની પત્નીએ આની જાણ પોલીસને કરી હતી અને જુહુ પોલીસે બાદમાં ફરિયાદીનો છુટકારો કરાવ્યો હતો. આ ઘટના ખાર પોલીસ સ્ટેશનની હદમાં બની હોવાથી ત્યાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી તમ્મી અન્ના ત્રણ વર્ષ અગાઉ ફરિયાદી સાથે કામ કરતો હતો. આરોપીએ ફરિયાદીને પત્નીને ખંડણીની રકમ ઇર્લાની માર્કેટ નજીક લઇને આવવાનું કહ્યું હતું. જોકે બાદમાં તેને અંધેરીમાં બોલાવવામાં આવી હતી. આરોપીએ બાદમાં ફરી સ્થાન બદલીને તેને શોપર્સ સ્ટોપ પાસે બોલાવી હતી. બાદમાં તેને એક વ્યક્તિ એ જગ્યાએ લઇ ગઇ હતી, જ્યાં તેના પતિને રાખવામાં આવ્યો હતો. આર્થિક વિવાદને લઇ ફરિયાદીનું અપહરણ કરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું.

# ક્રિસમસ, નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખી એફડીએ સક્રીય

### બેકરીઓ, કેક શોપ્સ પર વિશેષ નજર

મુંબઈ: નાતાલ અને નવા વર્ષના આગમનની ઉજવણીને ધ્યાનમાં રાખી ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા બેકરીઓ, કેક શોપ્સ અને દુકાનોની તપાસ માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાનમાં હોટલો, કેક શોપ્સ, ફાસ્ટ ફૂડ જોઈન્ટ્સ અને ખાણીપીણીની દુકાનોમાં ખાદ્યપદાર્થોની તપાસ કરવામાં આવશે. બાર અને રેસ્ટોરાંમાં પણ ખાદ્યપદાર્થોની તપાસ માટે ૩૧ ડિસેમ્બર સુધી દરોડા પાડવામાં આવશે અને આ માટે ખાસ નિરીક્ષણ ટીમોની રચના કરવામાં આવી છે.

નાતાલ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન ખાણીપીણીની વધતી માગને ધ્યાનમાં રાખીને, બેકરી, હોટલ અને ફાસ્ટ ફૂડ જોઈન્ટ્સના સંચાલકો દ્વારા ખોરાકમાં ભેળસેળ થવાની સંભાવના વધારે હોય છે, જેના કારણે નાગરિકોને નબળી ગુણવત્તાનો ખોરાક મળવાની શક્યતા છે. આને ધ્યાનમાં રાખીને એફડીએ આ ખાદ્ય વિક્રેતાઓ પાસે લાઇસન્સ, કારીગરોના તબીબી તપાસ રિપોર્ટ, ખોરાક તૈયાર કરવા માટે વપરાતા પાણીનો ગુણવત્તા રિપોર્ટ, ખાદ્ય વસ્તુઓનું રિસાયક્લિંગ, ખોરાકની ગુણવત્તા, પેકેજિંગ વગેરે છે કે કેમ તેનું નિરીક્ષણ કરશે. આ ઉપરાંત, એફડીએ અધિકારીઓ વિવિધ વાનગીઓ બનાવવા માટે ઉપયોગમાં લેવાતી પનીર, બટર, ચિકન, મટન વગેરે જેવી વસ્તુઓની ગુણવત્તા તપાસશે. દરમિયાન એફડીએની ટીમ ૩૧ ડિસેમ્બર સુધી વિવિધ સંસ્થાઓ પર અચાનક દરોડા પણ પાડશે, એમ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને માહિતી આપી હતી.

# પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ વિદ્યાર્થીઓનું વલણ 'જનરલ મેડિસિન' તરફ, રેડિયોલોજી બીજા સ્થાને

મુંબઈ: દેશમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં આ વર્ષે વિદ્યાર્થીઓનો ઝુકાવ કઈ શાખાઓ તરફ છે તેનું ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયું છે, જેમાં એમડી જનરલ મેડિસિન સૌથી વધુ લોકપ્રિય શાખા બની છે. ટોપર વિદ્યાર્થીઓથી લઈને ઉચ્ચ ગુણધારકો સુધી આ શાખાની પસંદગી કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી પ્રતિષ્ઠા મેળવેલી રેડિયોલોજીએ આ વર્ષે પણ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે, તેમ છતાં તે આ વર્ષે બીજા ક્રમે સરકી ગઈ હોય તેવું લાગે છે. તેની સરખામણીમાં સર્જરીને પ્રાધાન્ય ન હોવાને કારણે નિષ્ણાતો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ટોપ ૧૦ માંથી ૯ વિદ્યાર્થીઓએ તેમજ સોમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓએ, જનરલ મેડિસિનનો વિકલ્પ પસંદ કરતાં, આ શાખા ફરી એકવાર પ્રથમ ક્રમે પહોંચી છે. બીજી તરફ, છેલ્લા દાયકાથી 'હોટ ફેવરિટ' ગણાતી એમડી રેડિયોડાયગ્નોસિસ આ વર્ષે પણ વિદ્યાર્થીઓની ફેવરિટ શાખા છે. ટેલિ-રેડિયોલોજી અને એઆઇ-આધારિત ડાયગ્નોસ્ટિક ટેક્નોલોજી આ ક્ષેત્રમાં તકો વધારી રહી છે, જે સીધી રીતે વિદ્યાર્થીઓની પસંદગીમાં પ્રતિબિંબિત થાય છે.

આંકડા અનુસાર પ્રથમ ૧,૫૦૦ ઉમેદવારોમાંથી ૬૩૨ ઉમેદવારોએ જનરલ મેડિસિન અને ૪૪૭ ઉમેદવારોએ રેડિયોલોજી માટે પસંદગી કરી હતી. તેની તુલનામાં ફક્ત ૬ ટકા વિદ્યાર્થીઓએ એમએસ જનરલ સર્જરીનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ વલણ લાંબી ટ્રેનિંગ, તણાવ અને વધતા તબીબી વિવાદોની ચિંતાને કારણે જોવા મળી રહ્યું છે, તેમ નિષ્ણાતો કહેવું છે. જો આ વલણ ચાલુ રહેશે, તો આગામી કેટલાક વર્ષોમાં સર્જરી, ન્યુરોસર્જરી, યુરોલોજી અને બાળરોગ સર્જરી જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં નિષ્ણાત ડોક્ટરોની અછત સર્જાઈ શકે છે, એવું નિષ્ણાતોનું માનવું છે.

# પુણેની ફાઇવસ્ટાર હૉટેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

પુણે: પુણેમાં કોરેગાંવ પાર્ક ખાતે આવેલી ફાઇવસ્ટાર હૉટેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ગભરાટ ફેલાયો હતો. પોલીસ અને બોમ્બ સ્કવોડે ઘટનાસ્થળે પહોંચીને હૉટેલમાં તપાસ આદરી હતી, પણ કોઇ વાંધાજનક વસ્તુ મળી ન આવતાં બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કોરેગાંવ પાર્ક વિસ્તારમાંની ફાઇવસ્ટાર હૉટેલના લેન્ડલાઇન નંબર પર શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. કૉલ કરનાર વ્યક્તિએ હૉટેલમાં બોમ્બ પ્લાન્ટ કર્યો હોવાની ધમકી આપીને હૉટેલ ખાલી કરાવવાનું કહ્યું હતું.

દરમિયાન હૉટેલ મેનેજમેન્ટે આ અંગે પોલીસને જાણ કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ ડોગ સ્કવોડ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) સાથે તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને હૉટેલના ખૂણેખાંચરે તપાસ આદરી હતી. જોક પોલીસને કોઇ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી.

હૉટેલના સિક્યુરિટી મેનેજરે આ પ્રકરણે કોરેગાંવ પાર્ક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે બાદમાં શકમંદને પકડી પાડ્યો હતો.


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાયડ્રોલિક એન્જિનિયરનો ડિપોર્ટમેન્ટ)

નં. DyHE/PPC/૫૩૭૭/પાંજરાપુર ૨૭.૧૧.૨૦૨૫ના

ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ સમાપ્તિ તારીખ & સમય ટેન્ડર સેક્સન હેઠળ M.C.G.M.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં જણાવેલ છે.

| અ. ક્ર. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_ ૧૨૪૯૩૦૩_૧ | સ્ટેજ-II ફિલ્ટર પ્લાન્ટ પાંજરાપુર ખાતે સેટલ વોટર ઈનલેટ માટે જોગવાઈ કરેલ ફલો ગાર્ડનો સપ્લાય & ઈન્સ્ટોલેશન. |
| ૨ | ૨૦૨૫_MCGM_ ૧૨૫૨૪૫૦_૧ | સ્ટેજ- I & II ફિલ્ટર પ્લાન્ટ, પાંજરાપુર ખાતે વિવિધ પાઈપલાઈનોનું પેઈન્ટિંગ. |
| ૩ | ૨૦૨૫_MCGM_ ૧૨૫૨૬૭૨_૧ | સ્ટેજ- I પંમ્પિંગ સ્ટેશન, પાંજરાપુર ખાતે D.C.D.B. સાથે ૪૮V DC બેટરી ચાર્જની રિપ્લેસમેન્ટ. |
| ૪ | ૨૦૨૫_MCGM_ ૧૨૫૨૬૭૯_૧ | સ્ટેજ- III પંમ્પિંગ સ્ટેશન, પાંજરાપુર ખાતે ૪૧૫V પેનલની રિપ્લેસમેન્ટ. |
| ૫ | ૨૦૨૫_MCGM_ ૧૨૫૨૩૨૦_૧ | સ્ટેજ- III સેટલિંગ પ્લાન્ટ, પાંજરાપુર ખાતે સ્ક્રેપરનું સલગ્ન કામો અને સ્નેડર મેક VFDની રિપ્લેસમેન્ટ. |

ઈચ્છુક ટેન્ડરરો ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લે.

સહી/-
એક્ઝિક્યુટિવ એન્જિનિયર
(M & E) પાંજરાપુર

PRO/2434/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# મતદાર યાદીના ડ્રાફ્ટ સામે અત્યાર સુધી માત્ર ૩,૫૬૭ વાંધા અને સૂચનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે જાહેર કરવામાં આવેલી મતદાર યાદીના ડ્રાફ્ટ સામે અત્યાર સુધી સમગ્ર મુંબઈમાંથી માંડ ૩,૫૬૭ લોકોએ વાંધા અને સૂચનો જાહેર કર્યા છે. તો બહાર પડેલા ડ્રાફ્ટમાં ડબલ નામ તપાસવાની જવાબદારી મુંબઈ મહાનગરપાલિકાના કામગારોને માથે સોંપવામાં આવતા તેઓમાં નારાજગી વ્યાપી ગઈ છે.

આગામી પાલિકાની ચૂંટણી માટે હાલ મતદાર યાદીનો ડ્રાફ્ટ બહાર પાડવામાં આવ્યો છે. મુંબઈગરા તેમા પોતાના નામ છે કે નહીં તે તપાસી શકે છે. જોકે આ યાદીમાં અનેક લોકોના નામ ગાયબ થઈ ગયા છે, તો અનેક નામ સરનામા જેવી માહિતીઓમાં ભૂલ છે. તેથી મતદારોને યાદી સામે વાંધા અને સૂચનો દાખલ કરવાની અપીલ ચૂંટણી પંચ સહિત પાલિકા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે, જેમાં શનિવાર, ૨૯ નવેમ્બર, ૨૦૨૫ના એક દિવસમાં માત્ર ૩૭૩ વાંધા અને સૂચનો આવ્યા હતા. તો ૨૯ નવેમ્બર સુધીમાં કુલ ૩,૫૬૭ લોકોએ જ વાંધા અને સૂચનો આપ્યા છે,

આ દરમ્યાન મતદારી યાદીના ડ્રાફ્ટમાં રહેલા ડબલ નામ તપાસવાની જવાબદારી પાલિકાના સફાઈ વિભાગ, પાણી વિભાગ, રોડ વિભાગ, આરોગ્ય સેવા, શિક્ષણ વિભાગના કામગારોને માથે નાખવામાં આવી છે.

મતદાર યાદીમાં રહેલા ડબલ નામ તપાસવાની જવાબદારી મતદાન કેન્દ્ર સ્તર પરના અધિકારી-કર્મચારીઓનું છે, તેમાં પાલિકાના પ્રશાસકીય કર્મચારી, એન્જિનિયર વગેરેનો સમાવેશ થાય છે. ત્યારે તેમાં ડી વર્ગના કર્મચારીઓનું શિક્ષણ ઓછું હોય તેમને મતદાર યાદી લઈને ઘર-ઘરમાં ફરીને તપાસ કરવાનું અત્યંત મહત્ત્વનું કામ સોંપવા સામે યુનિયને નારાજગી વ્યક્ત કરી છે.

### એસઆરએ પ્રોજેક્ટોમાં વિધાનસભ્યોના અવરોધો

# હાઇ કોર્ટે ગુસ્સે થતા મુખ્ય અધિકારીઓને જવાબદાર ઠેરવવાનું કહ્યું

મુંબઈ: સ્થાનિક લોકપ્રતિનિધિઓએ ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના (એસઆરએ) ઓમાં અવરોધો ન લાવવા જોઈએ, એમ વારંવાર હાઈ કોર્ટે સૂચના આપી હોવા છતાં કોઈ ફરક ન પડતાં, આખરે કોર્ટે એવી ધમકી આપવી પડી હતી કે હવે ધારાસભ્યોની વાત સાંભળીને સ્થગિત કરનારા મુખ્ય કાર્યકારી અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવશે.

કાંદિવલી પશ્ચિમમાં આવેલી એક એસઆરએ સહકારી ગૃહનિર્માણ સંસ્થામાં કુલ ૨૮૫ ઝૂંપડપટ્ટીવાસીઓ છે. તેમાંથી ૧૨૦ ઝૂંપડપટ્ટીવાસીઓને જૂન ૨૦૧૩માં પાત્ર ઠેરવવામાં આવ્યા હતા. બાકીના ૧૬૫ ઝૂંપડપટ્ટીવાસીઓને પાત્ર કરવા માટે ફેબ્રુઆરી ૨૦૨૪માં અરજી કરવામાં આવી હતી.

આ પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અચાનક ઓગસ્ટ ૨૦૨૪માં તેને બંધ કરી દેવામાં આવી હતી. સંબંધિત સહકારી સોસાયટીએ હાઇ કોર્ટમાં અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે સ્થાનિક વિધાનસભ્યના કહેવાથી આ પ્રક્રિયા બંધ કરવામાં આવી છે. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ આરતી સાઠેએ આ અરજીની નોંધ લીધી અને સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટીને પહેલી ડિસેમ્બર સુધીમાં સોગંદનામું રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

સ્થાનિક ધારાસભ્યના કહેવાથી પ્રક્રિયા અટકાવવામાં આવી હોવાના અરજીમાં કેટલાક તથ્યો હોવાનો ઇનકાર કરી શકાય નહીં. કોર્ટે આદેશ આપ્યો છે કે પ્રક્રિયા રોકવાનું કારણ અને તેને અટકાવનાર અધિકારીનું નામ સોગંદનામામાં જણાવવામાં આવે. જો સોગંદનામામાં સંબંધિત અધિકારીનું નામ ન હોય, તો અમે માની લઈશું કે જવાબદારી મુખ્ય કાર્યકારી અધિકારીની છે, એમ કોર્ટે કહ્યુ હતુ. હવે આ મામલાની સુનાવણી ૪ ડિસેમ્બરે થશે.

હવે, ફરી એકવાર એ સ્પષ્ટ થઈ ગયું છે કે ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાઓ સ્થગિત કરવામાં આવી રહી છે અથવા ધારાસભ્યોના ઈશારે અન્ય કાર્યવાહી કરવામાં આવી રહી છે. કોર્ટે ફરીથી આ બાબતની નોંધ લીધી છે અને સત્તાવાળાઓને સોગંદનામું રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)

નં. A.E./SWM/૧૩૮૨૧/M/W તા. ૨૮.૧૧.૨૦૨૫

હિતની અભિવ્યક્તિ

જાહેરાત

વિષય: M/પશ્ચિમ વોર્ડમાં સફાઈ કામ માટે સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન હેઠળ માનવબળના સપ્લાય માટે અરજીઓ મંગાવવા અંગે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ M/પશ્ચિમ વોર્ડના વિભાગ હેઠળ સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન હેઠળ સંસ્થા/બોર્ડ લોકભાગીદારી દ્વારા લોકોને સંગઠિત કરવાની અને વસ્તી સુધારણાની પ્રવૃત્તિઓ હાથ ધરવાની તેમજ લોટરી સિસ્ટમ દ્વારા ગોલ્ડન જ્યુબિલી શહેર રોજગાર યોજના હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધણી કરીને સ્થાપિત જૂથોને પસંદ કરીને અને બચત કરીને આ યોજનામાં કામ કરવાની ક્ષમતા ધરાવતા સફાઈની કામગીરી માટે અરજીઓ મંગાવવવામાં આવે છે.

| ક્ર.નં. | યોજનાનું નામ | કામ માટે પસંદ કરવાની સંસ્થા | અરજી ફી (રૂ.) |
|---|---|---|---|
| ૧ | સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (SMPA) | ૩૮ | ૧૪૫૨+૧૮% GST= રૂ. ૧૭૧૪/- |

અરજીની નકલ M પશ્ચિમ વોર્ડ ઓફિસની આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) વિભાગ પાસેથી તા. ૦૧.૧૨.૨૦૨૫થી ૧૦.૧૨.૨૦૨૫ સુધી સ. ૧૦.૩૦ ક. થી બ. ૧.૦૦ ક. વચ્ચે નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા આ નામથી રોકડમાં અથવા રાષ્ટ્રીયકૃત બેંકના ડી.ડી. સ્વરૂપમાં રૂ. ૧૪૫૨/- + ૧૮% GST - કુલ રૂ. ૧૭૧૪/- (રિફંડપાત્ર નથી) ખાતે જમા કરાવ્યા પછી મેળવી શકાય છે. અરજી સુપ્રત કરતી વખતે કૃપા કરીને ખાતરી કરો કે તમામ પાત્રતા શરતો પૂર્ણ ભરેલી છે. જો તે કરવામાં નિષ્ફળ જશે તો અરજી નામંજૂર કરવામાં આવશે જેની નોંધ લેવી.

કોઈપણ સંસ્થાએ બહુવિધ અરજીઓ સુપ્રત કરી હોવા છતાં, લોટરી સિસ્ટમના ધોરણે એક સંસ્થા એક કામના સિદ્ધાંત પર કામ ફાળવવામાં આવશે.

યોગ્ય સંસ્થાઓની યાદી અને કામની લોટરીની તારીખ SWM M/W ઓફિસ દ્વારા યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.

રસ ધરાવતી સંસ્થાઓએ વધુ વિગતો, અરજી ફોર્મ અને એફિડેવિટના નમૂના માટે M/પશ્ચિમ વોર્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઓફિસમાં સંપર્ક કરવો. M/પશ્ચિમ વોર્ડ ઓફિસમાં સંસ્થા માટે અરજી કરવાની છેલ્લી તારીખ તા. ૧૦.૧૨.૨૦૨૫ના સા. ૫.૦૦ ક. સુધી છે.

નિર્ધારિત સમયમર્યાદા પછી સુપ્રત કરાયેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/- ૨૮.૧૧.૨૦૨૫
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) M/W

PRO/2438/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# નાશિકમાં દંપતી, તેમના બે સંતાનના મૃતદેહ ઘરમાંથી મળ્યા

નાશિક: નાશિક જિલ્લાના દેવલા તાલુકામાં દંપતી અને તેમના બે સંતાનના મૃતદેહ ઘરમાંથી મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. મૃતદેહોના હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોઇ પત્ની અને સંતાનોની હત્યા કર્યા બાદ પતિએ આત્મહત્યા કરી હોવાનું પોલીસને લાગી રહ્યું છે. મૃતકોની ઓળખ હોમગાર્ડ ગોવિંદ બાળુ શેવાળે (૪૦), તેની પત્ની કોમલ શેવાળે (૩૫), પુત્રી ખુશી શેવાળે (૮) અને બે વર્ષના પુત્ર શ્યામ તરીકે થઇ હતી.

નાશિકના દેવલા તાલુકામાં ફૂલેમાળવાડી ગામમાં ઘરમાંથી રવિવારે સવારે ચારેય જણના મૃતદેહ મળ્યા હતા, જેમને બાદમાં હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ગોવિંદ શેવાળેએ સવારે ૬.૫૦ વાગ્યે ફેમિલી ફોટો પોસ્ટ કરીને નીચે કેપ્શનમાં 'શ્રદ્ધાંજલિ' લખ્યું હતું. ધુળે જિલ્લાના સકરી ગામમાં રહેતા ગોવિંદના ભાઇએ એ મેસેજ જોયા બાદ ગોવિંદનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ગોવિંદનો સંપર્ક ન થતાં તેણે દેવલા તાલુકામાં રહેનારા સંબંધીને તપાસ કરવા માટે મોકલ્યો હતો.

# થાણેમાં તળાવમાં ઝંપલાવીને યુવકે કરી આત્મહત્યા

થાણે: થાણે જિલ્લામાં ૩૦ વર્ષના યુવાને તળાવમાં ઝંપલાવીને આત્મહત્યા કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. કલ્યાણના ચિરાગનગરમાં રહેતા પ્રદીપ કિસન ભોઇરનો મૃતદેહ બાદમાં તળાવમાં બહાર કાઢવામાં આવ્યો હતો. શનિવારે મોડી રાતે સોશિયલ મીડિયા પર ભોઇરનો મેસેજ વાંચ્યા બાદ તેના ભાઇને આત્મહત્યા વિશે જાણ કરવામાં આવી હતી. ભોઇરનું લાસ્ટ લોકેશન શોધવા માટે તેના ભાઇએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

ભોઇરનો મોબાઇલ નંબર કાલા તળાવ વિસ્તારમાં ટ્રેસ થયો હતો અને બાદમાં તળાવનો ભોઇરનો મૃતદેહ મળી આવ્યો હતો. ભોઇરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાયા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

૩૪મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા

દેહવિલય: તા. ૧-૧૨-૧૯૯૧

આપની ચિર વિદાયને ૩૪ વર્ષ પૂરાં થયા, અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમ પૂજ્ય માતુશ્રીને અમો નતઃમસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ. અમારી સુખ દુ:ખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે અને પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના....

ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર

શશીકાંત-સ્વ. ચંદ્રિકા, દિનેશ-જ્યોતિ, પ્રદીપ-બીના, જીતેન્દ્ર-સ્વ. સોનલ-નિલીમા, મનોજ-ભારતી, અશ્વિન-ચેતના, મંજુલાબેન-દિપકકુમાર

જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર

૨૪૩/૬, વર્ધમાન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.


# ‘મેરી ડીલ કા ક્યા હુઆ, ડીલર પાકિસ્તાન મે હૈ’

## કલ્પના ભાગવતના અફઘાનિસ્તાનના મિત્ર સહિત બે જણ દિલ્હીથી પકડાયા, મોબાઈલમાં વ્હૉટ્સઍપ ચેટ્સ મળી

છત્રપતિ સંભાજીનગરઃ આઇએએસ અધિકારીના સ્વાંગમાં અહીંની ફાઇવસ્ટાર હોટેલમાં છ મહિના મુકામ કરવા બદલ મહિલા કલ્પના ભાગવતની ધરપકડ કરાયા બાદ હવે સ્પેશિયલ સ્કવૉડે તેના અફઘાનિસ્તાનના મિત્ર સહિત બે જણને દિલ્હીથી ઝડપી પાડ્યા હતા, જેમની ઓળખ મોહંમદ અશરફ ખિલ અને ડિંપી હરજઇ ઉર્ફે અભિષેક ચૌધરી તરીકે થઇ હતી. કલ્પનાના મોબાઇલમાંથી અફઘાન એમ્બેસી અને પાકિસ્તાનના અમુક નંબર મળી આવ્યા હતા. ઉપરાંત ‘મેરી ડીલ કા ક્યા હુઆ, ડીલર પાકિસ્તાન મે હૈ, મૈં અફઘાન મેં હું’ એવા લખાણવાળી વ્હૉટ્સઍપ ચેટ્સ પણ મળી હોવાનો પોલીસે દાવો કર્યો હતો.

કલ્પના ભાગવતની કથિત સિન્ડિકેટના મુખ્ય સભ્યોને શોધવા માટે પોલીસની ચાર વિશેષ ટીમને દિલ્હી, નોઇડા, હરિયામા તેમ જ રાજસ્થાનમાં મોકલવામાં આવી હતી અને પોલીસ ટીમે કાર્યવાહી કરીને દિલ્હીથી બંનેને ઝડપી પાડ્યા હતા. બંને જણના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને તેમને છત્રપતિ સંભાજીનગરમાં લાવવામાં આવ્યા હતા. બંનેને બાદમાં સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેમને ૮ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

કલ્પના ભાગવતની ૨૨ નવેમ્બરે પંચતારક હોટેલમાંથી બોગસ દસ્તાવેજો સાથે ધરપકડ કરવામાં આવ્યા બાદ મહંમદ ખિલ અને ચૌધરીએ પોતાના મોબાઇલ બંધ કરી દીધા હતા. ભાગવતના મિત્ર મોહંમદ ખિલે વિદેશી નંબરોનું જાળું નિર્માણ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી (જુઓ પાનું ૪)

# મુંબઈમાં ફરી ઠંડીનો ચમકારો

# પારો ૧૫.૭ ડિગ્રી

## ૧૩ વર્ષમાં નોંધાયેલું સૌથી નીચું તાપમાન

## રાજ્યમાં સોલાપુરના જેઉરમાં આઠ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ રવિવારે વહેલી સવારે ફરી એક વખત ઠંડીનો અનુભવ કર્યો હતો. ૧૫.૭ ડિગ્રી તાપમાન સાથે રવિવાર ચાલુ મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. તાપમાનમાં એક જ દિવસમાં છ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. છેલ્લા ૧૩ વર્ષમાં પહેલી વખત નવેમ્બરમાં તાપમાનનો પારો ૧૬ ડિગ્રીની નીચે નોંધાયો હતો. આ અગાઉ ૧૯ નવેમ્બર, ૨૦૧૨ના ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં પણ સૌથી નીચું તાપમાન સોલાપુર જિલ્લાના જેઉરમાં આઠ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈમાં ગયા આખા (જુઓ પાનું ૪)

### રાજ્યમાં હળવા વરસાદની આગાહી

દિટવાહ વાવાઝોડાની અસર મહારાષ્ટ્રને પણ વર્તાવાની શક્યતા છે. કેરળ, તમિળનાડુ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, પુદુચેરી અને આંદામાન-નિકોબાર બેટ પર અતિવૃષ્ટિની શક્યતા છે ત્યારે મહારાષ્ટ્રમાં વાદળિયું વાતાવરણ વચ્ચે વિદર્ભના અમુક જિલ્લામાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શક્યતા છે.

### ફરી તાપમાનમાં વધારો થશે

રવિવારનો દિવસ મોસમનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. જોકે આગામી દિવસોમાં તાપમાનમાં ફરી વધારો થવાની શક્યતા છે. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નિર્માણ થવાની શક્યતા છે, તેને કારણે ૧૦થી ૧૧ ડિસેમ્બરની આસપાસ મુંબઈના તાપમાનમાં ફરી ઘટાડો થવાની શક્યતા છે. આગામી ૪૮ કલાકમાં ૧૫ ડિગ્રી સુધી તાપમાન જવાની શક્યતા છે. ■

# થાણેમાં પાણી બિલ નહીં ભરનારા ડિફોલ્ટરો માટે અભય યોજના

## એકી સાથે બિલ ભરનારાઓને દંડ અને વ્યાજમાં ૧૦૦ ટકા રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં ઘરમાં વાપરવામાં આવતા પાણીના બાકી રહેલા બિલ સહિત ચાલુ વર્ષના બિલ એકી સાથે ભરનારા નાગરિકોને દંડ અને વ્યાજમાં ૧૦૦ ટકાની માફી આપવાની જાહેરાત થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે કરી છે.

થાણે પાલિકામાં પાણીનું જોડાણ ધરાવતા અનેક નાગરિકોએ લાંબા સમયથી પાણીના બિલ ભર્યા ન હોવાનું જણાઈ આવ્યું છે. તેથી બાકી રહેલા પાણીના બિલ પર ૧૦૦ ટકાની છૂટ આપીને નાગરિકોને આર્થિક રાહત આપવાની આ યોજનાનો લાભ લેવાની અપીલ પણ પાલિકા કમિશનરે કરી છે.

થાણે મહાનગરપાલિકાએ પાણીના બાકી રહેલા બિલ વસૂલ કરવા માટેની ઝુંબેશ હાથ ધરી છે. જે નાગરિકો પાણીના બિલ ભર્યા નથી એવા ડિફોલ્ટરોના નળના જોડાણ ખંડિત કરવાની, મીટર રૂમ સીલ કરવા અને પમ્પ જપ્ત કરવા જેવી કાર્યવાહી કરવામાં આવવાની છે. તેથી તાત્કાલિક ધોરણે નાગરિકોએ આ બિલ ભરી નાખવાના રહેશે. પાલિકાની યોજના પહેલી ડિસેમ્બર, ૨૦૨૫થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીના સમયગાળા માટે રહેશે. આ યોજનાનો લાભ લઈને બાકી રહેલા બિલ અને ચાલુ બિલની રકમ એકી સાથે ભરીનો એડમિનિસ્ટ્રેશન ફી સહિત દંડ અને વ્યાજમાં ૧૦૦ ટકા છૂટ મળવાની છે. ■

અમલદારશાહીમાં ખોવાઈ બાયોપિક

# જ્યોતિબા ફૂલેના જીવન પરની ફાઈલો મંત્રાલયમાંથી ગુમ, એફઆઈઆર નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમલદારશાહીમાં કેવી રીતે સારામાં સારા પ્રોજેક્ટ અટકી પડે છે તેનો ઉત્તમ દાખલો જાણીતા સમાજ સુધારક મહાત્મા જ્યોતિબા ફૂલેના જીવન પર આધારિત ફિલ્મના નિર્માણના નિર્ણય પરથી જોઈ શકાય છે. બે દાયકા પહેલાં તેમના જીવન પર આધારિત ફિલ્મ બનાવવાનો વિચાર મહારાષ્ટ્ર સરકારે લીધો અને હવે આ પ્રોજેક્ટમાં અત્યંત નાટકીય વળાંક આવ્યો છે. આ બાયોપિકને લગતી મુખ્ય ફાઈલો મંત્રાલયમાંથી ગાયબ થઈ ગઈ છે અને આ બાબતે પોલીસે એફઆઈઆર નોંધ્યો છે અને દસ્તાવેજી રેકોર્ડ સાથે થયેલા સંભવિત ચેડાંની તપાસ શરૂ કરી છે. સૌથી શરમજનક બાબત તો એ છે કે સરકારી ફિલ્મ તો બની નહીં, પરંતુ ખાનગી નિર્માતાઓ દ્વારા એપ્રિલ-૨૦૨૫માં મહાત્મા ફૂલે પર એક ફિલ્મ બની હતી, જેમાં ગુજરાતી કલાકાર પ્રતિક ગાંધી મુખ્ય ભૂમિકામાં હતા.

માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશાલય (ડીજીઆઈપીઆર)એ પોલીસને દસ્તાવેજો ગુમ થવાની જાણ કરી હતી, જેમાં જણાવાયું હતું કે ફૂલેની બાયોપિક સાથે જોડાયેલા કરારના કાગળો, વહીવટી નોંધો અને અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજો ગુમ થઈ ગયા છે. આ દસ્તાવેજોમાં પહેલી જાન્યુઆરી, ૨૦૧૭થી ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીની ફાઇલોનો સમાવેશ થાય છે, જે સમયગાળા દરમિયાન રાજ્યે આને માટે ટેન્ડર બહાર પાડ્યા હતા, સરકારો બદલાઈ હતી અને કોવિડ-૧૯ રોગચાળાની શરૂઆતનો (જુઓ પાનું ૪)

# મુંબઈ-નાશિક વચ્ચે લોકલ દોડાવવાનો માર્ગ મોકળો

## કેન્દ્ર સરકાર તરફથી કસારા-મનમાડ સમાંતર લાઇનને મંજૂરી

મુંબઈઃ કસારા-મનમાડ સમાંતર રેલવે લાઇનને કેન્દ્ર સરકારે મંજૂરી આપી હોવાથી મુંબઈ-નાશિક લોકલ માટેનો માર્ગ મોકળો થયો છે. ૧૩૧ કિમીનો આ પ્રોજેક્ટ મુસાફરીને ઝડપી, સલામત અને વધુ અનુકૂળ બનાવશે અને બંને શહેરો વચ્ચે રેલ સેવામાં નોંધપાત્ર સુધારો થશે.

આ પ્રોજેક્ટનો ખર્ચ અંદાજે ૪,૫૦૦ કરોડ રૂપિયા થશે. આ લાઇન માટે જિલ્લાના પાંચ તાલુકાના ૪૪ ગામોમાં જમીન સંપાદન કરવું જરૂરી છે. હાલમાં મુંબઈથી ભુસાવળ રૂટ મધ્ય રેલવેનો સૌથી વ્યસ્ત રૂટ (જુઓ પાનું ૪)


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”


ભાડે રહેનારાઓની સહાયે સરકાર

# ભાડાનાં મકાનોની મિલકતોની યાદી બનાવવા માટે પોર્ટલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર, મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના માધ્યમથી રાજ્યમાં ભાડાના મકાનો માટે એક સરકારી પોર્ટલ લાવવાની તૈયારીમાં છે. રાજ્ય સરકાર અત્યારે ભાડાના મકાનો (રેન્ટલ હાઉસિંગ) માટેના કાયદા અને નીતિને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે અને આ યોજનાને અમલમાં મૂકવા માટે મ્હાડાને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ પગલાંથી ભાડે રહેનારાઓને મોટી રાહત મળશે.

વધતા શહેરીકરણ, મિલકતના ભાવમાં વધારો અને બદલાતા સામાજિક-આર્થિક ગતિશીલતા (જુઓ પાનું ૪)






# ‘પતિઓ પણ ૧૦૦ રૂપિયા આપતા નથી’

## લાડકી બહેનના ગુણગાન ફરી ગાવાનું શરૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા જયકુમાર ગોરે ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના’નો લાભ લઈ રહેલી મહિલા મતદારોને આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પ્રત્યે વફાદાર રહેવા હાકલ કરતાં એવું વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું કે પતિઓ પણ મહિલાઓને ૧૦૦ રૂપિયા આપતા નથી.

શનિવારે સોલાપુર જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા, રાજ્યના ગ્રામીણ વિકાસ ખાતાના પ્રધાન જયકુમાર ગોરેએ મહિલાઓને એવી સલાહ આપી હતી કે જે પણ પૈસા આપે છે તેમની પાસેથી પૈસા લઈ લેજો, પરંતુ યોજના હેઠળ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવતા ૧,૫૦૦ રૂપિયાનું માસિક સ્ટાઇપેન્ડ યાદ રાખજો અને વફાદાર રહેજો.

‘તમારા પતિઓ તરફથી પણ ૧૦૦ રૂપિયા પણ મળતા નથી. દેવાભાઉ (ફડણવીસ)એ (જુઓ પાનું ૪)






# “રામકથા અનંત છે, અંતહીન છે”

માનસ વંદે માતરમ્ રામકથાના નવમાં અને અંતિમ દિવસે ચિત્રકૂટ ધામ આચાર્ય અત્રે મેદાનનું વાતાવરણ એકદમ કરુણમય બની ગયું હતું. જ્યાં એક તરફ પૂજ્ય મોરારિ બાપુ પોતાની ૯૬૭ મી રામકથાને વિરામ આપી રહ્યા હતા ત્યાં બીજી તરફ રામકથાના મનોરથી પરાગભાઈ શાહ, રામકથાની વ્યવસ્થામાં ખડેપગે નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર સ્વયંસેવકો અને શ્રી રામકથાનું પાવન શ્રવણ કરવા આવેલા શ્રોતાઓની આંખોમાંથી વિદાયની વેળાએ સતત આંસુ વહી રહ્યા હતા.



રામકથાનું શ્રવણ કરવા પધારેલા શકટાપુરમ, કર્ણાટકાના બદરી સમસ્થાનમના શંકરાચાર્ય શ્રી વિદ્યાભિનવ શ્રી શ્રી કૃષ્ણાનંદ તીર્થ મહાસ્વામિગલજી સાથે પૂજ્ય મોરારિબાપુ

### માતૃવંદના અને રામકથાના સુવર્ણ પ્રસંગોની હૃદયસ્પર્શી ઝાંખી

ગઈકાલે માનસ વંદે માતરમ્ રામકથાના નવમા દિવસે પૂજ્ય મોરારિબાપુએ માતૃપંચકની પવિત્ર શૃંખલા આગળ વધારતા આકાશવાણીથી લઈને વેદવાણી, સંતવાણી, ગુરુવાણી અને લોકવાણી સુધીની દરેક વાણીમાં ‘માતા’નું દિવ્ય સ્થાન દર્શાવ્યું હતું. બાપુના શબ્દોમાં આ પાંચેય વાણીઓ માનવજીવનની શરૂઆતથી લઈને સંસ્કાર, સ્નેહ અને સત્કર્મોના મર્મથી જોડતી જીવનદાયી શક્તિઓ સમાન છે. શ્રી રામકથાને આગળ વધારતા, બાપુએ જનકપુરમાં રામ-સીતાની પ્રથમ દિવ્ય મુલાકાતથી લઈને તેમના વિવાહસૂત્રબંધન, ત્યાર બાદનો વનવાસ, સીતાહરણ, હનુમાનજીનો મિલાપ, લંકા દહન, રામ-રાવણ યુદ્ધ અને અંતે અયોધ્યા વાપસીથી લઈને રામરાજ્યના સુવર્ણ યુગ સુધીના પ્રસંગોનું અત્યંત સંક્ષિપ્ત પરંતુ હૃદયસ્પર્શી વાણીમાં વર્ણન કર્યું હતું. શ્રી રામકથાના અંતમાં પૂજ્ય બાપુએ “હર ખુશી હૈ તુમ્હારે લિયે...”ની પંક્તિઓ ગાઈને દરેકને “ખુશ રહો”ના આશીર્વાદ આપ્યા હતા. તે સમયે પૂજ્ય બાપુએ “રામકથા અનંત છે, અંતહીન છે” કહીને “માનસ વંદે માતરમ્” રામકથાને વિરામ આપ્યો હતો.




માનસ વંદે માતરમ્ રામકથાના અંતિમ દિવસે પૂજ્ય બાપુને ભાવવિભોર વંદન કરતા કથાના મનોરથી પરાગભાઈ શાહ



પૂજ્ય બાપુ પાસેથી આશીર્વાદ મેળવતા વત્સલ, મનન અને અહાન

### પૂજ્ય શંકરાચાર્યજીની પવિત્ર હાજરી અને બાપુના શ્રીમુખેથી રામકથા શ્રવણની હૃદયસ્પર્શી અભિલાષા

ગઈકાલે શકટાપુરમ, કર્ણાટકાના બદરી સમસ્થાનમના શંકરાચાર્ય શ્રી વિદ્યાભિનવ શ્રી શ્રી કૃષ્ણાનંદ તીર્થ મહાસ્વામિગલજીએ રામકથામાં પધારી સૌને પવિત્ર આશીર્વચન આપ્યા હતા. તેમણે ત્રીસ વર્ષ પહેલાંની તેમની ગુજરાત યાત્રાના મહુવા અને તલગાજરડાના મધુર સંસ્મરણોને પ્રેમથી યાદ કર્યા હતા. પોતાના પ્રવચનમાં તેમણે પૂજ્ય મોરારિબાપુના શ્રીમુખેથી રામકથાનું શ્રવણ કરવાની હૃદયની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેને બાપુએ સકારાત્મકતાથી સ્વીકારીને આ સંભવિત કથાને સુંદર રીતે નિયતિના હવાલે કરી હતી.



પૂજ્ય શંકરાચાર્યજીને વંદન કરતા કથાના મનોરથી પરાગભાઈ ભાઈ



કથાના અંતિમ દિવસે રામકથાનું એકચિત્તે શ્રવણ કરી રહેલા શ્રોતાજનો

### મનોરથી પરાગભાઈ શાહની કરુણામય ભાવના અને માનવતાનો મહાયજ્ઞ

કથાની શરૂઆત અગાઉ મનોરથી પરાગભાઈ શાહ તેમના પ્રાસંગિક પ્રવચનમાં ભાવવિહ્વળ બની ગયા હતા. ગુરુકૃપા અને ઈશ્વરપ્રતિ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે પ્રભુએ તેમને જરૂર કરતાં અને અપેક્ષા કરતાં વધારે આપ્યું છે અને એ “વધારે” તો બીજાની સેવા માટે જ હોય છે, આપણે તો માત્ર તેમના દૂત છીએ. પોતાને ત્યાં ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કામ કરતા જરૂરિયાતમંદ લોકોને “ઘર” આપવાનો સંકલ્પ કરનાર પરાગભાઈએ આ પ્રસંગે પૂજ્ય મોરારિબાપુના સાન્નિધ્યમાં પોતાની કંપનીમાં દસ વર્ષ કરતાં વધુ સમયથી કામ કરતા પોતાના એક સહયોગી અને એક બોડીગાર્ડને ઘરની ચાવી અર્પણ કરી હતી. જેના દ્વારા તેમણે પરોપકાર અને લોક ઉદ્ધારની પોતાની પવિત્ર ભાવનાને વધુ એક વખત સાકાર રૂપ આપ્યું હતું. પૂજ્ય બાપુએ આ સેવાકાર્યને માનવતાના મહાયજ્ઞમાં એક ઉત્તમ આહુતિ તરીકે બિરદાવ્યું હતું.

### માનસ વંદે માતરમ્ રામકથાના નવમાં દિવસે પૂજ્ય બાપુના શ્રીમુખેથી ઉચ્ચારાયેલા દિવ્ય આશીર્વચનો

* વેદ સાથે સંવેદના પણ હોવી જરૂરી છે
* જીવદયા એ ફક્ત મૂંગા પશુ, પક્ષી કે કીડી, મંકોડા પૂરતી સીમિત ના હોવી જોઈએ, જરૂરતમંદ માનવીને બનતી મદદ કરવી એ પણ એક પ્રકારની જીવદયા છે
* ક્યારેક અતિશય સુખ પણ વિપત્તિઓને નિમંત્રિત કરે છે
* ભક્તિમાર્ગમાં સહુથી મોટી બાધા ઈર્ષ્યા છે
* વ્યક્તિને નહીં વ્યક્તિત્વને જુઓ
* જ્યારે મોકો મળે ત્યારે રામનું સ્મરણ કરો (જે “સત્ય” છે), રામને ગાઓ (જે “પ્રેમ” છે) અને રામકથા સાંભળો (જે “કરુણા” વિના સંભવ નથી)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** “મુંબઈ સમાચાર” પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના “મુંબઈ સમાચાર” પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**